શ્રીગટ્ટુલાલજીકૃત

વેદાન્તચિન્તામણિ

અનુવાદક : બ્રહ્મર્ષિ ડૉ. શ્રી. કે. કા. શાસ્ત્રી

❖ પ્રમુખ, શ્રી શુદ્ધાદ્વૈત સંસદ ❖

તૃતીય આવૃત્તિ ❖ એપ્રિલ, ૨૦૦૪
પ્રકાશન સહયોગ સેવા : રૂ. ૮૦/-
RS. 80/- (પોસ્ટેજ અલગ)
પૃષ્ઠ : ૧૩૮ + ૧૦
પ્રત : ૨૦૦

❖ સંપાદક ❖ પ્રકાશક ❖ પ્રાપ્તિસ્થાન ❖

શ્રી વૈષ્ણવ મિત્ર મંડળ, મુંબઈ.
એ-૧૧, ૧લે માળે, ૩૦૦, શંકરશેઠ બ્લોક્સ,
ભાજીગલીની સામે, જાવજી દાદાજી રોડ,
નાનાચોક, મુંબઈ ૪૦૦ ૦૦૭.
C/O. ડો. મહેન્દ્ર એચ. મહેતા
ફોન : ૦૨૨-૨૨૪૦ ૪૧૯૧/૫૬૩૧ ૭૭૭૫
રેસી : ૦૨૨-૨૩૮૮ ૦૯૪૪/૨૩૮૬ ૪૪૪૦
C/O. શ્રીગોપાલભાઈ સવજીભાઈ પટેલ
D.E., સીવલ એન્જીનીયર
૧૨/૫, બી.આર.નગર,
પટેલ એસ્ટેટ રોડ, જોગેશ્વરી (વે),

વિ. સં.	ઈ. સ.	વલ્લભાબ્દઃ
૨૦૬૦	૨૦૦૪	૫૨૭

આભાર દર્શન

આ પુસ્તક શ્રીલાડુબેટીજી મંદિરના ટ્રસ્ટ તરફથી મળેલી દ્રવ્યસહાયના આધારે છપાયેલું છે. આ માટે શ્રીવૈષ્ણવ મિત્ર મંડળ, મુંબઈના સભ્યો તે ટ્રસ્ટનો અત્યંત આભાર માને છે. ભવિષ્યમાં અન્ય પુસ્તકો છાપવામાં પણ તે ટ્રસ્ટ સહાય કરી રહ્યું છે જે ટૂંક સમયમાં વૈષ્ણવોને ઉપલબ્ધ થશે.

શ્રીવૈષ્ણવ મિત્ર મંડળ, મુંબઈ.



શ્રી ભાગવત પ્રતિ પદ-મણિવર-ભાવાંશું ભૂષિતા મૂર્તિઃ ॥
શ્રી વલ્લભા ભિધાન-સ્તનોતુ, નિજદાસસ્ય સૌભાગ્યમ્ ॥



ભારત માર્તણ્ડ વેદાન્ત ભટ્ટાચાર્ય શીઘ્ર કવિ પંડિત

શ્રી ગટ્ટુલાલજી ઘનશ્યામજી લાલજી

ભક્તો ગુરૂ શ્રીવ્રજવલ્લભસ્ય, પિતુર્ઘનશ્યામત આપ્તવિદ્યઃ ॥
શ્રી વલ્લભાચાર્ય પદાબ્જનિષ્ઠો, ગોવર્ધનોયં વિદુષાં વરિષ્ઠઃ ॥

શ્રી વ્રજવલ્લભજી મહારાજ નો જન્મ ૧૮૫૬ માં થયો હતો.
શ્રી વ્રજવલ્લભજી મહારાજને ત્રણ બેટીજી હતાં: (૧) શ્રી લાડુ બેટીજી, (૨) શ્રી રત્ના બેટીજી અને (૩) શ્રી જશોદા બેટીજી.

શ્રી લાડુ બેટીજીનાં લગ્ન પંચનદી શ્રી ઘનશ્યામ ભટ્ટજી સાથે થયાં હતાં. શ્રી ઘનશ્યામ ભટ્ટજી ઘણા જ સારા વિદ્વાન હતા. તેમની પાસેથી વિદ્યાગ્રહણ કરીને ઘણા શિષ્યો મહાન વિદ્વાન તરીકે નામાંકિત થયા હતા. પ્રખ્યાત સંગીતશાસ્ત્રી શ્રી આદિત્યરામજીએ ભટ્ટજી પાસેથી સંસ્કૃત પંચમહાકાવ્ય અને શ્રીમદ્ ભાગવતનું અધ્યયન કર્યું હતું. શ્રી આદિત્યરામજીનો રચેલો સંગીતાદિત્ય ગ્રંથ ભારતમાં અને પાશ્ચાત્ય દેશોમાં પણ પ્રતિષ્ઠિત થયો છે. બીજા શિષ્ય શ્રી વલ્લભજી હરિદત્ત આચાર્ય પણ તેવા જ સુપ્રસિદ્ધ વિદ્વાન થયા છે.

આ લાડુ બેટીજી સં. ૧૯૦૧ માં પોતાના પતિ શ્રી ઘનશ્યામ ભટ્ટજી સાથે યાત્રા કરવાં ગયાં હતાં. તે સમયે પરિભ્રમણ કરતાં કરતાં કોટામાં આવ્યાં ત્યારે સં. ૧૯૦૧ ના પોષ વદિ ૧૨ ના દિને સુપ્રસિદ્ધ ભારતમાર્તંડ પં.શ્રી ગટ્ટુલાલજીનો જન્મ થયો હતો.

જન્મ નક્ષત્ર અનુસાર પિતાએ પુત્રનું નામ "ભાનુદત્ત" પાડ્યું. માતુશ્રી લાડુ બેટીજીએ લાલનું નામ "ગટ્ટુ" પાડ્યું અને પરમ વંદનીય માતામહ શ્રી વ્રજવલ્લભજી મહારાજ શ્રીએ દૌહિત્રનું "ગોવર્ધન" નામ રાખ્યું. પિતાશ્રીએ પાડેલ ભાનુદત્ત નામથી પં. ગટ્ટુલાલજી પ્રખ્યાત થયા નથી; પરંતુ ભગવાન, ભક્તવાણીને સફળતાના કેવા સરસ સંજોગો મેળવી આપે છે, તે પં. ગટ્ટુલાલજીને મલેલી "ભારતમાર્તંડ" ની પદવી ઉપરથી આપણે જાણી શકીએ છીએ.

"ભારતમાર્તંડ" એટલે ભારતને આધ્યાત્મિક જ્ઞાન પ્રકાશથી

અલૌકિક કરનાર સૂર્ય. આ પદવીમાં ભાનુ-સૂર્ય નામ સાર્થક થઈ જાય છે. માતુશ્રી લાડુ બેટીજીએ વાત્સલ્યથી પ્રેરાઈને પાડેલું ગટ્ટુલાલજી નામ સર્વત્ર પ્રચલિત થયું છે અને માતામહે ભગવત્સંબંધદર્શક ગોવર્ધન નામ પાડયું છે, તેને પંડિતજીએ આધ્યાત્મિક કાવ્ય રચનામાં તથા સંસ્કૃત ગ્રંથોમાં અમર કર્યું છે. આથી આપણને જાણવા મળે છે કે મહાપુરૂષો પોતાના વડીલોના વચનોને કેટલું બધું માન આપે છે.

સં. ૧૯૦૮ માં આ મેઘાવી બાળક ગટ્ટુલાલજીને યજ્ઞોપવિત આપી, પિતાશ્રી ઘનશ્યામ ભટ્ટે ગાયત્રીમંત્રોપદેશ સાથે વેદારંભ કરાવ્યો અને માતામહ શ્રી વ્રજવલ્લભજી મહારાજશ્રીએ બ્રહ્મસંબંધ દીક્ષા આપી દૌહિત્રનો પૂર્ણ પુરૂષોત્તમ સાથેનો આધિદૈવિક સંબંધ સુદ્રઢ કર્યો. પિતા કરતાં પણ માતામહ (નાના) વધુ પૂજ્ય ગણાય, આ હકીકતના સમર્થમાં પ. ગટ્ટુલાલજી સ્વંય, પુષ્ટિમાર્ગીય પંચદશી સમાન वेदान्त चिन्तामणि:। નામના ગ્રંથના મંગલાચરણમાં લખે છે કે

भक्तो गुरुश्रीव्रजवल्लभस्य
पितुर्घनश्यामत आप्तविद्य:।

''ગુરૂદેવ શ્રી વ્રજવલ્લભજી મહારાજનો હું ભક્ત અને પિતાશ્રી ઘનશ્યામ ભટ્ટજીથી વિદ્યા મેળવનાર છું.''

બાલ શ્રી ગટ્ટુલાલજીની અધ્યયનમાં ચપળતા અને ગ્રહણશક્તિનું નિરીક્ષણ કરીને માતાપિતા સાથે માતામહને પણ આનંદ થતો કે બાલક તેજસ્વી અને સંસ્કારી થશે. તેવામાં નવમે વર્ષે શ્રી ગટ્ટુલાલજીને શીતળાની ભયંકર બીમારી આવી અને તેમાં તેમની નેત્રજ્યોતિ હરાઈ ગઈ, તેઓ આંખે અંધ બન્યા ! એકના એક પુત્રની આવી શારીરિક દુર્દશા થતાં માતુશ્રી લાડુ બેટીજી હૃદયભેદક કલ્પાંત કરવા લાગ્યાં. બેટીજીના આક્રંદથી મહાનુભાવ શ્રી

વ્રજવલ્લભજી મહારાજનું હૃદય પણ દ્રવીભૂત થઈ ગયું. એઓશ્રીએ બેટીજીને આશ્વાસન આપતાં કહ્યું કે ''બેટા ! જે કંઈ બને છે, તે બધું ભગવદ્ ઈચ્છા પ્રમાણે જ બને છે અને ભગવાનની ઈચ્છાને આધીન થવું એ આપણો ધર્મ છે. તારા ગટ્ટુનાં ચર્મચક્ષુ જવાથી તેની લૌકિક દ્રષ્ટિના દ્વારા સદાને માટે બંધ થઈ જ્યાં છે, તેમાં હવે કશો ફેર પડવાનો નથી; પરંતુ તેથી તારે ખેદ કરવાની જરૂર નથી. તારો પુત્ર પ્રજ્ઞા ચક્ષુ થઈ અનેક જીનોને અંધકારમાંથી ખેંચી પ્રકાશમાં લાવશે અને વિશ્વદર્શી થશે.'' પિતાશ્રીના આ અલૌકિક આશીર્વાદ ભર્યા આશ્વાસનથી લાડુ બેટીજીએ ધૈર્ય ધારણ કર્યું.

મહાપ્રતાપી માતામહના આશીર્વાદથી જાણે શ્રી ગટ્ટુલાલજીએ નવજીવન પ્રાપ્ત કર્યું હોય તેમ વિદ્વાન પિતાશ્રીની સહાયથી સર્વ શાસ્ત્રગ્રંથોમાં પ્રાવિણ્ય પ્રાપ્ત કરી ''શતાવધાની'' અને ''શીઘ્રકવિ'' તરીકે વિખ્યાત થયા તથા ''ભારતમાર્તંડ'' ની ગૌરવભરી પદવી મેળવી.

શ્રી વ્રજવલ્લભજી મહારાજશ્રીએ લાડુ બેટીજીને ની બાલમુકુંદજી (ઠાકોરજી) નું સ્વરૂપ પધરાવી આપ્યું હતું, જે હાલ મુંબઈમાં ભૂલેશ્વરમાં પં. ગટ્ટુલાલજીની સંસ્થાનાં મંદિરમાં બિરાજે છે. આ શ્રીબાલમુકુંદજી શ્રી ગુસાંઈજીના સેવ્ય છે. આ સ્વરૂપને શ્રી ગુસાંઈજીએ પોતાના જયેષ્ઠ પુત્ર શ્રી ગિરિધરજીને પધરાવી આપેલું. ત્યાંથી આ ઠાકોરજી માધવદાસ વૈષ્ણવને માથે બિરાજ્યા અને ત્યાર પછી કેટલોક સમય કલ્યાણદાસ વૈષ્ણવને ત્યાં બિરાજી જૂનાગઢ પધાર્યા હતા. જૂનાગઢથી શ્રીલાડુ બેટીજીએ મુંબઈ પધરાવ્યા. પિતાશ્રી વ્રજવલ્લભજીએ પ્રેમથી પધરાવી આપેલ શ્રી બાલમુકુંદજીની સર્વ પ્રકારની સેવા શ્રી લાડુ બેટીજી જાતે જ કરતાં. એઓશ્રીની આ સ્વરૂપમાં અત્યંત આસક્તિ હતી. પં. શ્રી ગટ્ટુલાલજીએ પોતાના ''બાલમુકુંદ-સ્તોત્ર'' માં આ સ્વરૂપનું બહુ જ સુંદર વર્ણન કર્યું છે. શ્રી બાલમુકુંદજીનો

પાટોત્સવ માહ સુદિ ૨ ના દિવસે આવે છે. આ સાથે પં શ્રી ગટ્ટુલાલજીનો સરસ્વતિનો ભંડાર રૂપ અનેક ગ્રંથોના દર્શન પણ થાય છે.

શ્રી ઘનશ્યામ ભટ્ટજી જેવા સમર્થ વિદ્વાનનાં પત્ની, પોતાની અસાધારણ બુદ્ધિશક્તિ અને વિદ્યાર્થી સર્વત્ર આદરપાત્ર થયેલ પં. શ્રી ગટ્ટુલાલજી જેવા પ્રતિભાસંપન્ન પુત્રનાં માતા, સેવાપરાયણ શ્રી લાડુ બેટીજી થોડીક માંદગી ભોગવીને સં. ૧૯૧૪માં નિત્યલીલાસ્થ થયાં હતાં. એમના ભાવથી આજે પણ આપણે સેવા સ્મરણ કરને કૃતાર્થ થઈએ છીએ.



અનુક્રમણિકા

પા. નં.
સત્કાર પંડિતશ્રી ગટ્ટુલાલજી (સંક્ષિપ્ત જીવનવૃત્તાન્ત) ૧
પ્રકરણ ૧ નાસ્તિકતાનો ઉચ્છેદ ૧૭
પ્રકરણ ૨ પ્રમાણ નિરૂપણ ૨૫
પ્રકરણ ૩ સંક્ષિપ્ત કાર્ય નિરૂપણ ૩૧
પ્રકરણ ૪ પ્રપન્ચની સત્યતાનું નિરૂપણ ૩૫
પ્રકરણ ૫ આવિર્ભાવ અને તિરોભાવનું નિરૂપણ ૪૧
પ્રકરણ ૬ અવિકૃત પરિણામ નિરૂપણ ૫૧
પ્રકરણ ૭ જીવોનો ઉદ્‌ગમ અને સંસારનું નિરૂપણ ૫૯
પ્રકરણ ૮ જીવ, અંતર્યામી અને શુદ્ધાદ્વૈતના અર્થનું નિરૂપણ ૬૭
પ્રકરણ ૯ બ્રહ્મની સાકારતનો વિવેક ૭૫
પ્રકરણ ૧૦ શક્તિ અને ધર્મના અભેદ નિરૂપણ સાથે દ્વૈતમતનું નિરાકરણ ૮૩
પ્રકરણ ૧૧ વિશિષ્ટાદ્વૈતનો વિચાર ૯૧
પ્રકરણ ૧૨ શૈવ અને શાક્તોના મતનો વિચાર ૧૦૫
પ્રકરણ ૧૩ શુદ્ધાદ્વૈત-વિશેષ વિચાર ૧૧૧
પ્રકરણ ૧૪ પ્રકૃતિ-પુરૂષ અને ભગવદ્ધામનું ૧૨૩
પ્રકરણ ૧૫ સાધન-ફલ વગેરે સર્વનો વિવેક (સારમાત્ર) ૧૩૧

* * *

પંડિત શ્રીગટ્ટુલાલજી

સત્કાર

'ભારતમાર્તંડ પંડિત ગટ્ટુલાલજીનું જીવન અને સાહિત્ય' એ નામથી શ્રી ચીમનલાલ મગનલાલ વૈદ્યે એક સાચેસાચ બનેલા ભારતમાન્ય વૈષ્ણવ પંડિતનું ચરિત્ર આલેખ્યું છે તે ખરેખર સુવાચ્ય બન્યુ છે. ઓગણીસમી સદીનો મધ્યકાળ એ એક પ્રકારની આંધીના કાળ હતો. તે વખતે સમાજના ધાર્મિક, સામાજિક તથા રાજકીય ક્ષેત્રમાં અનેક વિચારવમળો ઘુમરી ખાઈ રહ્યા હતા; તે વખતે વિચારની સમતુલા ન ગુમાવનાર ગણયાગાંઠયા જ હશે.

આજથી લગભગ એક સૈકા ઉપર, ગુજરાત અને ખાસ કરીને તેની સર્વ પ્રવૃત્તિઓના કેન્દ્ર જેવું મુંબઈ શહેર કેવા કેવા ભરતીઓટનું સાથી બન્યું હતું તેનો ઈતિહાસ છાપાંઓમાં તથા કેટલીક નાની નાની ચોપડીઓમાં પૂરાઈ રહ્યો છે. શ્રી. વૈદ્યે ગટ્ટુલાલજીનું ચરિત્ર નિરૂપવામાં આમાંનાં ઘણાં સાધનોનો પહેલી જ વાર ઉપયોગ કર્યો છે, તે બદલ તેમને ખાસ અભિનંદન ઘટે છે.

ચરિત્રનિરૂપણની કલા ધારીયે તેટલી સહેલી અને સુસાધ્ય નથી. આદિ વિવેચક નવલરામભાઈએ મહીપતરામે રચેલા 'કરસનદાસ મૂળજી'ના જીવનચરિત્રનું અવલોકન કરતાં નીચે પ્રમાણે આદર્શ રજુ કર્યો છે:-

''ચરિત્રનિરૂપણમાં શોધ, સત્ય, વિવેક અને વર્ણનશક્તિ એ ચાર ગુણ અવશ્ય જોઈએ...મહત્કર્મનુંજ વર્ણન ચરિત્ર નિરૂપકે કરવું જોઈએ એમ નથી. વળી ચરિત્ર ચરિત્રનાયકના જાહેર કામથી જ ભરેલું હોય એ ઈષ્ટ નથી. તેનો ખાનગી સ્વભાવ તથા રીતભાત કેવી હતી, એટલે એ મિત્રવર્ગમાં, સ્ત્રીપુત્રાદિકના સંબંધમાં, રમત-ગમતમાં, એકાંતમાં કેવી રીતે વર્તતા હતા, તેનું ઉદાહરણો સહિત વર્ણન હોવું ઘટે છે...આનું આખા ચરિત્રમાં કાંઈ પણ વર્ણન

નથી સર્વ સ્થળે કરસનદાસ સુધારક જ જોઈએ છીએ; પણ કરસનદાસ માણસરૂપે દેખાતા નથી. સુધારાની પાઘડી હેઠે મુકી કરસનદાસ કેવા દેખાય છે. તે જોવાનો અવસર જ આવતો નથી, મહારાજનો મોટો હુમલો થયો, શેરની પડતીમાં દબાયાં, નાત બહાર મુકાયા વગેરે પ્રસંગો ઉપર એમને એકાંતમાં કેમ લાગતું, ક્યા મિત્રો આગળ પેટ ખોલીને પોતાની મૂંઝવણ જણાવી હતી વગેરે ઘણી બાબતો જાણવાની ઈચ્છા આ ચરિત્ર ઉપરથી તૃપ્ત થતી નથી. એ પ્રસંગો ઉપર અને તેમ જ ખુશીખુશાલીના વખતમાં પોતાના એકાંતિક સ્નેહી ઉપર કાંઈ કાગળો લખ્યા હશે. પણ તેમાંનો એકે આ ચરિત્રમાં દાખલ કરવા મળ્યો નથી. ધર્મ અને નીતિ સંબંધી, રાજ સંબંધી, દેશની ભૂત અને ભવિષ્ય સ્થિતિ સંબંધી કરસનદાસ કેવા વિચાર ધરાવતા હતા એ જાણવાની જરૂર હતી; એનો પોતાના બાપ તથા સ્ત્રી સાથેનો સંબંધ વધારે ખુલાસાથી વર્ણવ્યોમાં હોત તો સારૂં લાગત...'' શ્રી વૈદ્યે આ આદર્શને પહોંચવાને ઘણો સમર્થ પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત ચરિત્રનું પહેલું જન્મ-પ્રકરણ-પ્રજ્ઞાચક્ષુ, વાર્તાના એક સુંદર પ્રકરણ જેટલું રસિક બન્યું છે. નવ વર્ષની વયે શીતલાના ઉપદ્રવથી બાલક ગટ્ટુલાલજીનાં ચક્ષુરત્ન રોળાઈ ગયાં; ત્યારે તેમનાં માતુશ્રી લાડુબેટીજીનું આક્રંદ, તથા જૂનાગઢમાં રહેતા તેમના માતામહ ગોસ્વામી શ્રીવ્રજવલ્લભજીની દ્રોહિત્ર ઉપરની અનુકમ્પાઃ અને બાલકને 'વાગ્બીજ મંત્ર'ના ઉપદેશથી 'પ્રજ્ઞાચક્ષુ' બનાવવાનો પ્રસંગ એ બધું નાટચાત્મક શૈલીથી રજૂ થયું છે.

પંડિતજીના પૂર્વજો મૂળ આંધ્ર દેશના તૈલંગી બ્રાહ્મણોઃ વાધૂલ ગોત્રના 'પંચનદી' કહેવાતા, તેઓ કાશીમાં રહેતા. ગોવર્ધન શર્મા (પંડિતજીનું જન્મનામ)ના પિતા ઘનશ્યામભટ્ટ વિદ્યાવ્યાસંગી, વેદશાસ્ત્ર-સંપન્ન અને પ્રૌઢ વૈયાકરણી હતા. વેદાન્તમાં પણ તે પાવરધા હતા. જૂનાગઢના શ્રીવલ્લભજી હરિદત્ત આચાર્ય આ ઘનશ્યામ ભટ્ટના શિષ્ય હતા. સંગીતશાસ્ત્રી આદિત્યરામજી

સં. ૧૯૧૪ ની આસપાસ તેમની પાસે ભણતા, જેમણે 'સંગીતાદિત્ય' ગ્રંથ રચ્યો છે.

પંડિતજીનાં માતુશ્રી લાડુબેટીજી વ્રજવલ્લભજીનાં બેટીજી હતાં, શ્રીવ્રજવલ્લભજી કવિ હતા. તેમણે 'ગુસાંઈજીના પ્રાગટ્યનું ધોળ' ગુજરાતીમાં રચ્યું છે. તેમને શોભામાજીએ દત્તક લીધેલા હતા. આ શોભામાજીએ પણ 'ભાગવત પર સોળ ધોળ' તથા 'નવરાત્રીના ગરબા' ગુજરાતીમાં રચ્યા છે. આ કાવ્યશક્તિ પરંપરાથી માતૃપક્ષમાંથી પંડિતજીને પ્રાપ્ત થઈ હતી જ્યારે તેમનું શાસ્ત્રજ્ઞાન પિતૃપક્ષને આભારી હતું.

તે વખતના મુંબઈમાં એટલે સને ૧૮૪૩ ની આસપાસ સ્વામીનારાયણ, આર્યસમાજ તથા સનાતન ધર્મ વચ્ચે ઝઘડા ચાલતા, અને તે આંધીમાં પુષ્ટિ સંપ્રદાય પણ અનેક શંકાકુશંકાનો ભોગ બન્યો હતો. લોકોમાં જૂના અને નવા ધર્મનું રહસ્ય જાણવાની જિજ્ઞાસા જાગી હતી. તેઓ સભાઓમાં રસ લેતા હતા. કેટલીકવાર સભા મળવાનું જાહેર કરવા છતાં તે ન મળતી ત્યારે લોકો પક્ષાપક્ષી કરી અનેક શંકાઓ ઉઠાવતા. નાસ્તિકવાદ તથા જડવાદનો પ્રાદુર્ભાવ પણ આ વખતે જ થયો હતો.

ઈ. સ. ૧૮૪૩ માં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર બંગાળથી મુંબઈ આવ્યા વિધવાવિવાહની હિમાયત કરી, ને તેને માટે કાયદાની અનુકુળતા કરી આપવામાં આવી. બ્રહ્મોસમાજના પ્રચાર માટે વ્યાખ્યાનો આપ્યાં. સને ૧૮૫૪ માં પ્રચારક કેશવચંદ્ર સેન આવ્યા. આ વખતે શેરમેનિયામાં મુંબઈ મશગુલ હતું તેથી તેમનો ઉપદેશ કોઈએ ઝીલ્યો નહિ. ૧૮૫૭ માં ''પ્રાર્થના સમાજ'' ની સ્થાપના થઈ. કવિ નર્મદ તેમાં જોડાયા. ૧૮૬૦ માં ''તત્ત્વશોધક સભા'' સ્થપાઈ. આ જ વર્ષમાં સમુદ્રપ્રયાણની ચર્ચા કરતાં મહિપતરામ તથા કરસનદાસ પરદેશ ગયા.

આ અરસામાં સુધારકોએ વૈષ્ણવ મહારાજો સંબંધી પ્રશ્ન ઉપાડયો. પહેલા તો શૈવ અને વૈષ્ણવો વચ્ચે મહાદેવના મંદિરમાં ધરેલા છપ્પનભોગના પ્રસાદ માટે ઝઘડો જામ્યો. મહારાજોએ તેવા શિવનિર્માલ્ય ગણવા જેવા પ્રસાદની ચર્ચા કરી; અને શૈવોનો વિરોધ વહોરી લીધો. છાપાંને તેથી ખોરાક મળ્યો; અને વૈષ્ણવ આચાર્યોના ચારિત્ર ઉપર પણ આક્ષેપો થયા. એટલામાં "વિધવા વિવાહ" નો પ્રશ્ન મુંબાઈમાં મોખરે આવ્યો. આમાં સુરતવાલા યદુનાથજી મહારાજનો સાથ છે એમ મનાયું. યદુનાથજીએ સુધારકોની સામે પડકાર ફેંક્યો; અને એના ઉત્સાહમાં ને ઉત્સાહમાં કેટલાક વૈષ્ણવ ધર્મના હિતશત્રુઓએ મહારાજને સુધારકો ઉપર આબરૂ લેવાનો-બદનક્ષીનો-દાવો કરવા અવળી સલાહ આપી. આથી સુધારકો ફાવી ગયા. આક્ષેપોનો દાવો સાબીત કરવાનો બધો બોજો વૈષ્ણવો પર આવી પડયો, સુધારકોને તો ટીકા કરવાનો સુંદર મોકો મળી ગયો. ન્યાયાધીશો, વકીલો વગેરે ખ્રિસ્તી ધર્મની અસરવાળા હોવાથી તેમનું વલણ સુધારકો ભણી જ રહ્યા કર્યું. આ 'મહારાજ લાયબલ' કેસથી વૈષ્ણવ જનતામાં ભારે ક્ષોભ વ્યાપી ગયો.

બીજી બાજુ વિદ્યાપીઠદ્વારા ખ્રિસ્તીઓ સંસ્કૃત ભણીને આર્યધર્મ ઉપર આક્ષેપો મૂકતા હતા, મૂર્તિપૂજાને નિંદતા હતા, પુનર્જન્મની વાતને હસી કાઢતા હતા. અને આવા પાદરીઓની શિખામણ માનનારા સુધરેલા અને સુધારાવાળા કહેવાયા: આ જ વખતે એવો એક કાયદો અંગ્રેજ સરકારે કરાવી આપ્યો કે જો કોઈ હીંદી ધર્માન્તર કરે તો તે કારણે બાપીકી મિલકત પરના વારસાનો હક્ક તે ગુમાવે નહિ. આ કાયદાના ટેકાથી પાદરીઓનો પ્રચાર સફળ થઈ શક્યો.

શ્રી. વૈદ્યે ચરિત્રનાં પ્રકરણ ૪ તથા ૫ માં ૧૮૬૦ ના મુંબઈનું સુરેખ ચિત્ર રજૂ કર્યું છે: જેની ભૂમિકા પંડિતજીના જીવન કાર્યને સમજવા માટે ખૂબ ઉપયોગી બની છે.

પંડિતજીનો જન્મ કોટામાં થયો હતો. સં. ૧૯૦૧ (સન ૧૮૫૪) માં ઘનશ્યામ ભટ્ટજી તથા લાડુબેટીજી જાત્રાઓ ગયાં હતાં. ત્યાં રસ્તામાં કોટામાં ગટ્ટુલાલજીનો જન્મ થયો હતો. સં. ૧૯૦૧ (ઈ. સ. ૧૮૪૪ પોષ વદ ૧૨): જન્મ નક્ષત્ર પ્રમાણે પિતાએ તેમનું નામ ભાનુદત્ત પાડયું હતું; પરંતુ તે નામથી એ ઓળખાયા નહિ; પણ તેમને જીવનના અભ્યુદય કાળમાં ભારત માર્તંડ પદવી મળતાં, એ નામ કંઈક સાર્થક થયું કહેવાય.

સં. ૧૯૦૮ માં પંડિતજીનું ઉપનયન થયું અને નવમે વર્ષે જ શીતલાના પ્રકોપથી તેમની આંખો ગઈ. ત્યારે માતાએ ઘણું કલ્પાંત કર્યું, એટલે માતામહ વ્રજવલ્લભજીએ તેમની જીભ ઉપર 'વાગ્બીજ મંત્ર, લખ્યો. તે પછી તેમનું અધ્યયન શરૂ થયું. જૂનાગઢથી પિતા ઘનશ્યામભટ્ટની સાથે એ મુંબઈ આવતા અને થોડા માસ ત્યાં રહેતા.

પંડિતજીનાં માતુશ્રી લાડુબેટીજીનું સં. ૧૯૧૪ માં, તેમની તેર વર્ષના વયે અવસાન થયું. તેનો પિતાપુત્રને ખૂબ આઘાત લાગ્યો, આખરે સં. ૧૯૧૬ માં પિતા ઘનશ્યામભટ્ટ ગટ્ટુલાલજીને લઈ મુંબઈ વસ્યા. અહીં બ્રહ્મસૂત્રનાં ભાષ્યોનો તેમનો અભ્યાસ ચાલતો હતો.

અંધ બાલક પિતા પાસે વ્યાકરણ, કાવ્ય, નાટક, ચમ્પૂ વગેરે માત્ર શ્રવણથી શીખ્યાઃ અને એ ગ્રંથોના સતત પરિચયથી તેમને સંસ્કૃતમાં વાર્તાલાપ કરવાનું પણ સુલભ બન્યું. ચૌદથી અઢાર વર્ષ સુધીમાં તેમણે ષડ્દર્શન અને ખાસ કરીને પુષ્ટિ સંપ્રદાયના ગ્રંથોનો પરિચય કરવા માંડયો. બ્રહ્મસૂત્ર તથા તેનાં આઠે ભાષ્યોનું ગુરુમુખે અધ્યયન કર્યું. એ એક સાચી હકીકત છે કે એક ઈન્દ્રિય ઓછી થાય ત્યારે એનું બળ બીજી ઈંદ્રિયોનાં બળમાં વધારો કરનારૂં થઈ પડે છે. બાલપંડિતનાં આંતર્ચક્ષુ ઊઘડતાં એ વિશેષ અન્તમુર્ખ બન્યાઃ અને એમને ધ્યાન, ધારણા અને સમાધિ આપોઆપ સિદ્ધ થયાં. મોટા થયે અષ્ટાવધાન અને

આગળ જતાં સો જેટલાં અવધાનના પ્રયોગો કરવા માટેની જે અવધાનશક્તિ એમનામાં ખીલી નિકળી તેમાં તેમનાં આન્તર્ચક્ષુનો નાનોસૂનો ફાળો નથી.

પંડિતજીના ગૃહસ્થ જીવનમાં ડોકિયું કરાવતા બે પ્રસંગો નોંધપ્રાત્ર છે. તેમનું પહેલું લગ્ન સં. ૧૯૨૦ માં ઓગણીસ વર્ષની વયે શ્રીપાર્વતીબાઈ સાથે થયું હતું પરંતુ તેમનું પરમ સંતોષભર્યું સહજીવન થોડાંક વર્ષ ટક્યું. પછી કેટલાંક વર્ષ એ વિધુર તરીકે એકલા રહ્યા અને સં. ૧૯૩૪ માં ચોત્રીસ વર્ષની વયે તેમનું બીજું લગ્ન શ્રીરુકમાવતી સાથે થયું. તેને વૃદ્ધલગ્ન કહીને કવિ નર્મદાશંકર, બીજા સુધારકો અને પારસી પત્રકારો, પંડિતજી જોકે સદાચરી અને સાક્ષર હતા, છતાં તેમના ઉપર તે તૂટી પડ્યા. અધુરું હતું તે તેમની જ્ઞાતિસંસ્થાએ કન્યા ઘોળ બહારની છે એમ કહી આ સાત્ત્વિક પંડિત ઉપર ખૂબ વીતાડ્યું. જ્ઞાતિ વટોળમાં ગૂંચવાઈ જનારને તે વખતમાં કેટલું સહન કરવું પડતું હતું તેનો ખ્યાલ આ પ્રસંગ ઉપરથી આવે છે.

પંડિતજી ઉમરેઠ પધાર્યા હતા ત્યારે તા. ૨૯-૧૨-૮૮ ના દિને તેમને ત્યાં પુત્રી અવતરી પણ, તે તરત જ મૃત્યુ પામી, એમને પહેલી પત્નીનું કોઈ સંતાન ન હોતું. અને બીજી પત્નીનું આ પ્રથમ સંતાન હતું, છતાં તેના મૃત્યુ પછી પંડિતજીએ પોતાની લાગણીઓ ઉપર જે અપૂર્વ સંયમ બતાવ્યો હતો તે નોંધપાત્ર છે. તેમણે પ્રભુની અકળ લીલાને આધીન થઈ, ઉમરેઠમાં શરૂ કરેલી વ્યાખ્યાનાદિની પ્રવૃત્તિ તે દિવસે પણ ચાલુ રાખી હતી, અને નિખાલસ પંડિતાઈને અને જ્ઞાનને આચારમાં ઉતારવાનો લોકોને પ્રત્યક્ષ ઉપદેશ પૂરો પાડ્યો હતો.

પંડિતની આવી મહાનુભાવતાને લીધે જ તેમની માત્ર પાંત્રીસ વર્ષની વય હતી તે વખતે તેમને આર્થિક મદદ માટે એક ફંડ ભેગું કરી માનપત્ર સાથે રૂપિયા અઢારહજાર તેમના પ્રશંસકોએ ર્ક્યા હતા. તેનો સુંદર અહેવાલ તા. ૨૭-

૪-૧૮૭૯ ના પારસી અખબાર રાસી ગોફ્તારમાં પ્રગટ થયો હતો.

પંડિતજીની ખાનગી દિનચર્યા તેમની પંડિત પરંપરાને છાજે તેવી હતી. તેમનો આખો દિવસ વિદ્યાવ્યાસંગમાં તથા અધ્યયન અધ્યાપનમાં વીતતો. તે સાથે સેવાકાર્ય એ પોતાને હાથે જ કરતા, અને તેથી તેમનો આત્મા પ્રસન્ન રહેતો. સેવા વિષયમાં એમની કુશળતા અદ્ભૂત હતી. પોતે નેત્રવિહિન હોવા છતાં, દેખતા માણસથી પણ ન થાય તેવાં સર્વ કાર્ય એ સ્ફૂર્તિથી અને સ્વચ્છતાથી કરતા. ઠાકોરજીને ધરાતા જુદા જુદા બારીક પ્રકારના શૃંગાર તેઓ પોતાને હાથે એવી સફાઈથી ધરાવતા કે તે જાણે નજરે જોઈને ખરા અનુભવીએ ધર્યા ન હોય ! સાથે સાથે રાગરાગણીનાં કીર્તનો તેઓ તાલ અને સ્વરથી ગાતા; અને તેનો સાથ આપવા તાલમૃદંગ પણ પોતે જ વગાડતા.

શૌચ અને આચારનું પાલન પણ તેમનું ખરા હૃદયનું હતું. સેવામાં બેઠા પછી તેમનો સંધ્યાપાઠ અને જપનો વિભાગ એટલો બધો ચાલતો કે તેમનું આહ્નિક ખૂટતું જ નહિ; અને ઘણીવાર ભોજન કર્યા વગર તેઓ સાંજની સેવામાં ન્હાઈ, સેવા આહ્નિક વગેરે કરતા; અને રાતે બાર વાગ્યા પહેલાં તે પૂરૂં થયું હોય તો જ તે ભોજન કરતા; નહિ તો આહ્નિક સમાપ્ત કરી, થોડી નિદ્રા લઈ વળી સવારમાં એ જ કાર્યક્રમ પ્રમાણે ધર્મ કાર્યમાં લાગતા, આવી તપસ્યાની કઠણાઈ છતાં, સાંજે સભાઓમાં હાજરી આપી ત્યાં બુલંદ અવાજે અને પ્રસન્ન ચિત્તે એ વ્યાખ્યાનો આપતા.

પંડિતજીના જીવનમાંથી બીજી મહત્ત્વની વાત એ દેખાય છે કે પ્રતિષ્ઠા કે ધનનો એમને બીલકુલ લોભ નહોતો. આ નિસ્પૃહી પંડિતે ઘણી પેઢીથી લુપ્ત થયેલા યજ્ઞોપવીત સંસ્કારવાળા શેઠ દેવકરણજીને તેમની ઈચ્છાથી યજ્ઞોપવીત ધારણ કરાવ્યું; ત્યારે તેમને ગુરુદક્ષિણા માગવાનું શેઠ તરફથી કહેવામાં આવ્યું; તે વખતે શેઠશ્રી પાસે આઠ લાખની મિલકત ગણાતી. અને પંડિતજીને માથે

ઘરમંદિરની સેવા પૂજા ખાતાનું દેવું હતું. તેથી સૌ કોઈ ધારતું હતું કે તેઓ પોતાને માટે તો કંઈ નહિ માગે, પરંતુ શ્રીઠાકોરજીના મંદિર માટે તથા તેના દેવા પેટે સારી રકમ માગશે; પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે તેમણે માત્ર ચંદનચર્ચિત પુષ્પ સાથે શ્રીફલની માગણી કરી ! આખરે શેઠે શ્રીફલ ઉપર બે સોનામહોર મૂકી તે શ્રીફલ ગુરુના હાથમાં મૂક્યું. પ્રજ્ઞાચક્ષુ પંડિતજીએ તે જોયું નહોતું; પરંતુ તેમનું જ્યારે મહોર સંબંધી ધ્યાન ખેંચવામાં આવ્યું ત્યારે મહોર તેમણે પાછી લેવરાવી.

આ રીતે તેમણે કંઈપણ દક્ષિણા લીધી નહિ; ત્યારે શેઠે યજ્ઞોપવિત કાળ વીતી ગયા માટેના પ્રાયશ્ચિતરૂપે જે ગોદાનનો સંકલ્પ કર્યો હતો તેની, રૂપિયા પંદરસો-બે હજાર જેટલી થતી રકમ સ્વીકારવા તેમને વિનંતિ કરી. પંડિતજીએ કહ્યું, ''એ દ્રવ્યનો હું અધિકારી નથી. એ રૂપિયા ગાય સંબંધી હોવાથી તે દ્રવ્યનો ગૌચરમાં ઉપયોગ કરજો.'' આ પ્રસંગની નોંધ મુંબઈના પ્રસિદ્ધ અઠવાડિક 'ગુજરાતી'માં યથાર્થ રીતે લેવાઈ હતી. ''દેના બેંકવાળા શેઠશ્રી દેવકરણના યજ્ઞોપવીત પ્રસંગે ગટુલાલજીએ દ્રવ્ય કરતાં ધર્મ જ શ્રેય છે તે દર્શાવવાને જ શિષ્યપ્રતિ જે ઉદારતા દર્શાવી તે દિવ્ય છે !'' પંડિતજીના નિર્લોભીપણાનું આનાથી બીજું સચોટ દૃષ્ટાન્ત મળે તેમ નથી.

આજના ! મુંબઈના ભૂલેશ્વર ભાગમાં આવેલા કાવસજી પટેલના તળાવની પૂરેલી જગા પાસેના લક્ષ્મીનારાયણના મંદિરની તથા માધવબાગની સ્થાપનાનો ઈતિહાસ આ ચરિત્રમાંથી જાણવા મળે છે. આર્યસમાજનો પ્રચાર કરવા દયાનંદ સરસ્વતી મુંબાઈમાં ૧૮૭૫ માં આવ્યા. તેના આક્રમક આંદોલનોને પહોંચી વળવા માટે સને ૧૮૭૬ માં 'આર્ય સુધર્મોદય સભા'ની સ્થાપના ગો. શ્રી. નૃસિંહલાલજી મહારાજની પ્રેરણાથી મુંબઈમાં થઈ. આ સભાનો ઉદ્દેશ વેદ સ્મૃતિ પુરાણ અને આચાર્યોના ગ્રંથોને અનુસરી ઉપદેશ

કરવાનો હતો.

આ કાર્યમાં શેઠ વરજીવનદાસ માધવલાલે સારી મદદ કરી. મહાજનના એ નગરશેઠ હતા. તેમણે પોતે બી. એ. સુધી અભ્યાસ કર્યો હતો; અને સાથેસાથે વેદ, પુરાણ આદિ ગ્રંથોનો પણ પરિચય સાધ્યો હતો. તેમણે સં. ૧૯૩૦ (૧૮૭૪) માં કાવસજી પટેલ તળાવ સી. પી. ટૅંક પાસેની ખુલ્લી જગા મોટા વિસ્તારવાળી ખરીદી, તેમાં ભવ્ય મંદિર બંધાવ્યું, અને વૈશાખ સુદી ૧૨ ને રવિવારે કચ્છ માંડવીવાળા ગો. શ્રીપન્નાલાલજીને હસ્તે શ્રીલક્ષ્મીનારાયણની પ્રતિષ્ઠા કરાવી. આ મંદિર તે મુંબઈનો હાલનો માધવબાગ જે શેઠ વરજીવનદાસના પિતાના નામ ઉપરથી ઓળખાવ્યો છે. ને જ્યાં અનેક ધાર્મિક પ્રવૃત્તિઓ, કથાઓ, કીર્તનો, યજ્ઞો વગેરે થાય છે. આ જ 'માધવબાગ'ને સુધારક સર રમણભાઈએ 'ભદ્રં ભદ્ર'માં સનાતનીઓના મુખ્ય કેન્દ્ર તરીકે ગણાવીને, ત્યાં માધવબાગની સભાનું ઉપહાસમય ચિત્ર આલેખ્યું છે.

પંડિતજી ગૃહસ્થાશ્રમી જીવન ગાળતા હતા. પોતાને ઘેર બાલકૃષ્ણ પ્રભુની સેવા બિરાજતી હતી. તદુપરાંત તેમણે ધર્મના પ્રચાર અર્થે પાઠશાળા, પુસ્તકાલય, (માસિક) પત્ર, તથા પરિષદ(સભા)ની સ્થાપના કરી હતી. તેમની હવેલી સહજ રીતે વિદ્વાનો અને ધર્મપ્રેમીઓની ધર્મશાળા બની ગઈ હતી.

પંડિતજીએ ધાર્મિક જ્ઞાનપ્રચાર માટે તે સમયમાં સુલભ એવાં સર્વ સાધનો ઉપયોગમાં લીધાં હતાં. સભાઓ, વ્યાખ્યાનો, કથાઓ અને યજ્ઞાદિદ્વારા તેમણે આર્યધર્મનો પ્રચાર કર્યો હતો. ધર્મ પુસ્તકાલય, ગોસેવામંડલી અને વિદ્યાલક્ષ્મી પાઠશાલા-નો પણ તેમણે જ પ્રારંભ કર્યો હતો. 'આર્યસમુદય' માસિક તેમણે ચાર વર્ષ ચલાવ્યું હતું, અને 'આર્યસુધર્મોદય સભા'ની સ્થાપના પણ તેમની પ્રેરણાથી સં. ૧૯૩૨ માં થઈ હતી. તે કેવા

સંયોગોમાં બન્યું તેનું રસિક વર્ણન ચરિત્રકાર શ્રી. વૈદ્યે આપ્યું છે. (પ્રકરણ ૧૩ મું.)

પંડિતજીના ધર્મ પ્રચારની નીતિ કદાપિ ખંડનાત્મક નહોતી; છતાં સ્વમતના બચાવરૂપે એ ગમે તેવો સામનો ઝીલવા તત્પર રહેતા. દયાનંદ સરસ્વતીએ સન ૧૮૭૫ માં મુંબાઈમાં આવી, વેદધર્મ પ્રચારની સાથે બીજું ઘણુંઘણું ખંડનાત્મક કામ શરૂ કર્યું હતું. તેમની પ્રવૃત્તિ દેખાવમાં વેદધર્મપ્રચારની હતી; પણ ખરી રીતે તેમનો પ્રચાર પ્રાચીન વૈદિક સનાતન ધર્મ, વર્ણાશ્રમ અને પુષ્ટિમાર્ગ સામે હતો. એમના પ્રચાર સામે વિરોધનો પ્રથમ સૂર કાઢનાર પંડિત ગટ્ટુલાલજી હતા.

શરૂશરૂમાં સુધારા પક્ષમાં રહી પંડિતજી ઉપર આક્ષેપો અને ટીકાઓ કરનાર કવિ નર્મદે તા. ૨૫-૫-૧૮૮૪ ના રવિવારના "ગુજરાતી" માં નિર્મત્સર ભાવથી નોંધ લીધી કેઃ "પંડિત ગટ્ટુલાલજીએ મૂલજી જેઠા વાળી કાપડ મારકીટના દીવાનખાનામાં કાશીના ગોસ્વામી મહારાજની આજ્ઞાથી અષ્ટાવધાનના અદભુત ચમત્કાર કરી બતાવ્યા હતા. શીઘ્રકવિતાશક્તિ ને અષ્ટાવધાનની બાબતમાં પંડિત ગટ્ટુલાલજીની બરાબરી કરી શકે એવો અમારા જોવામાં કોઈ આવ્યો નથી. x x x અમે કહીએ છીએ કે પંડિત ગટ્ટુલાલજીની શીઘ્ર કવિતા, અષ્ટાવધાન અને વિદ્વત્તા માટે મુંબઈવાસી આર્યજનોને મગરૂર રહેવાને કારણ છે."

-- પ્રો. મણિલાલ નભુભાઈએ 'પંડિતજીનું જીવન તથા વ્યાખ્યાનોનો સંગ્રહ' સં. ૧૯૪૦ માં પ્રગટ થયો હતો તેની નોંધ લેતાં લખ્યું હતું કે "પંડિતશ્રી ગટ્ટુલાલજી જો કે આપણા આખા ભરતખંડમાં એક ધુરંધર પંડિત તથા શીઘ્રકવિ તરીકે પ્રસિદ્ધ છે. તેમની અદ્‌ભૂત શક્તિ અને વૈષ્ણવ ધર્મનું યથાર્થ રહસ્ય બતાવી શુદ્ધ ઉપદેશ આપવાની બુદ્ધિ પણ પુસ્તકમાં દશ્યમાન છે. એવા

રણ ૧૩

l; છતાં
દયાનંદ
થે બીજું
પ્રચારની
શ્રમ અને
ર પંડિત

ટીકાઓ
નિર્મત્સર
ી કાપડ
આજ્ઞાથી
શક્તિ ને
ો અમારા
લાલજીની
ને મગરૂર

ખ્યાનોનો
'પંડિતશ્રી
. શીઘ્રકવિ
ર્થ રહસ્ય
છે. એવા

સદુપદેશ આપનારા શુદ્ધ વિદ્વાનો ભૂખે મરે છે ને કેવલ કુમાર્ગે લઈ જાય તેવા ઉપદેશવાળા આનંદ કરે છે. એ પણ વૈષ્ણવોની એક બલિહારી છે ને માણસની ધર્મ સમજવાની શક્તિને પણ જેબ લગાડે તેવી વાત છે.''

મુંબાઈના મોટા મંદિરનો વહીવટ કરનાર ગો. શ્રીજીવનલાલજી મહારાજ વિદ્વાન હતા અને વિદ્વાનની કદર કરતા. તેમણે ગોપાલદાસકૃત ગુજરાતી વલ્લભાખ્યાનની ટીકા વ્રજભાષામાં રચી છે. અને અમદાવાદવાળા વ્રજરાયજીએ તે ઉપર સંસ્કૃતમાં ટીકા રચેલી છે. તે ઉપરાંત શ્રીકૃષ્ણલીલા સંબંધી ઘણાં ધોળ અને ગરબા ગુજરાતી ભાષામાં રચ્યા છે. પંડિતજીએ ગો. જીવનલાલજીની વ્રજટીકા ઉપર નાની ટીકા લખી. 'નવાખ્યાન'ના સારભૂત નવ દૂહા તેમણે હિંદીમાં રચ્યા છે. મૂળગ્રંથ સાથે ટીકાનો ભાવ સમજાવવા એક ટિપ્પણ તથા આખ્યાનનો ભાવ સમજાવનારો દૂહો તેમણે મૂક્યો છે. પંડિતજીએ 'નવ'ની સંખ્યા ઉપર સુંદર કોટિ રચી છે. પંડિતજીને ગો. શ્રી. જીવનલાલજીનું સારું પીઠબળ હતું.

પંડિતજીએ સાંપ્રદાયિક વર્ષોત્સવની **''ટિપ્પણી''** પ્રકટ કરવાની પહેલ કરી જેથી તિથિનિર્ણયમાં મતભેદ જેવું ન રહે. તેનું પ્રકાશન આજે છાસઠ વર્ષ થયા પંડિતજીની સંસ્થાદ્વારા થયા કરે છે.

'વેદાન્તચિન્તામણિ' નામે પંડિતજીનો ગ્રંથ કેવી રીતે રચાયો તેની વાત જાણવા જેવી છે. પંડિતજી ગ્રંથ રીતે લખાવે અને તેમના પિતા ઘનશ્યામભટ્ટજી તે ગ્રંથ લખે. રોજ રાતે પંચોતેર અથવા સો શ્લોક એ લખાવતા. થોડા માસમાં આ કાર્ય પુરુ થયું. જ્યારે પિતા આખો ગ્રંથ વાંચી ગયા ત્યારે તેમાં પુત્રની શક્તિનાં તેમને સમ્યક્ દર્શન થયા. પછી તે ગ્રંથ છપાવવામાં આવ્યો.

જયપુરથી ચોસઠ પ્રશ્નો પુષ્ટિસંપ્રદાય સામે ધરવામાં આવ્યા હતા. તેનું નિરાકરણ પંડિત ગોવર્ધન શર્માં ગટ્ટુલાલજીએ કર્યું હતું. આ પ્રશ્નોત્તરી પણ

'સાત્સિદ્ધાંતમાર્તંડ' નામે છપાઈ છે.

અત્યાર સુધી કેવલ સાંપ્રદાયિક વિદ્વાન તરીકે પંડિત ગટ્ટુલાલજીની ગણના થતી આવી છે; પરંતુ શ્રી. વૈદ્યે લખેલું આ ચરિત્ર વાંચ્યા પછી સહેજે જાણી શકાશે કે સનાતન ધર્મના સર્વ સિદ્ધાન્તો અને આચારવિચારની યોગ્યાયોગ્યતા ઉપર શ્રદ્ધેય વિચારસરણી રજૂ કરનાર એ હતા: એક તરફ સુધારક પક્ષ બીજી તરફ નિરીશ્વરવાદીઓ તથા ત્રીજી તરફ બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, થિયોસોફી અને સ્વામીનારાયણ સંપ્રદાયના સંયુક્ત મોરચા સામે અણનમ ઊભા રહેનાર ભારતમાર્તંડ પંડિત ગોવર્ધનશર્મા ગટ્ટુલાલજી એકલા હતા.

તેમનું વ્યાખ્યાનસાહિત્ય તથા તેમણે રચેલા અનેક ગ્રંથો **પુનર્મુદ્રણને** યોગ્ય છે. એમ આ જીવનચરિત્રમાં તેમાંથી આપેલા અવતરણખંડો ઉપરથી જાણી શકાય છે. કેટલેક સ્થળે વિચારોની વિશુદ્ધતા તથા ભાષાની સરલતા અભેદમાર્ગ પ્રવાસી પ્રો. મણિલાલ નભુભાઈની શૈલીની ખૂબ નજીક આવે છે. પ્રકરણ ૧૪ માં આપેલો પંડિતજીનો ઈશ્વર સંબંધી નિબંધ શાળા-મહાશાળાની વાંચનમાળામાં સ્થાન પામે એવો સરળ છતાં સ્પષ્ટ અને મુદ્દાસર છે: અને પ્રો. મણિલાલ જેવાની ઉત્તમ શૈલીનું સ્મરણ કરાવે છે.

પંડિતજીમાં શાસ્ત્રીય જ્ઞાન અને કાવ્યશક્તિ તો હતાં જ; છતાં તેમણે સાધેલી શતાવધાન કરવાની કલાએ જ તેમને અનેક સ્થળોમાં અને સમાજોમાં અભૂતપૂર્વ પ્રસિદ્ધિ મેળવી આપી હતી. આ 'અવધાન શક્તિ' એટલે મનમાં કોઈ વસ્તુ સ્થિર કરી ઠસાવવાની શક્તિ. (પૃષ્ટ ૧૫૨-૫૩) તેમનાં પ્રશંસકોમાં ભારતીય વિદ્વાનો અને રાજામહારાજાઓ જ નહિ, પરંતુ આંગ્લ અધિકારીઓ અને વિદ્વાનોએ પણ તેમની અવધાન શક્તિને મુક્તકંઠે અંજલિ વ્યાપી હતી. જર્મન પંડિત સર મોનિયર વિલિયમ્સ, મુંબઈ હાઈકોર્ટના જજ અને ઈન્ડિયન

કુલાલજીની
પછી સહેજે
ારવિચારની
ારફ સુધારક
ાનાસમાજ,
ોરચા સામે
ાજી એકલા

ુનર્મુદ્રણને
ડો ઉપરથી
ની સરલતા
ક આવે છે.
ાહાશાળાની
ઃ અને પ્રો.

છતાં તેમણે
ા સમાજોમાં
મનમાં કોઈ
પ્રશંસકોમાં
ાધિકારીઓ
યાપી હતી.
ને ઈન્ડિયન

નેશનલ કોંગ્રેસ (હિંદી મહાસભા) ના સ્થાપકોમાંના એક એવા સર વિલિયમ વેડરબર્ન, પ્રો. પીટરસન, સર એડવીન આર્નોલ્ડ, સર રિચર્ડ ટેમ્પલ વગેરે જેવા તેમની અસાધારણ અવધાનશક્તિ ઉપર મુગ્ધ થયા હતા. વડોદરામાં દીવાન સર ટી. માધવરાવે એમના માનમાં પંડિતોની સભા ભરી હતી.

છતાં એ દુઃખની વાત હતી કે કંઈક તેજોદ્વેષથી સ્વસંપ્રદાયના મુખ્ય મુખ્ય ગોસ્વામી બાળકો પંડિતજીની ઉપેક્ષા કરી, તેમને હલકા પાડવાની ગંદી પ્રવૃત્તિમાં સામેલ રહ્યા હતા. વૈષ્ણવોના પુષ્ટિ સંપ્રદાયના તથા સમગ્ર હિંદુધર્મના સમર્થનમાં બચાવમાં તેમણે જે બુદ્ધિ શક્તિ અને શાસ્ત્રજ્ઞાન બતાવ્યાં હતાં તેની કદર કરવામાં તેમની લઘુગ્રંથિ તેમને અંતરાયરૂપી બની હતી.

શતાવધાનનો બૌદ્ધિક પ્રયોગ કરી બતાવવામાં પંડિતજીનો જે ઉદાત્ત હેતુ હતો તે તેમણે ૧૮૮૯ માં એ જ્યારે ઉમરેઠના મંદિરમાં સભા ભરતા હતા ત્યારે પ્રગટ કર્યો છે. ''આ પ્રયોગ નાટક-તમાશા-રૂપ નથી; પણ આ પ્રમાણે મનને કેળવતાં એક કાલમાં ઘણાં કામ થઈ શકે તથા લોકો ધર્મોપદેશ લેવા કેળવાય એ હેતુ છે. જેમ વૈદ્ય ખાંડસાકરની સહાયતા લે છે તેમ હું પ્રયોગની સહાયતા લઈ, ધર્મોપદેશ કરૂં છું.''

માંગરોલના દીવાન સુજ્ઞ ગોકુલજી ઝાલા જે તેમનાથી વીસ વર્ષે મોટા હતા તે તથા મનસુખરામ ત્રિપાઠી પંડિતજીને મુંબઈમાં મળવા આવ્યા હતા; કારણ કે તેમને તેમની પાસેથી પિષ્ટેષ્ટિ કરી સોમયજ્ઞ કરવો હતો. જેનો સર્વ વિધિ પંડિતજીને સુવિદિત હતો.

કાશીમાં એ ગયા ત્યારે 'ભારતેન્દુ હરિશ્ચંદ્ર' સાથે તેમનો મેળાપ થયો હતો. તે મેળાપ હતો 'ભારતેન્દુ' સાથે 'ભારતમાર્તંડ'નો. ત્યાં શતાવધાનના પ્રયોગ બતાવતાં તેમને 'શીઘ્રકવિ' અને 'શતાવધાનીનું' પદ આપવામાં આવ્યું હતું. બન્ને જણે ભારતની સંસ્કૃતિને પ્રકાશિત કરી હતી.

સં. ૧૯૪૧ માં તેઓ જૂનાગઢ અને ભાવનગર ગયા હતા. ત્યાં ગગા ઓઝા જે વાનપ્રસ્થમાં હતા તેમને પંડિતજી મળ્યા હતા. એવા એ નિરભિમાની અને ગુણજ્ઞ હતા.

આ વખતે દયારામભાઈના પટ્ટશિષ્ય **રણછોડભાઈ** અમદાવાદ વડોદરા, ભરૂચ, સુરત અને મુંબઈમાં આવી પહોંચ્યા હતા. તેમણે દયારામ ભાઈનાં પદો સંભળાવ્યાં દલપત તથા નર્મદા તેમનાં ગાયેલાં પદોથી મુગ્ધ થયા હતા આ રણછોડભાઈ ગટ્ટુલાલજી તથા તેમના પિતા ઘનશ્યામ ભટ્ટને પણ મળેલા. ત્યારથી પંડિતજીને દયારામભાઈમાં રસ પડયો. અને સાથે સાથે પ્રાચીન ગુજરાતી કવિતામાં પણ રસ પડયો. **કવિ રત્નેશ્વરકૃત ? 'ભાગવત દશમસ્કંધ'નો સમશ્લોકી દેશીબદ્ધ પદ્યઅનુવાદ** પંડિતજીની પ્રેરણાથી જ ઈ. સ. ૧૮૭૧ માં પહેલવહેલો ગોવર્ધનદાસ નારાયણભાઈદ્વારા પ્રસિદ્ધ કરાવ્યો. એનું અર્પણ ગો. શ્રીજીવનલાલજી મહારાજને કરેલું છે.

યજ્ઞો કરવામાં પંડિતજીની જે શ્રદ્ધા અને ભક્તિ હતાં તે નીચેના પ્રસંગ પરથી જાણી શકાય છે. સં. ૧૯૩૪ માં મુંબઈમાં વરસાદ ન આવવાથી દુકાળની ભીતિ ઊભી થઈ અને લોકો બેચેન બન્યા. તેથી ગુજરાતી મહાજનના શેઠ શ્રી. મુળજી જેઠા વગેરે પંડિતજી પાસે વર્ષા લાવાના કોઈ ઉપાય માટે વિનંતિએ આવ્યા. તેમની ઉપર કૃપાલુ બનીને પંડિતજીએ મારકીટમાં યજ્ઞ કરવાનું નક્કી કર્યું. **'યજ્ઞથી પર્જન્ય વરસે છે' એ ગીતાવાક્ય** ઉપર ભરોસો રાખી, પર્જન્ય યજ્ઞ માટે પોતે શૃંગોઋષિનું પદ લઈ યજ્ઞવિધિ કરી, મારકીટના કૂવામાં ઊતર્યા. તે વખતે તેમણે કાળાં વસ્ત્રો પહેર્યાં હતાં. અને કલાકો સુધી યજ્ઞની ક્રિયા માટે તેમણે મંત્ર જપવા માંડયો; પણ વરસાદ ન આવ્યો અને યજ્ઞ ને મંત્રની પૂર્ણાહુતિ થવા આવી; પંડિતજી પણ કૂવાની બહાર આવ્યા.

આથી કેટલાક અશ્રદ્ધાળુઓમાં શાસ્ત્ર પ્રત્યે અશ્રદ્ધા ઉત્પન્ન થઈ,

અંદરઅંદર તેઓ વાતો કરવા લાગ્યા; પંડિતજીના ચકોર કાન આ બધું સાંભળતા હતા; છતા તેને ન ગણકારી, પરમાત્મા ઉપર દઢ ભાવ રાખી અવભૃથ સ્નાન કરવા માટે એ સમુદ્ર ઉપર જવા તૈયાર થયા તે વખતે તેમની સાથે આવતા જનસમુહને તેમણે કહ્યું કે 'સાથે છત્રીઓ રાખવી ઠીક પડશે.' કોકે ઠાવકી કરડાગી કરીને કહ્યું, 'ગુરુજી ! તાપ સખ્ત પડે છે, માટે આપ છત્રી લેવાનું કહો છો ?'

પંડિતજીએ તેનો ઉત્તર આપ્યો નહિ. હજારો લોકો સાથે સમુદ્રસ્નાન કરવા તે ઉપડયા. ત્યાં સાગરનું વિધિસર પૂજન કરી સ્નાન કર્યું, કપડાં બદલી ઘર તરફ જવા તૈયાર થયા. એટલામાં ઓચિંતા આકાશમાં વાદળાં દેખાવા લાગ્યાં; ને થોડે છટે ગયા ન ગયા ત્યાં તો વરસાદનાં ફોરાં પડવા લાગ્યાં પછી તો જોરથી વર્ષા થઈ. મેઘ ગાજ્યો અને તે સાથે અશ્રુદ્ધાળુની અશ્રદ્ધા પણ છિન્નભિન્ન થઈ ગઈ. તેમણે પંડિતજીની માફી માગી. આ ખરો બનેલો પ્રસંગ છે જેમાં પંડિતજીની વિદ્યા તથા ઈચ્છા શક્તિનો અપૂર્વ વિજય થયો હતો.

સને ૧૮૯૭ માં મુંબઈમાં **બ્યુબોનિક પ્લેગ** ફાટી નિકળ્યો. આથી પંડિતજીને લખતરના ભગવદીય મહારાણાએ આગ્રહપૂર્વક લખતર બોલાવી લીધા. એટલે એ ઠાકોરસેવા તથા પુસ્તકો સહિત ત્યાં પધાર્યા. ત્યાંથી થોડા માસ પછી એ ભાવનગરમાં વૈશ્યોને ઉપવિત સંસ્કાર આપવા ગયા. ભાવનગર નરેશે તેમનો સત્કાર કર્યો. ત્યાંથી વચમાં એ જૂનાગઢ પોતાને મોસાળ જઈ આવ્યા. ભાવનગર આવ્યા ત્યારે તેમની પાંચ માસની પુત્રીના જન્મ પછી તેમનાં પત્ની સૂતિકા રાગથી પીડાતાં હતાં. પ્રખ્યાત ઝંડુભટ્ટજીએ તેમનો ઉપચાર કરવા માંડયો હતો. દરમિયાન પંડિતજીની પ્રકૃતિ અસ્વસ્થ થવા લાગી હતી. તેમણે છેલવહેલો એક સભાવિનોદ ત્યાં કરાવ્યો એક તરફ પત્નીની તબિયત તો બરાબર ન હોતી જ, એટલામાં તો એમની અવસાન ઘડી આવી

ગઈ.

ત્રેપન વર્ષની પ્રમાણમાં નાની ઉંમરે **'नमोस्त्वनंताय सहस्र मूर्तये'** એ શ્લોક ઉચ્ચારતાં તેમનો આત્મા ગોલોકમાં ચાલ્યો ગયો.

પંડિતજીએ 'ગોવર્ધન' સંજ્ઞાથી ગુજરાતી કવિતા રચી છે. તેની વાનગીરૂપે નીચેની 'ઈશ્વર પ્રાર્થના' ઉતારી આ પરિચય પૂરો કરીએ:-

(રાગ) પીલુ-બરવો

સહુ જન સુખી રાખો હરિરાય-
તનથી મનથી ધનથી જનથી દુ:ખિત કોઈ ન થાય-સહુ જન.
શ્રુતિસંમત મંગલ ઉપદેશ, કુપથ સંગ વિસરાય,
કાલ વિશાલ નિરર્થ ન ખોતાં, અર્થ સમર્થ ભરાય-સહુ જન
થાય વિરામ નિકામ કામનો, કુશલ જ કામ કરાય,
ગોવર્ધન પ્રભુ આપ કૃપાથી, ભક્તિદ મુક્તિ વરાય-સહુ જન.

શ્રી ચીમનભાઈને આ ચરિત્ર લખવા માટે અનેકશ: ધન્યવાદ ઘટે છે.

ચૈતન્યધામ, પ્રતાપગંજ.
વડોદરા ૨.
ગોપઅષ્ટમી, સં. ૨૦૧૨

મંજુલાલ ૨. મજમુદાર

વેદાન્તચિંતામણિ

૧. નાસ્તિકતાનો ઉચ્છેદ

શુદ્ધ અદ્વૈત-રૂપ, સર્વશક્તિવાળા, જડજીવાદિના કારણ, સાકાર અને સત્-ચિત્-આનંદસ્વરૂપ શ્રીપુરુષોત્તમને હું વંદન કરું છું (૧)

માયાવાદ-રૂપી અંધકારનો નાશ કરનારા સૂર્ય અને ભક્તિમાર્ગનો પ્રકાશ કરનારા ચંદ્ર શ્રીમદ્ વલ્લભાચાર્ય-મહાપ્રભુજી અને શ્રીવિટ્ઠલનાથ ગુસાંઈજીનું હું સ્તવન કરું છું. (૨)

ગુરુ શ્રીવ્રજવલ્લભજીનો ભક્ત અને પિતા શ્રીઘનશ્યામ ભટ્ટજી પાસેથી વિદ્યા પ્રાપ્ત કરનાર આ ગોવર્ધન (ગટ્ટુલાલ) બાળબુદ્ધિવાળાઓની સમઝ માટે વેદાંત-રૂપી ચિંતામણિનો વિસ્તાર કરે છે. (૩)

વારું, આ બધું વિશ્વ જુદાં જુદાં રૂપોવાળું જોવામાં આવે છે; એ ભારે આશ્ચર્યજનક વાત છે; તેથી એના કારણનો વિચાર કરિયે. (૪) જે પહેલાં હતું જ અને જે પેદા કરવાને સમયે જરૂરી છે તે એ વિશ્વનું કારણ છે. એ કારણથી જે પેદા કરવાનું છે તે એનું કાર્ય. (૫) જે પ્રમાણે માટી કુંભાર દંડો ચાકડો વગેરે ઘડાનાં કારણ છે તે પ્રમાણે આ વિશ્વ શાને લઈને કોણે પેદા કર્યું હશે ? (૬) ચેતન-રૂપ મનુષ્ય વગેરેનાં કારણ એવા જ પ્રકારનાં માતાપિતા છે, તેમજ ઝાડ વગેરે જડ પદાર્થોનાં બીજ વગેરે સ્પષ્ટ કારણ છે. (૭) માબાપનાં કારણ દાદો-દાદી અને એમનાં એમનાં માબાપ કારણ છે. આ પ્રમાણે વિચાર કરતાં શરૂમાં કોણ હતું ? આ સૃષ્ટિ મૈથુન-ધર્મથી ચાલુ થઈ છે, તો શું શરૂમાં પુરુષ હતો કે સ્ત્રી હતી કે બંને હતાં;-આ વિશે સંશય રહે છે. આ પ્રમાણે જડના વિષયમાં પણ ઝાડને એનું કારણ બીજ, પછી ફળમાંથી ફળ, ઝાડમાંથી ઝાડના અંકુર, વારુ, બીજમાંથી ઝાડ કે બીજ જ શરૂમાં ? આનો છેવટ સુધી વિચાર કરતાં

બુદ્ધિ કોઈ નિશ્ચય ઉપર આવી શકતી નથી. (૮-૧૦)

માટે બધા જ વિશ્વનું કારણ માત્ર બ્રહ્મ છે, કારણ કે એ આદિ છે, એની સાથે કોઈ બીજું નથી, અને સર્વરૂપ થવાની એનામાં શક્તિ છે. (૧૧) બધા જ પ્રકારના ગુણધર્મ એમાં હોવાને લઈ, એ ઈશ્વર હોઈ અને એવી શાસ્ત્રોમાં પણ જાહેરાત હોઈ પોતે જ પોતાની ઈચ્છાથી પોતાના રૂપમાંથી આ વિશ્વની ઉત્પત્તિ કરી. (૧૨) જે પ્રમાણે કરોળિયો પોતાની લાળમાંથી પોતાની ઈચ્છાથી જાળું તૈયાર કરે છે, એને જાળવે છે અને પછી પાછું ગળી જાય છે, તે જ પ્રમાણે આ વિશ્વનાં સર્જન, સ્થિતિ અને નાશ એ બ્રહ્મથી છે. (૧૩)

શંકા - આ સઘળું પંચમહાભૂત આકાશ વાયુ તેજ પાણી અને પૃથ્વી-રૂપ છે; તો શું એ પંચમહાભૂતો આનાં કારણ નહિ ?

સમાધાન - નહિ; પંચમહાભૂતો અધ્ધર પડ્યાં છે એવું નથી, તેમજ એકબીજામાં એકબીજાનું જોડાણ એની મેળે થાય છે એવું પણ નથી. વળી કાળ જીવ વગેરે કાંઈ પંચમહાભૂતાત્મક નથી; એ ક્યાંથી થયાં ? અથવા એ પંચમહાભૂતો આવા સ્વભાવવાળાં કેવી રીતે થયાં ? (૧૪-૧૫) આથી જ બધાંના બીજ-રૂપ સ્વતંત્ર એક કોઈ સત્તાધારી ઈશ્વર અવશ્ય છે, જે પ્રવૃત્તિ કરે છે અને નિયમમાં રાખે છે, અને જે વિશ્વનાં સ્થિતિ અને નાશનો હેતુ છે. (૧૬)

એ બ્રહ્મ ક્યાં છે ? આકાશની જેમ બધે સ્થળે અને હૃદયમાં પણ ફેલાયેલું છે. વારુ, શા માટે એ દેખાતું નથી ? કારણ કે આપણી નજરમાંથી એ તિરોધાન પામી રહેલું છે. (૧૭) બંધ ગુફામાં પવન હોવા છતાં એ ઘામને ટાળતો નથી; પંખાથી એનો અનુભવ કરી શકાય છે; એ જ પ્રમાણે બ્રહ્મનો અનુભવ જ્ઞાનથી થાય છે. (૧૮) પડદાની પાછળ પડેલાં હોય તો ઘડો વગેરે પદાર્થ જોઈ શકાતા નથી; એ જ પ્રમાણે માયારૂપી પડદાથી ઢંકાયેલું હોઈ બ્રહ્મ જોવામાં આવતું નથી. (૧૯) જેણે કોયલ કાગડા પોપટ હંસ મોરને કાળાં લીલાં

સફેદ અને રંગબેરંગી કર્યાં છે, પરસ્પર તદ્દન વિરુદ્ધ પ્રકારના અને અતિ વિચિત્ર સ્વરૂપવાળા વિશ્વનું નિયમપૂર્વક જે કારણ છે, તે બ્રહ્મ છે. (૨૦-૨૧) જેઓના યથાતથા સ્વરૂપનો ખ્યાલ મેળવવો ખૂબ જ મુશ્કલ છે તેવા સૂર્ય વગેરે ગ્રહો જેનાથી પ્રકાશી રહ્યા છે, આધાર વિના સ્થિતિ કરી રહ્યા છે, ગમન કરી રહ્યા છે, અને જેનું નિત્યપણું નક્કી છે. (૨૨) આ પ્રકારના સાંભળવામાં અને જોવામાં આવેલાં ઘણા સ્પષ્ટ પ્રકારોથી સ્થિર મને બ્રહ્મનો સારી રીતે સ્પષ્ટ નિશ્ચય કરવો. (૨૩) ઉદયનાચાર્ય વગેરે વિદ્વાનોએ 'કુસુમાંજલિ' વગેરે ગ્રંથોમાં ઈશ્વરના વિષયમાં સેંકડો અનુમાન આપ્યાં છે. એમણે કહ્યું છે કે --

''कार्यायोजनधृत्यादेः पदात्प्रत्ययतः श्रुतेः ।
वाक्यात्संख्याविशेषाच्च साध्यो विश्वविदव्ययः ॥

કાર્ય, અણુ વગેરેનું આયોજન (જોડાણ), ધારણ (બ્રહ્માંડ વગેરે પડી જતાં નથી એ), શબ્દ, જ્ઞાન, વેદ, વાક્ય અને અણુ વગેરેમાંની સંખ્યા એ વગેરેથી વિશ્વના જ્ઞાનરૂપ અવ્યયાત્મક (અવિનાશી) ઈશ્વરને સિદ્ધ કરવાનો છે. (૨૪-૨૫) પંચ મહાભૂત-રૂપ જડ અને જીવોને પેદા કરી, પંચમહાભૂતોમાંથી બીજું પણ પેદા કરી, ક્યાંક ઓછું અને ક્યાંક વધુ-એ પ્રમાણે અનેક દેહો અનેક પ્રકારના ચિત્રવિચિત્ર કર્યા. પછી એમાં જીવ વગેરેની સ્થાપના કરી પોતાની માયાથી એમણે મોહની ભૂરકી નાખી. આમ મોહ પામેલા આપણે 'બ્રહ્મ કેવું છે અને આપણે કેવા છિયે' એ વિશે કશું જાણતા નથી. (૨૬-૨૭) વેદોમાં તેમજ પુરાણોમાં બ્રહ્મમાંથી બ્રહ્મા વગેરેની ઉત્પત્તિ અને એમાંથી માનવો વગેરેની ઉત્પત્તિ બતાવી છે તે ધ્યાનમાં લેવી. (૨૮) આ પ્રમાણે પ્રવૃત્તિ કરવા માટે સૃષ્ટિની રચના કરી. પાપ અને પુણ્યની મર્યાદા અને પોતાનું સ્વરૂપ, કર્મ, જ્ઞાન, ભક્તિ વગેરે બધાંને જણાવવા માટે એણે વેદોને પ્રગટ કર્યા. (૨૯) એમાં પ્રાયશ્ચિત્ત વગેરે ઉપાયો-વાળી સફળ કર્મ-મર્યાદા બતાવી, જ્ઞાનને માટે પોતાના

સ્વરૂપનો બોધ કર્યો, અને મોક્ષ અને ભક્તિ બતાવ્યાં. (૩૦) જે આ સત્કર્મ કરે તેને આ સુખ મળે, જે આ દુષ્કર્મ કરે તેને આ દુષ્ફળ ભોગવવાનું થાય. (૩૧) વેદો બિરાજે છે અને વિવેચન કરીને ઉપદેશ આપી રહ્યા છે-એવી સ્થિતિમાં જે કોઈ માણસ જેવા જેવા પ્રકારે કાંઈ કરે છે તેવા તેવા પ્રકારે તેને પ્રભુ ફળ આપે છે. (૩૨) કર્મને અનુસરીને વંશ દેહ વિદ્યા અને વૈભવ વગેરે બધું કેવા દેહમાં આપણે જન્મ્યા છિયે એનાથી મળ્યે જાય છે. (૩૩) કર્મોથી બીજું બધું મળે છે; એમાંથી થયેલાં કર્મોથી વળી બીજું કાંઈ મળ્યે જાય છે; બહુ પાપ કરનારાઓને નરક મળે છે, તો બહુ પુણ્ય કરનારાઓને સ્વર્ગ મળે છે; જ્યાં પાપીઓને પીડારૂપ દેહ મળે છે અને પુણ્યશાળીઓને પવિત્ર દેહ મળે છે. ત્યાં તે તે જાતના ભોગ ભોગવી પાછા પૃથ્વી ઉપર આવી રહે છે અને બધું મેળવી લે છે. (૩૪-૩૫) જેમ ચોમાસાના પાણીથી નદીનો પ્રવાહ ક્યાંય અટકયા વિના ચાલ્યો જાય છે તે પ્રમાણે આવો અખંડ અનંત પ્રવાહ ચાલ્યા કરે છે. (૩૬) જગતના ઈશ્વરની આ સઘળુ વિશ્વ લીલા છે, જે પ્રમાણે બાળક માટીનાં પૂતળાંઓમાં ‘આ રાજા, આ ગુલામ’ વગેરે કહે છે તે પ્રમાણે ઈશ્વર પણ પોતાની ઈચ્છાથી ક્યાંક મિત્રતા ને ક્યાંક શત્રુતા એમ એ બધું કરે છે. (૩૭-૩૮) ભલે વાતમાં કાંઈ માલ ન હોય છતાં જીવોને શતરંજની રમતમાં ભારે કાવાદાવા અને તેથી ભારે નવાઈ જણાય છે; તો વિશ્વ તો પાર ન પમાય તેવા વિષયોથી ભરેલું અને ભગવાનની લીલારૂપ-એના પ્રપંચનો પણ ભારે વિસ્તાર છે તેવું છે, તો એ આશ્ચર્યથી ભરેલું કેમ ન હોય ? (૩૯-૪૦) લાકડાના કેટલાક ટુકડાનાં નામ ‘આ રાજા’ વગેરે કહેવામાં આવે છે; એના છકડાની ચોક્કસ ચાલ પણ નક્કી કરવામાં આવી હોય છે; અને નગરજનોએ ચોસઠ ખાનાની ચોપાટ આધાર તરીકે કરી હોય છે, એમાં સામસામી લડાઈ વગેરે બતાવી હોય છે તેનો પણ પાર નથી હોતો, તો પછી ભગવાને કરેલા આ વિશ્વની તો વાત જ શી કરવી ? પેલી

કર્મ કરે
(૩૧)
થતિમાં
ભુ ફળ
ધું કેવા
જું બધું
હુ પાપ
ે; જ્યાં
છે. ત્યાં
, મેળવી
યા વિના
. (૩૬)
માટીનાં
પોતાની
૩૮) ભલે
ાવા અને
થી ભરેલું
છે, તો એ
નામ ‘આ
ી કરવામાં
તરીકે કરી
પાર નથી
ી ? પેલી

શતરંજની રમતની જેમ અહીં પણ અનેક બ્રહ્માંડો આધાર-રૂપ છે. (૪૧-૪૩) પંચમહાભૂતોના પિંડનાં અનેક પ્રકારનાં નામ આપવામાં આવ્યાં છે અને અનેકોની અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ઈંદ્રિયોને લઈ કરેલી છે. (૪૪) પ્રવૃત્તિમાંથી ઉત્પન્ન થઈ શકે તેવાં માનસિક કાર્યો પણ અનેક છે. સારાં અને ખરાબ કર્મોથી પણ અનેક પ્રકારથી ગતિઓ પણ નક્કી કરવામાં આવી છે. (૪૫) પોતે સમર્થ હોઈ, જેની શક્તિનો તાગ અને પાર આવી શકે તેમ નથી તે પ્રભુએ પોતાની ઈચ્છાએ પોતાના સ્વરૂપમાંથી લીલા માટે જગતને પ્રગટ કર્યું છે. (૪૬) અહંતા અને મમતાથી બંધાયેલા અને માયાથી અંધ બનેલા બધા જીવો ભગવાનની ઈચ્છાની ઉપર કહી પરંપરા પ્રમાણે આ જગતમાં ચાલ્યા કરે છે. (૪૭) દેવો બધા એ પ્રભુના અંશ છે. કામનાવાળા જીવો એ દેવોનો આશ્રય કરી રહ્યા છે. માહાત્મ્ય જણાવવા એઓની દ્વારા તે તે વસ્તુ પ્રભુ જીવોને આપે છે. (૪૮) જેને સારી રીતે જ્ઞાન થયું છે તે સંસારમાંથી મુક્ત થાય છે. સંપૂર્ણ આત્માપૂર્વક જે એ પ્રભુએ આશરે જાય છે-ભજન કરે છે તેને કાંઈ પણ મેળવવું મુશ્કેલ નથી (૪૯) જે પ્રભુએ ગર્ભમાં રક્ષણ કરીને પછી માતાના દૂધ વગેરેથી ભારે ઉપકાર કર્યો છે તે દયાના સાગર ભગવાન હરિની શા માટે સેવા ન કરવી ? (૫૦) એ પ્રભુ થોડાથી સંતોષ પામે છે; એનાથી જીવને પોતાને પણ સુખ થાય છે. આ લોકના કે પરલોકના પદાર્થની અને મોક્ષની ઈચ્છા હોય તો એ પણ સરળતાથી મળે છે. (૫૧) મનુષ્યો લોકમાં રાજાનો સમાગમ કરવાની ઈચ્છા કરે છે, તો પછી બધાના નિયામક ઈશ્વરના સમાગમ માટે શાને યત્ન ન કરવો ? (૫૨). આ પ્રભુનો સમાગમ જ્ઞાનથી થાય છે. એ જ્ઞાન વેદશાસ્ત્રથી થાય છે. નજીકમાં રહેનારાની વાણીથી રાજાની પ્રકૃતિ વગેરે જાણી શકાય છે. (૫૩) વેદનું જ્ઞાન મળવું બહુ મુશ્કેલ હોઈ લોકો ઉપર કૃપા કરનારા મોટા મોટા મુનિઓએ પ્રભુની આજ્ઞાથી સાચાં શાસ્ત્રો કહ્યાં છે. (૫૪) એ સત્-શાસ્ત્રોમાં સમઝવા માટે વેદના

અર્થના જ ખુલાસા આપવામાં આવ્યા છે. ભગવાનની વેદ અને શાસ્ત્રરૂપ વાણી સાવધાન થઈને વિચારવી જોઈએ. (૫૫) મનન કરવા લાયક છતાં પણ ગુરુ ન હોય તો વેદ અને શાસ્ત્રોનો અર્થ સમઝાય નહિ, માટે જેને પરંપરાથી વિદ્યા મળી છે. તેવા સદ્ગુરુનો આશ્રય કરવો. (૫૬) ઉપદેશપૂર્વક ગુરુની પાસેથી મેળવેલા વેદના જ્ઞાનથી અથવા માત્ર ઉપદેશમાંથી જો પ્રભુનો આશ્રય કરવામાં આવે-ભજન કરવામાં તો એ પ્રભુ સંતોષ પામે છે; બીજા કોઈ પ્રકારે નહિ. (૫૭) સદ્ગુરુ પાસેથી તરત જ પ્રભુનું દર્શન કરાવે તેવા મંત્ર પામીને વેદનો અર્થ જાણવાની મહેનત શક્તિપૂર્વક કરવી અને શ્રદ્ધા સાથે શુદ્ધ ભાવથી શક્તિ પ્રમાણે ઉપાયો કરીને પુરુષોત્તમનુ હંમેશાં ભજન કરવું. (અહીં 'ભજન' આશ્રય'ના અર્થમાં મુખ્યત્વે છે. (૫૮-૫૯) લોકમાં શરણે આવેલા અને સર્વસ્વનું નિવેદન કરનારાને નાનો પણ બળવાન માણસ કોઈ રીતે તજી દેતો નથી, તો પછી સદ્ગુરુ દ્વારા એ એકમાત્ર પ્રભુને શરણે જાય અને એ પ્રભુને બધું સમર્પણ કરે તેનો પ્રભુ કેવી રીતે ત્યાગ કરવાના ? (૬૦-૬૧) યોગીઓને પણ જે પ્રભુનાં દર્શન મુશ્કેલ છે તે-પ્રભુનાં સાક્ષાત્ દર્શન ન થાય ત્યાસુધી શુદ્ધ રૂપની સિદ્ધિ માટે પ્રભુની પ્રતિમાનું અર્ચન કરવું. (૬૨) એ પ્રતિમામાં પ્રવેશ કરીને રહેલા અને મંત્રને વશ થયેલા પ્રભુ અર્પણ થયેલું સ્વીકારે છે અને ભક્તોને એમાં જ બધો સાક્ષાત્ અનુભવ થાય છે. (૬૩) ગોપીચંદનની મુદ્રા, કંઠમાં તુલસીની માળા અને કપાળમાં ઊભું શુદ્ધ તિલક કરનારા તેમજ ગુરુનો ઉપદેશ પામેલા ભક્તો પ્રભુને ખૂબ વ્હાલા છે. (૬૪) જે પ્રમાણે જરૂરી વસ્ત્ર વગેરે ધારણ કર્યા સિવાય રાજમહેલમાં રાજસેવકો કદી જતા નથી તે પ્રમાણે પ્રભુમંદિરમાં પણ ઉપરનાં ત્રણ વિના જવાનું નથી. (૬૫) રાજાના સંબંધવાળા લોકોને જેમ પોતાનું કાંઈ લક્ષણ છે તે પ્રમાણે વૈષ્ણવોનાં ચિહ્ન કપાળમાં ઊભું તિલક અને કંઠમાં તુલસી-માળા છે (૬૬) તેથી ગુરુનો ઉપદેશ પામી અને પ્રભુનાં ચિહ્ન

ા વાણી
ા ગુરુ ન
ા મળી
ેળવેલા
આવે-
. (૫૭)
નો અર્થ
પ્રમાણે
ાશ્રય'ના
નિવેદન
ો પછી
ર્પણ કરે
' પ્રભુનાં
ી સિદ્ધિ
ને રહેલા
એમાં જ
તુલસીની
ા પામેલા
ારણ કર્યા
રમાં પણ
ોને જેમ
ાલક અને
ુનાં ચિહ્ન

ધારણ કરી ભગવાન હરિની સતત સેવા કરવી. (૬૭)

આનંદમય એ પર બ્રહ્મની હંમેશાં જ સેવા કરવી અને સ્થિર મનથી વેદ વગેરેના નિરંતર અભ્યાસથી એનું જ્ઞાન મેળવવું. (૬૮)

૨.

પ્રમાણ-નિરૂપણ

બ્રહ્મ પરોક્ષ છે અને તેથી એનો નિશ્ચય કરવામાં શબ્દ એ એક જ પ્રમાણ છે. એ વેદરૂપ શબ્દ અલૌકિક અને સ્વતંત્ર છે, અને સાક્ષાત્ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. (૧)

'वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधि-भाषां व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ।
उत्तरं पूर्वसंदेहवारकं परिकीर्तितम् ।
अविरुद्धं तु यत्त्वस्य प्रमाणं तच्च नान्यथा ।
एतद्विरुद्धं यत्सर्वं न तन्मानं कथंचन ॥

-બ્રાહ્મણો આરણ્યકોને ઉપનિષદો સાથે ચારે વેદ, ગીતાજીમાંનાં પ્રભુ શ્રીકૃષ્ણનાં વાક્ય, બાદરાયણ વ્યાસનાં બ્રહ્મસૂત્ર અને ભાગવતમાંની વ્યાસજીની સમાધિભાષા-આ ચાર પ્રમાણ છે. પહેલાં પહેલામાં જ્યાં સંદેહ ઊભા થાય તેનું નિવારણ પછી પછીનું શાસ્ત્ર કરે છે. આ ચારથી જે વિરુદ્ધ ન હોય તે બધું પ્રમાણ; બીજું નહિ. એનાથી વિરુદ્ધ જે કાંઈ હોય તે કોઈ રીતે પ્રમાણ નહિ.' આ પ્રમાણે શ્રીમદ્‌વલ્લભાચાર્ય-મહાપ્રભુજીએ તત્ત્વાર્થદીપ નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં (આરંભે) પ્રમાણોનો નિર્ણય કરતી વેળા જણાવ્યું છે. (૨-૪) પ્રભુએ પોતાના સ્વરૂપનો ઉપદેશ થવા વેદોમાં જ નિરૂપણ કર્યું છે; સૃષ્ટિના પ્રકારો અને ભક્તિ તથા મોક્ષનું પણ વર્ણન કર્યું છે. (૫) બ્રહ્મ પરોક્ષ અને જેના સ્વરૂપનો વિચાર થઈ ન શકે તેવું છે, અને સાધન તથા ફળ સ્પષ્ટ નથી, તેથી માયાથી મોહ પામેલી બુદ્ધિવાળાઓએ એનું વેદોથી જ જ્ઞાન મેળવવું. (૬) આત્મસ્વરૂપ એવા એ વેદોનો પૂર્વ બ્રહ્માને પ્રભુએ ઉપદેશ કર્યો હતો, એ બ્રહ્મા એ પોતાના શિષ્ય ઋષિઓને, અને એ ઋષિઓએ પોતાના શિષ્યોને, એમ ઉત્તરોત્તર એનું જ્ઞાન આપવામાં આવ્યા કર્યું. (૭) આ પ્રમાણે પરંપરાએ આવી

મળેલા વેદ પ્રભુમય છે. 'वेदो नारायणः साक्षात्स्वयंभूरिति शुश्रुम (ભાગ.)--વેદ સાક્ષાત્ નારાયણસ્વરૂપ છે અને મેળે ઉત્પન્ન થયેલા છે એમ અમે સાંભળ્યું છે.' (૮)

'यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै ।
तं ह देवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥

(શ્વેતાશ્વતર)-જેણે બ્રહ્માને પ્રગટ કર્યા અને એમને વેદો લાવી આપ્યા તે આત્મબુદ્ધિનો પ્રકાશ કરનારા દેવને મોક્ષની ઈચ્છા ધરાવનાર હું શરણે જઉં છું. (૯)

'कालेन नष्टा प्रलये वाणीयं वेदसंज्ञिता ।
मयादौ ब्रह्मणे प्रोक्ता धर्मो यस्यां मदात्मकः ॥ (ભાગ.)

-વેદ નામની આ વાણીનો કાળે પ્રલય સમયે નાશ કર્યો હતો; એ આરંભમાં મેં બ્રહ્માને કહી કે જેમાં ધર્મ મારા સ્વરૂપે રહેલો છે' (૧૦)

વેદ અને ભાગવત વગેરેમાં એ સ્પષ્ટ સ્વરૂપે જ જાણવામાં આવે છે. બોધ થવા માટે અનેક પ્રકારે એમાં બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. (૧૧) 'नारायणपरा वेदाः- વેદો નારાયણ-પર છે' એવું ભાગવત વગેરેમાં અને 'वेदैश्च सर्वैरहमेव वेद्यः- બધા વેદોથી મને જ જાણવાનો છે' એ પ્રમાણે સ્મૃતિ (ગીતાજી) માં કહ્યું છે. (૧૨) જે કાંઈ બાકી રહ્યું હતું તે વેરાગી અર્જુનને એનો અધિકાર જોઈ સ્મૃતિના રૂપમાં ભગવાને કહી બતાવ્યું. (૧૩) વેદ પણ પરબ્રહ્મની વાણી છે અને ગીતા પણ એ જ પ્રભુની વાણી હોઈ વેદરૂપ છે.

'गीता सुगीता कर्तव्या किमन्यच्छास्त्रविस्तरैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिर्गता ॥

(ગીતા-માહાત્મ્ય)-ગીતાનું ખૂબ ખૂબ ગાન કરવું; બીજી ખૂબ લાંબી લાંબી શાસ્ત્રોની વાતોની શી જરૂર છે ? કે જે ગીતા સાક્ષાત્ ભગવાન

પદ્મનાભના મુખરૂપી પદ્મમાંથી નીકળી છે.' (૧૪) બ્રહ્મસૂત્રોમાં શ્રુતિ અને સ્મૃતિનું સ્વરૂપ છે અને ગીતામાં વેદવાક્યનું બચેલું સ્વરૂપ છે. (૧૫) વેદોનું જ્ઞાન ભારે મુશ્કેલીથી થઈ શકે એમ હોઈ વ્યાસજીએ બ્રહ્મનું નિરૂપણ કરનારું સૂત્રોના સ્વરૂપનું સંદેહોને ટાળનારું શાસ્ત્ર પ્રગટ કર્યું. (૧૬) વ્યાસજીના શિષ્ય જૈમિનિએ પણ વેદોની મદદથી ધર્મનો વિચાર કર્યો. આમ સમગ્ર વેદનો અર્થ ઉત્તર અને પૂર્વ મીમાંસાથી પૂર્ણ થાય છે. (૧૭) વ્યાસજીએ શ્રુતિ અને સ્મૃતિનાં પ્રમાણોથી બ્રહ્મના સ્વરૂપનો તથા સાધન અને ફળનો નિર્ણય કરી આપ્યો, અને શ્રુતિ અને સ્મૃતિને જે સંમત નહોતું તેનો પોતાના આ શાસ્ત્રમાં નિષેધ કર્યો. (૧૮) 'ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः (ગીતાજી)–હેતુવાળાં અને સારી રીતે નક્કી કરવામાં આવેલાં 'બ્રહ્મસૂત્ર'ના શબ્દોથી'–એ રીતે આ બ્રહ્મસૂત્રોનું પ્રમાણ ગીતાજીમાં તેમજ ભાગવતમાં પણ બતાવ્યું છે.

'जिज्ञासितं सुसंपन्नमपि ते महदद्भूतम् ।
कृतवान् भारतं यस्त्वं सर्वार्थपरिबृंहितम् ॥ (ભાગ.)
जिज्ञासितमधीतं च यत्तद्ब्रह्म सनातनम् ('')

–જે જાણવાની ઈચ્છા કરેલી તે અદ્દભૂત મહાન વસ્તુ તમને પ્રાપ્ત થઈ, કેમકે બધા અર્થથી પૂર્ણ મહાભારતની તમે રચના કરી.' 'તમે સનાતન બ્રહ્મની જિજ્ઞાસા કરી અને અધ્યયન કર્યું.' (૧૯-૨૦) अथापि शोचस्यात्मानमकृतार्थ इव प्रभो- (ભાગ.) આમ છતાં પણ જાણે કે કૃતાર્થ ન થયા હો તે પ્રમાણે તમે તમારી જાતનો શોક કરી રહ્યા છો.' સૂત્રકાર વ્યાસજીએ મહાભારતમાં તેમજ બીજાં પુરાણોથી વેદનો અર્થ બતાવ્યો છતાં એમના આત્માને જ્યારે સંતોષ ન થયો ત્યારે નારદજીની વાણી દ્વારા ઉપદેશ પામેલા એ વ્યાસજીને ભગવાને શ્રીમદ્ ભાગવતના રૂપમાં પોતાનું સ્વરૂપ બતાવ્યું. (૨૧-૨૨) જે પ્રમાણે વ્યાસજીએ જોયું તે પ્રમાણે અક્ષરે અક્ષર બધું પ્રગટ કર્યું. 'श्रीभागवतरूपस्त्वं प्रत्यक्षः कृष्ण एव

हि- (માહાત્મ્ય) શ્રીમદ્ ભાગવતના રૂપમાં તમે સાક્ષાત્ કૃષ્ણ જ છો.' એ પ્રમાણે પદ્મપુરાણમાં સ્પષ્ટ છે. જ્ઞાનના અવતારરૂપ બાદરાયણ વ્યાસ ભાગવતની રચના કરી-એમાં ભગવાનની સર્ગ વિસર્ગ સ્થાન પોષણ કર્મવાસના મન્વંતરકથા ઈશાનુકથા નિરોધ મુક્તિ અને આશ્રય એ દસ પ્રકારની લીલા ગાઈને સંતોષ પામ્યા. (૨૩-૨૪) ભગવાને બ્રહ્માને, બ્રહ્માએ નારદજીને, નારદજીએ વ્યાસજીને અને વ્યાસજીએ આ શ્રીમદ્‌ભાગવતનો પ્રકાશ કર્યો અને શુકદેવજી વગેરે દ્વારા એને પ્રગટ કર્યું. (૨૫) 'कस्मै येन-જેણે બ્રહ્માજીને કહ્યું' એ પ્રમાણે અનેક સ્થળે આ વાર્તા શ્રીમદ્‌ભાગવતમાં કહે છે. બીજાં સ્મૃતિ પુરાણો વગેરે એવી જ હરિકૃપાથી પ્રગટ થયાં. (૨૬) આ પ્રમાણે વેદ ગીતા બ્રહ્મસૂત્ર અને ભાગવત ક્રમે સંશયોનો નાશ કરનારાં છે, જે પ્રભુએ જીવો ઉપર અનુગ્રહ કરવાને પ્રગટ કર્યાં છે. (૨૭) એ અનાદિ હોઈ અને ભગવદ્રૂપ હોઈ હરકોઈ વસ્તુનો નિર્ણય કરવામાં એઓનો અક્ષરે અક્ષર હરેક રીતે પ્રમાણ છે. (૨૮) આનાથી વિરૂદ્ધ ન હોય તેવું ઘણું યે પ્રમાણરૂપ છે. આનાથી વિરૂદ્ધ શાસ્ત્રો અપ્રમાણ છે. તે બધા મોહશાસ્ત્રો સૃષ્ટિક્રમ (સંસાર-જન્મમરણ) માટે છે. (૨૯) એકબીજાને વિરૂદ્ધ અનેક ધર્મોવાળા, જેનો વિચાર ન થઈ શકે તેવા, પરોક્ષસ્વરૂપ, મહાન અદ્‌ભૂત એ બ્રહ્મનું જ્ઞાન અલૌકિક આ શબ્દ પ્રમાણથી જાણી શકાય એમ છે. (૩૦) જે કાંઈ ઈષ્ટ છે તે બધું એનું છે કે જેને વશ આ મૃત્યુ પણ છે. મૃત્યુરૂપી એ દુઃખની તદ્દન નિવૃત્તિને માટે એ બ્રહ્મનું જરૂર જ જ્ઞાન મેળવવું જોઈએ. (૩૧)

'लब्ध्वा सुदुर्लभमिदं बहुसंभवान्ते मानुष्यमर्थदमनित्यमपीह धीरः ।
तूर्णं यतेत न पतेदनुमृत्यु यावन्निःश्रेयसाय विषयः खलु सर्वतः स्यात् ॥

(ભાગ.)-અનેક જન્મોને અંતે અતિ દુર્લભ એવું અર્થ આપનારું આ અનિત્ય માનવ-તન પ્રાપ્ત કર્યા પછી ધીર પુરુષ જો તરત જ પ્રયત્ન કરે તો મૃત્યુ

પછી પણ એનું પતન થવાનું નથી, કેમકે એવા ધીરપુરુષને પ્રભુવિષયક વિષય પરમ કલ્યાણને માટે જ ચોગમ થશે.' (૩૨) જન્મની પહેલાં કોઈ માતાપિતા નહોતાં, મૃત્યુ પછી કોઈ સંતાનો નથી, લગ્નની પહેલાં કોઈ પત્ની નહોતી; તેથી આ સૌ તરફની મમતા નકામી છે. (૩૩) ઘર ઘરેણાં વગેરે વેચી નાખ્યા કે નાશ પામ્યા પછી એનું દુઃખ થતું નથી; જો વેચી નાખ્યાં ન હોય તો દુઃખ થાય એમાં કારણ મમતા છે. (૩૪) દેવે દીધેલા આ દેહમાં એમાં વચ્ચે 'હું' છે એમ માને છે, ક્ષણ પછી મરી જતાં દેહ કયાં જાય છે ને જીવ કયાં જાય છે ! (૩૫) કુટુંબને માટે પાપ કરે છે; અને પોતે મરી જાય છે ત્યારે કુટુંબ ક્ષણ વાર રડે છે. જ્યારે યમના દૂતો યાતના તરફ ખેંચી જાય છે ત્યારે કોઈ મદદ કરવા જતું નથી. (૩૬) વહાલી પત્ની, દીકરા, ઘર અને ધન વગેરે બધું અહીં પડયું રહે છે; અરે, દેહ પણ અહીં પડયો રહે છે; પાપ અને; પુણ્યની મદદથી એકલો ચાલ્યો જાય છે. (૩૭) જેમ બધી ગતિ ધરાવનારા મુનિઓએ સ્વસ્થ જનોના ગ્રહણ વગેરેના નિશ્ચય કર્યો છે તેમ પાતાલલોકની ગતિઓનો પણ નિશ્ચય કર્યો છે. (૩૮) માયાને લઈ દેહમાં અહંતા અને ઘર વગેરેમાં મમતા છે તે બેઉ સંસારરૂપ છે અને મિથ્યા છે; એમાંથી થયેલાં રાગ શત્રુતા વગેરેનો ત્યાગ કર. (૩૯) નિત્યના સંબંધી, સર્વદુઃખોના નાશક નિત્ય ઈશ્વરનો સ્નેહથી આશ્રય કર; એનાથી મોટો આનંદ થશે ને અમૃત દેહ, પ્રાપ્ત થશે. (૪૦) પ્રભુની સેવા કરવામાં ન આવે તો મોટો દોષ થશે. પદ્મપુરાણમાં જીવના લક્ષણમાં જે 'दासभूतो हरेरेव नान्यस्यैव कदाचन-ભગવાન હરિનો જ દાસ છે, કદી બીજા કોઈના નહિ' કહ્યું છે-તે પ્રમાણે જીવ પ્રભુના સહજ દાસ તરીકે પ્રભુની ભક્તિને માટે સરજવામાં આવ્યો છે. પ્રભુનો આશ્રય નહિ કરનારો પ્રભુએ આપેલું 'यो भुङ्क्ते स्तेन एव सः (ગીતા)-જે માણસ ખાય છે તે ચોર જ છે.' (૪૧-૪૨) 'नृदेहमाद्यं सुलभं सुदुर्लभं प्लवं सुकल्पं गुरुकर्णधारम् । मयानुकूलेन नभस्वतेरितं पुमान्भवाब्धिं न तरेत्स आत्महा

॥-(ભગવાન) સબળ ગુરુરૂપી સુકાનીવાળો સુદુર્લભ આ આદ્ય દેહને હું અનુકૂળ પવન થઈ ચલાવું છે, તે મનુષ્ય ભવસાગર ન તરે તો આત્મઘાતી છે.' આથી કોઈ પણ જાતના બદલાની ઈચ્છા ન રાખતાં ઉપકાર કરનારા ભગવાનનું સેવન કરવું ને જ્ઞાન મેળવવું, કેમકે જ્ઞાન વિના યથાર્થ ભક્તિ થતી નથી. (૪૩-૪૪) વેદ વગેરેમાં નિષ્ઠાવાળા અને જ્ઞાનરૂપી નેત્રવાળા પ્રાચીન જ્ઞાની મુનિઓએ ભક્તિયોગથી ભગવાનનાં દર્શન કર્યાં અને એ પ્રભુને પામ્યા. (૪૫) જ્ઞાનને માટે વેદોની મદદથી શક્તિપૂર્વક યત્ન કરતે દીન થઈ પ્રેમપૂર્વક પ્રભુનો માહાત્મ્યજ્ઞાનપૂર્વક આશ્રય કરે તો પ્રભુની કૃપાથી, જે અત્યંત દુર્લભ છે તે પણ સુલભ થઈ જાય. (૪૬)

બીજા કોઈનો જેઓને આશ્રય નથી તેવા પ્રમાણરૂપી બંદિજનોના સમૂહે જેનું ખૂબ ખૂબ વર્ણન કર્યું છે તેવા અને બ્રહ્માંડરૂપી મહાન વૃક્ષના અંદર ફળવાળા બીજરૂપ પ્રભુનો હું આશ્રય કરું છું. (૪૭)

૩. સંક્ષિપ્ત કાર્ય-નિરૂપણ

શુદ્ધ અદ્વૈત એકરૂપ શુદ્ધ દ્વૈત બતાવનારા, એ રીતે શક્તિથી સર્ગ વગેરે લીલાવાળા, અને અદ્દ્ભૂત કર્મવાળા પ્રભુને નમન હો. (૧)

એ પ્રભુ લીલાથી જ વિશ્વનું સર્જન પાલન તેમજ લય કરે છે. એ વિશે તૈત્તિરીય ઉપનિષદમાં 'यतो वा इमानि भूतानि जायन्ते-જેમનામાંથી આ પંચમહાભૂતોનો જન્મ થયો છે' અને 'तस्माद्वा एतस्मात्-એ બ્રહ્મમાંથી આકાશ ઉત્પન્ન થયું' સ્પષ્ટ છે. તેથી જ બ્રહ્મના કાર્યરૂપ આ વિશ્વ બ્રહ્મરૂપ છે એ બંધ બેસે છે. (૨-૩) માટીમાંથી ઉત્પન્ન થયેલા ઘડા વગેરે માટી-મય છે એ જોઈ શકાય છે, એ રીતે 'सर्वं खल्विदं ब्रह्म तज्जलान्-આ બધું બ્રહ્મ છે. એ બ્રહ્મમાંથી આ વિશ્વનો જન્મ છે, એની સ્થિતિ છે, અને એનો એમાં લય છે.' એવું શ્રુતિનું પ્રમાણ છે. (૪) 'सर्वं पुरुष एवेदं भूतं भव्यं भवच्च यद्-થઈ ગયેલું થવાનું અને થતું સર્વ કાંઈ આ પુરુષ-રૂપ જ છે.' એ પ્રમાણે આ બધું એ પુરુષોત્તમમાંથી થયાનું 'પુરુષસૂક્ત' ને અનુસરી કહેવામાં આવ્યું છે (૫) જે પ્રમાણે ઘડો કૂંડું વગેરે આકાર માત્રથી જુદાં છે, એ માટીનાં હોઈ માટી તરીકે જુદાં નથી, તે જ પ્રમાણે આ જડ-ચેતનાત્મક વિશ્વનું છે. (૬) પહેલી અવસ્થા માટીની છે; વચ્ચે કારણને લઈ જુદાપણું છે. ઘડો વગેરે આકાર ભેદ બતાવે છે છતાં વસ્તુસ્થિતિએ માટી જ છે. (૭) જ્યારે નાશ પામે છે ત્યારે નાના નાના કણ થઈ જાય છે; ઉત્પન્ન થતી વેળા પણ મૂળમાં નાના નાના કણ જ થયા હોય છે. એ કણો માટીમાં જ લય પામે છે. અને અંતે માટીની માટી જ છે (૮) એ જ પ્રમાણે અહીં પણ પહેલાં બ્રહ્મ છે-અંતે પણ બ્રહ્મ જ બાકી રહે છે. વચલા ગાળામાં ક્રીડા સાધવા માટે ભેદ કરવા એ બ્રહ્મ પોતાની ઈચ્છાથી અનેક કર્યા છે. (૯) એ બ્રહ્મમાં બધા જ આકાર સમાયેલા છે, બધા જ પ્રકારની શક્તિ છે, અને બધાં ધર્મ-લક્ષણો આશ્રય કરી રહેલાં છે. એ સત્ ચિત્ અને આનંદરૂપ છે.

આવા બ્રહ્મમાંથી જગતનો આવિર્ભાવ થયો છે. (૧૦) આ જડ જીવ અને અંતર્યામીને સૌ પ્રથમ પ્રગટ કર્યાં. પ્રભુએ ભેદ બતાવવા એક બે ત્રણ એમ રચના કરી. (૧૧) જડમાં સત્-અંશ પ્રગટ છે અને ચિદ્ તથા આનંદ અંશ છુપાઈને રહેલા છે. જીવમાં સત્ અને ચિત્ અંશ પ્રગટ છે અને આનંદ અંશ છુપાયેલો છે. અંતર્યામીમાં ત્રણે અંશ પ્રગટ છે. (૧૨) સત્ એટલે જે આ દશ્ય છે તે; ચિત્નો પ્રકાશ ચૈતન્યથી થાય છે; આનંદ એટલે અત્યંત પ્રિયપણું; એ પ્રકારે આ ત્રણેનું પ્રત્યક્ષ લક્ષણ છે. (૧૩) આ બધું માટી પથ્થર વગેરે જડ છે અને પોતાની મેળે કાંઈ ક્રિયા કરી શકે એવાં નથી. જડને માત્ર સત્-પણું-અસ્તિત્વ છે; એમાં આનંદ કે ચેતન નથી. (૧૪) શરીરમાં શ્વાસ વગેરેનો સંબંધ છે-તે કાંઈ મડદામાં નથી. અણુ માત્ર અને હૃદયમાં રહેલો જીવ એ જીવનનું કારણ છે. (૧૫) એ છે અને સમગ્ર દેહમાં ચૈતન્યથી પ્રકાશી રહેલો છે. આ વિષયનો આનંદ જો કે જીવ અનુભવી રહ્યો છે છતાં એ ઓછો કે વત્તો છે અને ક્ષણિક છે; એ પૂર્ણ આનંદ કહેવાતો નથી. ઉપનિષદ્ કહે છે કે 'तस्यैवानन्दस्य मात्रामुपजीवन्ति-એ બ્રહ્મના જ આનંદની માત્રા ઉપર નભી રહ્યાં છે.' (૧૬-૧૭) હૃદયમાં રહેલો, 'હંસ' નામથી જાણીતો અણુરૂપ જે હૃદયમાં બિરાજી રહ્યો છે તે સાક્ષીરૂપ અંતર્યામી છે-આમ આ જડ જીવ અને અંતર્યામી એ ત્રણે સ્પષ્ટ છે. (૧૮) પંચમહાભૂતથી અનેક પ્રકારના દેહોની રચના કરી તે તેમાં જીવ અને અંતર્યામીને મૂકી પ્રભુએ પોતાની માયાથી જીવોને મોહ કર્યો. (૧૯) જડ પદાર્થોમાં પણ પોતાના બધા ધર્મોનો તિરોભાવ કરી, ભેદ સિદ્ધ કરવા માટે કોઈ ક્યાંય-ક્યાંય કોઈ બાકી રાખ્યા. (૨૦) ઊગવાનું અને કોમળતા કાંઈક ઝાડમાં અને ન ઊગવાપણું અને કઠિનતા પથ્થરમાં-આ ભેદ માટીમાંથી થયેલાંમાં જોવા મળે છે. (૨૧) પૃથ્વી અને વાયુમાં ન ઊનો-ન ઠંડો સ્પર્શ છે, ને પાણીમાં ઠંડો છે; એ જ તેજમાં ઊનો છે. આમ ધર્મ-લક્ષણો પણ અનેક છે. (૨૨) ચિત્ વગેરેના અભાવને લઈને તેમજ

અનેક પ્રકારના આકારને લઈને ભિન્ન ભિન્ન ધર્મોનું દર્શન થાય છે તેમ જ્ઞાનવાળા જીવોને માયાથી સખત મોહ થાય છે-આ પ્રમાણે ભેદ જોવામાં આવે છે-એમાં રહેલા બ્રહ્મપણાનો ખ્યાલ આવતો જ નથી. (૨૩-૨૪) વસ્તુસ્થિતિએ તો ત્રણે કાળમાં બધું જ બ્રહ્મ છે- અને એના સમર્થનમાં ગીતાનું વાક્ય છે કે-'वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः-સર્વ કાંઈ વાસુદેવાત્મક છે આવું જ્ઞાન ધરાવનાર મહાત્મા પુરૂષ મળવો ખૂબ મુશ્કેલ છે.' (૨૫)

'त्वय्यग्र आसीत्त्वयि मध्य आसीत्त्वय्यन्त आसीदिदमात्मतन्त्रे ।
त्वमादिरन्तो जगतोऽस्य मध्यं घटस्य मृत्स्नेव परः परस्मात् ॥

(ભાગ.)-આત્મતંત્રરૂપ આપનામાં આ શુરૂમાં હતું, મધ્યમાં હતું અને અંતે પણ હતું. ઘડાના આદિ અંત અને મધ્યમાં માટી છે તેમ આપ આ જગતના આદિ અંત અને મધ્ય છે, ને પરથી પણ પર છો.' (૨૬) 'भूतानि विष्णुर्भुवनानि विष्णुः-મહાભૂતો વિષ્ણુ છે, બધા લોકો વિષ્ણુ છે' એમ ભાગવતમાં વિષ્ણુપુરાણમાં અને બીજે ઘણે સ્થળે કહેલું છે. તેથી કારણ-રૂપ બ્રહ્મથી એનું કાર્ય-રૂપ જગત અભિન્ન જ છે. (૨૭) સર્વ સ્થળેથી ચિત્ વગેરે ધર્મ-લક્ષણોનો આવિર્ભાવ હોય તે સ્થિતિમાં પણ પૂર્ણ એક માત્ર સૌ કાંઈ બ્રહ્મ જ છે. (૨૮) વીંટી કડાં વગેરેમાં આકારને લઈ ભેદ દેખાય છે, પણ આદિ મધ્ય અને અંતમાં એ સોનું જ છે એ નક્કી છે. (૨૯) બ્રહ્મનું વિશેષ જ્ઞાન થવાથી અને આનંદાંશ પ્રગટ થવાથી જીવોને બધે સ્થળે લીલાને લઈ એક બ્રહ્મ જ માત્ર જોવામાં આવે છે. (૩૦) પ્રભુની લીલાનો વિચાર જ થઈ શકે એમ ન હોઈ મધ્યમાં પ્રભુની ઈચ્છાને કારણે આ વિશાળ અનેકપણું જોવામાં આવે છે. અજ્ઞાનનો નાશ થતાં શુદ્ધ દર્શન થયે 'नेह नानास्ति किंचन-અહીં ક્યાંય અનેક કાંઈ નથી. (૩૧) બ્રહ્મ-રૂપ અને સદા સત્ય આ વિશ્વાત્મક પ્રપંચ સર્વ કાંઈ એનો જ કરેલો છે. આથી જ વેદ વગેરેમાં શુદ્ધ-અદ્વૈત મતનું નિરૂપણ થયેલું છે.

(૩૨)

જે પ્રભુએ સત્યસ્વરૂપવાળા આ જગતનો પોતામાંથી પોતે જ આવિર્ભાવ કર્યો છે તેવા કર્તા ભર્ત્તા હર્તા-લલિત લીલાવાળા પ્રભુનો હંમેશાં આશ્રય કર. (૩૩)

૪. પ્રપંચની સત્યતાનું નિરૂપણ

ભગવાન જગતનું સમવાયી કારણ હોઈ અને એ રીતે જગત-રૂપ હોઈ પ્રપંચ (=જગત) સાચો છે. જેવું સોનું હોય તેવું કુંડલ હોય જ. (૧) તાંતણાના કાર્યરૂપ લૂગડૂં તાંતણારૂપ છે. તાંતણા સૂક્ષ્મ અને ધોળા હોય તો લૂગડૂં પણ એવું જ થાય. (૨) 'ऐतदात्म्यमिदं सर्वं-આ જે કાંઈ છે તે એ બ્રહ્મરૂપ છે' 'तत्सत्यं'-જે કાંઈ આ છે તે સત્ય છે' એમ શ્રુતિ કહે છે (છાંદોગ્ય). 'यदिदं किंच तत्सत्यं-આ જે કાંઈ છે તે સાચું છે' એમ પણ કહેવાય છે. (૩) सर्वं શબ્દથી એ બધું જોયેલું અને સાંભળેલું (જગત) બતાવી એ જગત બ્રહ્મ-રૂપ છે અને સાચું છે એમ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે. (૪) ત્રણે કાળ-ભૂત ભવિષ્ય અને વર્તમાનમાં જેને કોઈ બાધા નથી તેને ડાહ્યા પુરુષો સાચું કહે છે. 'त्वयि अग्र आसीत्-આ શરૂમાં તમારામાં હતું' એ શ્લોકમાં પણ હમેશાં હોવાપણું-અસ્તિત્વ કહેવામાં આવે છે. (૫) તેથી વચલા સમયમાં કાર્ય-સ્વરૂપે અને આદિ-અંતે કારણ-સ્વરૂપે આ હંમેશાં સનાતન અને અખંડ રહેલું છે. (૬)

> 'विश्वं हि ब्रह्म तन्मात्रं संस्थितं विष्णुमायया ।
> यथेदानीं तथा चाग्रे पश्चादप्येतदीदृशम् ॥

-આ વિશ્વ બ્રહ્મરૂપ, એ બ્રહ્મની માત્રા રૂપે વિષ્ણુની માયાથી રહેલું છે. જે પ્રમાણે અત્યારે છે તેવું શરૂમાં હતું અને પછી પણ એ આવું જ છે.' એ પ્રમાણે ભાગવતના ૩ જા સ્કંધમાં તેમજ સૂત્રકાર વ્યાસજીએ શ્રુતિ-વેદના જોર ઉપર આ વિશ્વની એના કારણરૂપ બ્રહ્મની સાથે અનન્યતા-એકરૂપપણું કહી એને સાચું કહ્યું છે. (૭-૮) (બ્ર. સૂ., અ. ૨, પા-૧, સૂત્ર ૧૪ થી ૧૯) तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः- 'वाचारम्भणं विकारो नामधेयं' વગેરે ઉપનિષદ્વાક્યોમાં 'आरम्भण' શબ્દ વગરે કહેલ હોઈ જગત અને બ્રહ્મની અનન્યતા છે; भावे चोपलब्धेः-અસ્તિત્વના વિષયમાં મળતું હોવાથી; सत्त्वाच्चावरस्य-અને

જગતનું અસ્તિત્વ હોવાથી;' 'असद्व्यपदेशान्नति चेन्न धर्मान्तरेण वाक्यशेषात्-('असद् वा इदं')-એવું વાક્ય મળતું હોઈ બ્રહ્મથી જગત અનન્ય નથી એમ જો કહેતા હો તો જવાબમાં કહેવાનું કે-બીજા-ધર્મ લક્ષણને લઈ છેલ્લું વાક્ય પણ એ જ વાત કહે છે.' युक्तेः शब्दान्तराच्च-અને બીજા શબ્દથી યુક્તિ પણ છે. पटवच्च ત્યાં ઉદાહરણ લૂગડાના પટનું છે. આ પ્રપંચ બ્રહ્મથી અનન્ય છે અને સત્ય છે, કારણ કે અસ્તિત્વ હોવાને લઈ જોવા મળે છે. वाचारम्भण શ્રુતિમાં પ્રપંચની સત્યતા કહી છે. અને असद् वा इदं એ શ્રુતિમાં જે असत् શબ્દ છે તે અવ્યાકૃત સ્વરૂપે જગત બ્રહ્મમાં હતું એમ કહે છે. 'तदात्मानं स्वयमकुरुत-એણે આત્માને પોતે જ જગત-રૂપે કર્યો,' એમ છેલ્લા વાક્યની પણ ત્યાં સંગતિ મળી જાય છે. બીજ અને વૃક્ષની જેમ જે કાર્ય થાય છે તે કારણથી ઓતપ્રોત છે-એવી આ વિષયમાં યુક્તિ પણ છે. જગતનું સત્યપણું બતાવવાને એવાં ઘણાં વાક્ય પણ મળી આવે છે. લૂગડાનાં પટને પાથર્યો હોય તો એનો અનુભવ થાય છે, પણ જો એને સંકેલી લેવામાં આવ્યો હોય તો અનુભવાતો નથી. એવી જ સ્થિતિ સૃષ્ટિ અને પ્રલયમાં જગતની છે. (૯-૧૨) 'અણુભાષ્ય'માં આ પ્રમાણે વ્યાખ્યા કરવામાં આવી છે-જ્યાં જગતરૂપી કાર્ય પણ સાચું છે એવું વિવેચન કરવામાં આવ્યું છે. આ જ પ્રમાણે વેદ વગેરેમાં અને યુક્તિઓથી પણ અનુભવ થાય છે. (૧૩) આવિર્ભાવ અને તિરોભાવ થવાને કારણે અનિત્યપણું જગતનું નથી જ. ઈચ્છાથી આવિર્ભાવ હોય ત્યાં જોવામાં આવે છે અને તિરોભાવ થાય ત્યારે જોવામાં નથી આવતું. (૧૪) પ્રભુએ પોતાની ઈચ્છાથી મહાભૂતોમાંથી શરીરોનો આવિર્ભાવ કર્યો છે-એવાં શરીરોમાં જીવને દાખલ કરી-એને નિમિત્ત બનાવી એવાં બીજાં શરીરોને પંચમહાભૂતોમાંથી આવિર્ભાવ પમાડે છે. પ્રભુ એ શરીરો કર્મ પ્રમાણે જીવોને પમાડે છે. (૧૫-૧૬) મહાભૂતોમાં જુદા જુદા પ્રકારે કારણના રૂપમાંથી થયેલા દેહ છે જ, વચલા સમયમાં કાર્યના રૂપમાં જુદા જુદા

છે ને અંતે પાછા કારણરૂપમાં સમાઈ જાય છે. (૧૭) જીવ નિત્ય જ છે. પ્રભુની ઈચ્છાને લઈ એનો યોગ થાય છે. આથી જ આ બધું કાંઈ આવિર્ભાવ અને તિરોભાવવાળું નિત્ય છે. (૧૮) મહાભારતમાં જે યોદ્ધાઓ મર્યા ગયા હતા તે વ્યાસજીએ બતાવ્યા હતા. આમ તિરોભાવમાં પણ ભગવાનની ઈચ્છાથી નિત્ય છે તે કોઈક વાર જોવામાં આવે છે. (૧૯)

શંકા – કેટલાક કહે છે કે જગત મિથ્યા છે અને ભ્રમમાં ભ્રમને લઈ જોવામાં આવે છે; જેમકે છીપમાં રૂપું અને દોરડામાં સર્પ ભ્રાંતિથી જોવામાં આવે છે ! (૨૦)

સમાધાન – મિથ્યાવાદીના મતમાં બ્રહ્મ અદૃશ્ય છે અને નિરાકાર છે. આશ્રય સાકાર હોવાને કારણે ભ્રમનું ચોક્કસ દર્શન થાય, પણ છીપ ઉપર રજ જામી હોય અને વાયુમાં ધૂળ ફેલાયેલી હોય તો રૂપાની કે ઝાંઝવાનાં જળનાં દર્શનની ભ્રાંતિ નથી થતી. છીપમાં રૂપાની ભ્રાંતિ છે તે પણ ચળકાટનું જે સામ્ય છે તેને લઈને છે; શું એ નથી ? કેમકે નહિ તો હાથીની પણ ભ્રાંતિ થવી જોઈએ. વાદીના મતમાં જગત માયિક અને સગુણ છે અને બ્રહ્મ માયાવિહીન અને નિર્ધર્મક છે– નિર્ગુણ છે–એ રીતે બેઉમાં કોઈ જાતના સામ્યનો ગંધ સુદ્ધાં નથી. (૨૧–૨૩) કૂવામાં રૂપું સાચું છે જ અને રાફડા વગેરેમાં સર્પ પણ સાચો છે જ. ખોટો આશ્રય મળવાને કારણે પૂર્વના તે તે પદાર્થ જોવાના સંસ્કારને લઈને જ બુદ્ધિ ખોટું દર્શન કરે છે. (૨૪) ભિન્ન સ્વરૂપે સત્ય પદાર્થ રહેલો તો છે જ, એના જેવું કોઈ બીજું જોવામાં આવે તો એની કલ્પના આવે, કારણ કે એના સંસ્કાર હોય છે; બાકી એ પદાર્થમાં એ જોવામાં નથી આવતું કે સાંભળવામાં નથી આવતું. (૨૫)

શંકા–વારુ, સ્વપ્ન અસત્ય હોય છે. એમાં ઘર પૈસા વગેરે જે મળે છે તે મિથ્યા છે. નિદ્રાને અંતે એ સ્વપ્નાની વસ્તુઓ અસત્ય છે; એ પ્રમાણે આ

જગતનું સમઝવું. (૨૬)

સમાધાન-આમ જો હોય તો એ બરોબર નથી, કેમકે સ્વપ્નમાં જન્મવાને લઈ પાપો અને પુણ્યોથી સુખદુઃખ ન થાય, જ્યારે જગતમાં થયેલાં પાપ પુણ્યથી સુખ અને દુઃખ થાય છે જ. (૨૭) જાગ્રત અવસ્થામાં ઘડો લૂગડું વગેરે જે કાંઈ જોવામાં આવ્યાં હોય છે તે તે માયાથી થયેલા મતિના મોહથી સંસ્કારને લઈ સ્વપ્નમાં કાલ્પનિક રીતે જોવામાં આવે છે. (૨૮) આ જગતને જાગ્રત અવસ્થા છે અને મોક્ષ પણ છે, જ્યારે સ્વપ્નમાં એવું કશું નથી. ક્યાંક સત્ય હતું તે જોઈ ને સ્વપ્નમાં એ સત્યની કલ્પના કરવામાં આવી હોય છે. (૨૯)

શંકા-વારુ, ન જોયેલું હોય તેવું પણ સ્વપ્નમાં જોવામાં આવે છે; જેમકે સસલાને શિંગડાં, ચાલતું ઝાડ, પીળો હાથી; એવી જ દશા આ જગતની પણ સમઝો.

સમાધાન-એમ હોય તો એ બરોબર નથી. સસલું ઝાડ હાથી શિંગડું ગતિ ક્રિયા પીળાશ આ બધાં જોયાં હોય છે જ; એનો જે યોગ તે જ માત્ર કાલ્પનિક છે. (૩૦-૩૧) ઘર સાચું છે-માણસ પોતે સાચો છે-એ બે વચ્ચેનું જોડાણ ખોટું અને મમતાને કારણે છે. જીવ સાચો છે, દેહ પણ સાચો છે; એમાં રાજાપણાની જેમ અહંતા એ માત્ર મિથ્યા છે. (૩૨) આ સિદ્ધાંત વાત હોય તો જ દૃષ્ટાંતમાં એ બંધ બેસે. માટે જ પુરાણોમાં કેટલીક વાર સ્વપ્નની આભાની વાત જોવા મળે છે. (૩૩) આ હેતુથી જ બ્રહ્મસૂત્રમાં ''वैधर्म्याच्च न स्वप्नादिवत्-બંનેના ધર્મ વિભિન્ન હોવાને લઈ સ્વપ્ન વગેરે જેવી પરિસ્થિતિ નથી-' એ પ્રમાણે આધારસ્થાન હોવાને કારણે અસત્યપણાનો વસ્તુ-સ્થિતિએ નિષેધ કરવામાં આવ્યો છે. (૩૪) સ્વપ્નમાં ભોજન કરવાથી અને પાણી પીવાથી કાંઈ ભૂખ અને તરસ દૂર થતાં નથી; એ રીતે દેહે કરેલાં સાધનોથી બંધનમાંથી કેવી

રીતે મુક્ત થવાય ? (૩૫) તેથી જ આ જગત અસત્ય નથી અને બ્રહ્મરૂપ હોવાને કારણે નિત્ય જ છે. શ્રુતિવાક્યોમાં અનેક ઠેકાણે જગત સાચું હોવાનું કહેવામાં આવ્યું છે, અસત્ય છે એમ નથી કહેવામાં આવ્યું. (૩૬)

'एतत्केचिदविद्वांसो मायासंसृतिमात्मनः ।

अनाद्यावर्तितं नृणां कादाचित्कं प्रचक्षते ॥ (ભાગ ૧૨-)

-જગતના સત્યપણાનો જેઓને ખ્યાલ નથી તેવા અજ્ઞાનીઓ 'આત્મા માયાનું સર્જન છે, મનુષ્યો અનાદિકાળથી કદાચ વિવર્તરૂપે ચાલ્યા આવે છે.' એવું એવું કહે છે.' (૩૭)

'असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् (ગીતા)

એ આસુરપ્રકૃતિના લોકો જગતને અસત્ય પ્રતિષ્ઠારહિત અને ઈશ્વરહીન કહે છે.' એ પ્રમાણે ગીતામાં અસત્ય જગત કહેનારાઓને આસુરોમાં ગણવામાં આવ્યા છે. (૩૮) દેહ મજબૂત અહંતાનું સ્થાન છે અને ઘર વગેરે મમતાનું સ્થાન છે-આ બેઉને જો સત્ય માનવામાં આવે તો કોઈને વૈરાગ્ય થાય જ નહિ. (૩૯) વૈરાગ્ય થવા માટે પુરાણોમાં ક્યાંક ક્યાંક જગતને લક્ષ્ય કરીને તેમજ વિદ્યમાન વસ્તુનો ક્યાંક તિરોભાવ થાય છે એવું બતાવીને વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાં કહેવાનો આશય એ છે કે પ્રભુની ક્રીડારૂપે રહેલા, સંયોગ અને વિયોગ આપનારા, તિરોભાવ પામનારા આ જગતને વિશે નકામી આસક્તિ ન કરવી. (૪૦-૪૧) શેષનારાયણના અવતાર-રૂપ મહર્ષિ પતંજલિએ પણ પાણિનિ-વ્યાકરણ-મહાભાષ્યના 'પસ્પર આહ્નિક'માં જગત નિત્ય હોવાનું કહ્યું છે જ્યાં 'नित्यः कार्योऽथ वा शब्दः-શબ્દ નિત્ય છે અને કરવા લાયક છે'-એનો વિચાર કર્યો છે. (૪૨) 'नित्ये शब्दार्थसंबन्धः-નિત્યમાં શબ્દ અને અર્થનો સંબંધ છે' એ વિશે વિવરણ કરતાં એમણે શબ્દ અર્થ અને એનો સંબંધ એ ત્રણેને નિત્ય કહ્યા છે. (૪૩) આ પ્રમાણે શાસ્ત્રોમાં બધે જગત નિત્ય

હોવાનું કહ્યું છે. આવિર્ભાવ અને તિરોભાવ થતા હોઈ જે અનિત્યપણું છે તે ખોટું છે. (૪૪) મુનિઓએ મોહ કરવાને માટે રચેલાં નાસ્તિકતાથી ભરેલાં ન્યાય વગેરેનાં અસત્-શાસ્ત્રોમાં, અને આગળ અને આગળ સૃષ્ટિ ચાલુ રહે એ ખાતર બુદ્ધિશાળી પુરુષોને મોહ થવા માટે રુદ્ર વગેરે કેટલાક દેવોએ રચેલા પોતાના મતોમાં જગતનું અનિત્યપણું બતાવવામાં આવ્યું છે. (૪૫-૪૬) એવાં શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી ચિત્ત-ભ્રમ થયેલા લોકોને પોતાનાં કર્મોથી તત્ત્વ મળતું નથી અને તેથી વારંવાર જન્મ અને મરણના ચક્કરમાં પડે છે. (૪૭)

'ज्ञानिनामपि चेतांसि देवी भगवती हि सा ।
बलादाकृष्य मोहाय महामाया प्रयच्छति ॥ (માર્કંડેય પુરાણ)

એ ભગવતી દેવી મહામાયા બળાત્કારે ખેંચીને જ્ઞાનીઓનાં ચિત્તોનો હવાલો મોહને સોંપી દે છે-અર્થાત્ જ્ઞાનીઓ પણ મોહ પામી રહે છે.' (૪૮) જ્યારે કેટલાક તો ગુરુ અને હરિની કૃપાથી નિશ્ચય કરી પ્રભુનો આશ્રય કરી મુક્ત તો થાય છે, પણ પ્રભુને પામે છે પણ ખરા. (૪૯)

પોતાના સમગ્ર નિત્ય સ્વરૂપનો પોતે જ આવિર્ભાવ કરી પોતે જ પાછો તિરોભાવ કરતા ખેલતા-અખંડ ઈચ્છાવાળા સુંદર હીરા-રૂપ ભગવાનને હધ્ય-રૂપી પદક ઉપર ગોઠવી લે. (૫૦)

* * *

૫. આવિર્ભાવ અને તિરોભાવનું નિરૂપણ

શંકા-વારુ, ઘડો ઉત્પન્ન થાય છે અને એનો નાશ પણ જોવામાં આવે છે; આ પ્રપંચ-જગતની અંદર રહેલો એવો ઘડો નિત્ય છે એમ કેમ કહી શકાય ? (૧) અનાદિ હોય ત્યાં અનંતની નિત્યતા કહી શકાય; નશ્વરને નિત્ય કેવી રીતે કહી શકાય ?

સમાધાન-જવાબ એ છે કે ઘડો નાશ પામે ત્યારે એ આકાર-એ રૂપ બીજે નથી-એ દૃષ્ટિમાંથી ગયું, પણ માટી તો ચાલી જતી નથી -ઘડાનું જે કાંઈ માપ હતું તેટલી જ માટી પડી રહેલી હોય છે; અને 'ઘડો' એવી સંજ્ઞા પણ નાશ પામી નથી હોતી, કારણ કે 'શબ્દ નિત્ય છે.' સૃષ્ટિના આરંભથી લઈ અત્યાર સુધીમાં અનેક ઘડા થયા અને એ બધાય નાશ પણ પામી ગયા છતાં 'ઘડો' એવી સંજ્ઞા તો રહી જ છે. (૨-૪) હા, માત્ર એ સંજ્ઞાને કહેનારો આકારનો અને માટીનો જે સંયોગ થયેલો તે આકારનું તિરોધાન થતાં માત્ર હવે નથી. (૫) બધા આકારવાળા ભગવાન હરિ પૂર્ણ છે અને એક એક આકારથી જુદા પણ છે. પ્રભુએ ઘણા થવાની ઈચ્છા કરી અને તેથી જડ ચેતન (અથવા આવિર્ભાવ યા તિરોભાવ આકારવાળા) એવાં બે જાતનાં રૂપ કર્યાં. (૬) બધા અક્ષરોવાળા શબ્દોથી અને અર્થથી એ પોતે જ સંજ્ઞા પામી રહ્યા છે. અને વ્યવહાર ચલાવવા માટે પોતાની ઈચ્છાથી એક એક સંજ્ઞા અલગ અલગ કરી છે. (૭)

'सर्वाणि रूपाणि विचित्य धीरः नामानि कृत्वाभिवदन्यदास्ते ।

-બધાં રૂપ અલગ અલગ કરી એનાં નામ પાડી એ નામ કહેતો ધીરપુરુષ (પ્રભુ) બિરાજે છે.'

'तद्धेदं तर्ह्यव्याकृतमासीत्तन्नामरूपाभ्यां व्याक्रियत ।

-પૂર્વે જે કાંઈ છે તે અવ્યાકૃત હતું (ખુલ્લું નહોતું) એને નામ અને રૂપ આપી ખુલ્લું કર્યું.'

''नामरूपे व्याकरवाणि-નામ અને રૂપ ખુલ્લાં કરૂં છું.'-આ વગેરે શ્રુતિઓમાં તચ્ચિતિ બૃહદારણ્યક અને છાંદોગ્ય અને બીજે પણ એ વાતની સ્પષ્ટતા કરે છે. (૮)

ઘડામાં ગભારો કાંઠલો વગેરે આકાર જે હતો તેનો માટી સાથે યોગ કર્યો-એને આપણે 'ઉત્પત્તિ' કહિયે છિયે. (૯) 'આ શબ્દમાંથી આ અર્થ જાણવો' એ પ્રમાણે પોતાનાં જ એક એક રૂપને પોતાનાં તે તે નામ આપવા-રૂપી જે સંકેત પહેલાં કર્યો હતો તેની પરંપરા ચાલુ રહી અને નામ રૂપનો વ્યવહાર થયો-જે સંયોગ થયો તેણે 'ઘડો' સંજ્ઞા આપી-એ એનું નામ થયું. એને લઈ પછી પૂર્વે પાણી લાવવું વગેરે આકારને અનુસરી વ્યવહાર નક્કી કરવામાં આવ્યા હતા તે અમલમાં મૂકવામાં આવે છે. (૧૦-૧૨) ત્યારબાદ એનો તિરોભાવ કરવાની ઈચ્છા થતાં કોઈ વાતને નિમિત્ત બતાવીને આકારને તિરોભૂત કરવામાં આવે છે અને માટીનો માટીમાં લય કરવામાં આવે છે. જે 'યોગ'ને લઈ 'ઘડો' કહેવામાં આવતો હતો તે વિયોગને લઈ અદૃશ્ય થયો અને હવે પેલી 'ઘડો' સંજ્ઞા બિનજરૂર બની-એટલે 'ઘડો નાશ પામ્યો' એમ કહેવામાં આવે છે. (૧૩-૧૪) પહોળું પેટ વગેરે આકાર બધો જ તિરોહિત કરવામાં આવ્યો. અંગોમાં પણ જુદા જુદા ઘાટ હતા-ઘડાના ટુકડાના-પૂર્વના આકારના અંશરૂપ-તે પણ જ્યારે અણુઅણુરૂપ થઈ ગયા ત્યારે એ ટુકડાનું પણ તિરોધાન થઈ ચૂક્યું. (૧૫-૧૬) જે વસ્તુ હયાતી ધરાવે છે તેનો અનુભવ કરવાની જીવની જે યોગ્યતા તેનું નામ 'આવિર્ભાવ;' એવી યોગ્યતા ન રહી હોય તે 'તિરોભાવ;'-આ લક્ષણ થયું. (૧૭) શાસ્ત્રના જાણનારાઓ 'આવિર્ભાવ' અને 'તિરોભાવ' ને અનુક્રમે 'ઉત્પત્તિ' અને 'નાશ' પણ વિકલ્પે કહે છે. બ્રહ્મવેત્તાઓ તો 'આવિર્ભાવ-તિરોભાવ' જ કહે છે. (૧૮)

'तदेतदक्षयं नित्यं जगन्मुनिवराखिलम् ।

आविर्भावतिरोभावजन्मनाशविकल्पवत् ॥

–'હે મુનિવર, એ આ આવિર્ભાવ અને તિરોભાવ અથવા જન્મ અને નાશવાળું જગત અક્ષય અને નિત્ય છે.' એમ 'વિષ્ણુપુરાણ'ના પ્રથમ અંશમાં કહ્યું છે ભાગવત-દશમસ્કંધમાં ભગવાને જાતે કહ્યું છે: (૧૯-૨૦)

'खं वायुर्ज्योतिरापो भूस्तत्कृतेषु यथाशयम् ।
आविस्तिरोऽल्पो भूर्येको नानात्वं यात्यसावपि ॥

આકાશ વાયુ તેજ પાણી અને પૃથ્વી-એ બધાં જે પ્રભુનાં કરેલાં છે તેમાં ક્યાંય થોડો તો ક્યાંય ઝાઝો એમ બધે અનેકરૂપે એ પ્રભુ જ આવિર્ભાવ અને તિરોભાવથી બિરાજે છે.' (૨૧)

'तस्यैवं विजानत एवं मन्वानस्य-આ પ્રમાણે જ્ઞાન ધરાવતાઓને-આ પ્રમાણે માનતાઓને'થી શરૂ કરી 'आविर्भावतिरोभावात्मनोऽन्नमात्मनः-પોતાના આવિર્ભાવ અને તિરોભાવ, પોતાના જ એ અન્નરૂપ છે' એમ છાંદોગ્ય ઉપનિષદમાં પણ મળે છે. (૨૨) કેન બૃહદારણ્યક વગેરે બીજાં ઉપનિષદોમાં, તેમજ માર્કંડેય પુરાણના ચોથા અધ્યાયમાં એ હકીકત મળે છે: (૨૩)

'आविर्भावतिरोभावदृष्टादृष्टविलक्षणम् ।
वदन्ति यत्सृष्टमिदं तथैवान्ते च संहृतम् ॥

–આવિર્ભાવ અને તિરોભાવ-આ જોયેલું ને આ ન જોયેલું એવા લક્ષણવાળું આ જગત સરજાયું છે ને અંતે સંકેલાયેલું છે એમ કહે છે.' (૨૪) બ્રહ્મવૈવર્તપુરાણના શ્રીકૃષ્ણજન્મખંડના એકવીસમા અધ્યાયમાં શ્રીકૃષ્ણે નંદરાયજી વગેરેને કહ્યું છે: (૨૫)

'स्थाने स्थाने पृथिव्यां च काले काले यथोचितम् ।
ईशेच्छयाविर्भूतं हि न भवेत्प्रतिबन्धकम् ॥
ब्रह्माण्डं वा कतिविधमाविर्भूतं तिरोहितम् ।

विधेया वा कतिविधास्तस्य भ्रूभङ्गलीलया ॥

-પૃથ્વી ઉપર સ્થાને સ્થાને અને સમયે સમયે જે પ્રમાણે જોઈએ તે પ્રમાણે ઈશ્વરની ઈચ્છાથી આવિર્ભાવ થયો છે અને એ કોઈ રીતે અડચણ કરનારું થતું નથી. વારું, કેટલાં બધાં બ્રહ્માંડનો આવિર્ભાવ કર્યો છે ને કેટલાં બધાનો તિરોભાવ કર્યો છે; અને પ્રભુની ભ્રમરના મરડાટના ખેલથી ભ્રૂભંગથી કેટકેટલા ખેલ કર્યા છે' (૨૬-૨૭) પ્રભુની ઈચ્છાથી પંચભૂતોમાંથી દેહનો આવિર્ભાવ થયો છે. જ્યાં જેવા જોઈએ તેવા ટુકડાઓનો સંયોગ તેવા તેવા આકાર પ્રમાણે કરવામાં આવે છે. (૨૮) કર્મોને અનુસરીને જીવ તેટલા તેટલા સમય માટે એવા દેહનો ભોગ વગેરે કરે છે ત્યારે ત્યારે એવા દેહમાં 'આ માણસ' 'આ ગાય' એ પ્રકારનો વ્યવહાર થાય છે. (૨૯) પરાધીન એવો એ જીવ જ્યારે બીજા દેહમાં જાય છે ત્યારે દેહ બળી જતાં પેલાં પાંચ મહાભૂતો ને આકાર છૂટાં પડી જાય છે. (૩૦) આકારનું તિરોધાન થાય છે; તેજ તેજમાં લય પામે છે; શ્વાસ વગેરેના રૂપમાં જે વાયુ બાકી રહ્યો તે વાયુમાં પેસી જાય છે; (૩૧) આકાશનો જે કાંઈ આકાર બંધાયો હતો તે તિરોધાન થવાથી દૂર થયો; પાણી તેજમાં કે પૃથ્વીમાં ને પૃથ્વીનો ભાગ રાખોડીરૂપે. (૩૨) ભલે એ છૂટાં પડી ગયાં હોય છતાં એની હસ્તી તો છે જ. જે સંયોગથી એનું નામ થયેલું તે સંજ્ઞા માત્ર અટકી ગઈ અને તેથી 'આ મરી ગઈ' એમ કહેવાય છે. (૩૩) વચ્ચે ગુચ્છા મૂકીને દોરાઓથી મોતી ગૂંથવામાં આવે છે. આ બધાનો સંયોગ તેને 'હાર' નામ આપવામાં આવે છે. (૩૪) મોતી વગેરેને છૂટા પાડી દૂર કરવામાં આવે તો કાંઈ એને 'હાર' એવું નામ નથી રહેતું. આમાં સંયોગ અને વિયોગ બે વસ્તુ જ છે; એમાંથી ભેદનો પણ ક્ષય નથી. (૩૫)

'यथा क्रीडोपस्कराणां संयोगविगमाविह ।
इच्छया क्रीडितुः स्यातां तथैवेशेच्छया नृणाम् ॥

-જે પ્રમાણે રમનારાની ઈચ્છાથી રમતનાં સાધનોના સંયોગ અને વિયોગ થાય તે જ પ્રમાણે ઈશ્વરની ઈચ્છાથી મનુષ્યોના સંયોગ અને વિયોગ થાય છે.' (૩૬)-આ પ્રમાણે ભાગવતના પ્રથમ સ્કંધમાં કહ્યું છે અને ત્રીજા સ્કંધમાં પણ સ્પષ્ટ કર્યું છે : 'तन्निरोधोऽस्य शयनमाविर्भावस्तु संभवः-આ સૃષ્ટિ વગેરેને થંભાવી દેવાની ક્રિયા તે પ્રભુનું શયન અને જે આવિર્ભાવ તે સંભવ.' (૩૭) જ્યારે તિરોભાવ હોય છે ત્યારે કાર્ય એ કારણરૂપે રહેલુ હોય છે. જ્યારે આવિર્ભાવ થાય ત્યારે પ્રભુનું રૂપ પ્રભુની ઈચ્છા વડે ભિન્નતા ધારણ કરે છે. (૩૮) જ્યારે હારને ફરી પરોવવાની ઈચ્છા કરવામાં આવે છે ત્યારે એ જ હારને પરોવવામાં આવે છે, તે પ્રમાણે ઈશ્વર-જ્યારે ઈચ્છા કરે છે ત્યારે આ પ્રમાણે એજ દેહનો આવિર્ભાવ કરે છે. (૩૯) વીંટીમાં રહેલા માણેકને જેમ ત્યાંથી ખસેડી કુંડળમાં જડવામાં આવે તે પ્રમાણે ઈશ્વરને પરવશ એવો જીવ બીજા દેહમાં જાય છે. (૪૦)

'वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥

(ગીતા)-જે પ્રમાણે મનુષ્ય જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરી બીજાં વસ્ત્રોનો સ્વીકાર કરે છે તે પ્રમાણે જીવ જૂનાં શરીરોનો ત્યાગ કરી નવાં શરીરોમાં જોડાઈ જાય છે.' (૪૧) જડવાવાળાની ઈચ્છાએ કરી વીંટીમાં ઈંદ્રમણિ જડવામાં આવે છે તેવી પારકાની કાયામાંના પ્રવેશ વગેરેમાં જીવની સ્થિતિ છે. (૪૨) તેના તે માણેકને તેની તે વીંટીમાં ફરી જડી શકાય છે, તે જ પ્રમાણે આવિર્ભાવ કરીને તેના તે દેહોને પ્રભુ કોઈ વાર ફરી દેખાડે છે. (૪૩) મહાભારતમાં-યુદ્ધની સમાપ્તિ બાદ મરેલાઓને પ્રગટ થયેલા કરી એ બધાઓનાં દર્શન કરાવવામાં આવ્યાં એ વાત વ્યાસજી દ્વારા 'આશ્રમવાસિક પર્વ' માં સ્પષ્ટ રીતે કહેવામાં આવી છે. (૪૪)

'सर्वे भवन्तो गच्छन्तु नदीं भागीरथीं प्रति ।
ततो द्रक्ष्यथ सर्वांस्तान् ये हताः स्म रणाजिरे ॥

-તમે સૌ ગંગાનદી તરફ જાઓ. જેઓ રણસંગ્રામમાં મરાઈ ગયેલા છે તે સૌને ત્યારે ત્યાં જોશો.' (૪૫) ત્યારે પોતપોતાની પત્નીઓની સાથે એ સૌ ગંગાજી નજીક ગયા, ત્યાં સ્નાન કર્યું ને રાતે વ્યાસજીના આશ્રમમાં ગયા. 'ત્યાં મહાતેજસ્વી મહામુનિ વ્યાસજીએ ગંગાના જલમાં સ્નાન કરી એ બધા લોકોનું આહુતિઓથી આવહન કર્યું-એ કોણ કોણ ? પાંડવો અને કૌરવોના ચારે ગમના જે યોદ્ધાઓ, જુદા જુદા દેશના વાસી મહાભાગ્યશાળી રાજાઓ; ત્યારે હે જનમેજય, પાણીમાં ભારે ભયાનક શબ્દ પ્રગટ થયો-પૂર્વે કૌરવો અને પાંડવોની સેનાઓમાં થયો હતો તેવો. એ સમયે ભીષ્મ અને દ્રોણ જેમના અગ્રભાગમાં છે તેવા પાંડવો પોતાનાં સૈન્યોની સાથે એ પાણીમાંથી હજારોની સંખ્યામાં ખડા થયા.' (૪૬-૪૯) એ વગેરે શ્લોકોમાં કહ્યા પ્રમાણે પછી પ્રત્યેકને નામથી વર્ણથી બતાવી આપ્યા. 'એ રાત્રિ એ વીરો અને એ સ્ત્રીઓ વિહાર કરી એકબીજાંની રજા લઈ અને ભેટી જેમ આવ્યાં હતાં તેમ પાછાં ચાલ્યાં ગયાં.' (૫૦) આ સાંભળી જનમેજયે પ્રશ્ન કર્યો : 'જેઓએ દેહનો ત્યાગ કર્યો છે તેવાઓનું ફરી દર્શન કેવી રીતે હોઈ શકે ?' ત્યારે વૈશંપાયને જવાબ આપ્યો કે 'બધાં કર્મોનો કદી નાશ નથી એ હકીકત છે. (૫૧) શરીરો કર્મમાંથી થયેલાં છે તે પ્રમાણે, હે રાજા, આકૃતિઓ પણ કર્મમાંથી થયેલી છે. ભૂતોના સ્વામી પ્રભુના આશ્રયને લઈને મહાભૂતો નિત્ય છે' (૫૨) એ વગેરે. એ પછી-

'अविनाशी तथा नित्यः क्षेत्रज्ञ इति निश्चयः ।
भूतानामात्मभावो यो ध्रुवोऽसौ संप्रजानताम् ॥

-ક્ષેત્રજ્ઞ જીવ અવિનાશી અને નિત્ય છે એ હકીકત છે. વિશિષ્ટ જ્ઞાનવાન ભૂતોનો જે આત્મભાવ છે તે અચળ છે' (૫૩) આ વગેરે વાત

મહાભારતમાં કહી છે અને બીજાં સ્થળોમાં પણ સ્પષ્ટ છે. શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલનાથજીએ 'વિદ્વન્મંડન'માં આ બધી વાતોનો સંગ્રહ કર્યો છે. (૫૪) તેથી જ ભાષ્યકાર શ્રીવલ્લભાચાર્ય-મહાપ્રભુજીએ દેહ વગેરેના સંયોગ અને વિયોગ કહ્યા છે; સ્નાને ક્યાંક સત અને અસત્ પ્રપંચને લક્ષ્ય કરીને વાત કરી પણ છે. (૫૫) શક્તિવાળા ભગવાન ક્રીડા કરવા માટે પોતાની ઈચ્છાથી અનેક પ્રકારનાં રૂપોથી આવિર્ભાવ પામે છે અને પોતાના ધર્મોનું (તિરોધાન કરે છે). 'आविर्भावतिरोभावौ शक्तिर्वै मुरवैरिणः-આવિર્ભાવ અને તિરોભાવ ભગવાન મુરારિની શક્તિ છે.' એ પ્રકારના આચાર્યશ્રીએ સંગ્રહેલા વચનથી એ આવિર્ભાવ અને તિરોભાવ ભગવાનની શક્તિ છે. (૫૬-૫૭) ઉપનિષદોમાં કહ્યું છે કે 'परास्य शक्तिर्विविधैव श्रूयते-આ પ્રભુની પર શક્તિ અનેક પ્રકારની છે.' 'यः सर्वज्ञः सर्वशक्तिः-જે સર્વજ્ઞ છે, સર્વ શક્તિધારી છે' એમ બીજી શ્રુતિઓમાં પણ આ હકીકત કહેલી છે. (૫૮) એક શક્તિ આવિર્ભાવ કરે છે, બીજી શક્તિ તિરોભાવ કરે છે. આ બે શક્તિઓનાં કાર્ય તે આવિર્ભાવ અને તિરોભાવ. (૫૯)

જેવા પ્રકારનાં રૂપ અને કર્મવાળી આવિર્ભાવ-ક્રિયા કરવાની પ્રભુ ઈચ્છા કરે છે તેનાથી એનો આવિર્ભાવ કરે છે; તિરોભાવમાં પણ આ જ ક્રમ છે. (૬૦) એ બેઉ શક્તિઓ નિત્ય છે, પરંતુ બેઉનું કાર્ય એક જ સમયે થતું નથી. સર્વના આત્મા ભગવાન શક્તિવાળા છે, છતાં તે તે કાર્ય કરવાની ઈચ્છા કરે છે તે સમયે ચરણ હસ્ત વગેરેમાં અનુક્રમે જવાની અને ગ્રહણ કરવાની શક્તિ જ વરતાય છે. દેહીની ઈચ્છા પ્રમાણે આ શક્તિનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે શક્તિનો ઉપયોગ નથી ત્યારે એ એમ ને એમ પડી રહે છે-એની સુષુપ્તિ દશા છે. (૬૧-૬૨) બ્રહ્મમાં નિષ્ઠા-સ્થિતિવાળું આ કાંઈ જગત વગેરે એની ઈચ્છાથી આવિર્ભાવ પામે છે-એ સમયે 'જન્મ્યો' 'ઉત્પન્ન થયો' એ વગેરે વ્યવહાર થાય છે. (૬૩) 'આવિર્ભાવ' પ્રાદુર્ભાવ' એટલે 'જન્મ'. 'ઉત્પત્તિ'

શબ્દમાં (પણ) षद् ધાતુ ગતિવાચક છે તેને उद् ઉપસર્ગ લાગતાં અર્થ 'ઉદ્‌ગમ' થાય છે. (૬૪) જે પ્રમાણે પડદાની પાછળ રહેલાં વસ્ત્ર વગેરે જોવામાં આવતાં નથી તે પ્રમાણે તિરોભાવ પામેલી વસ્તુ બ્રહ્મમાં બ્રહ્મરૂપતાથી રહેલી હોઈ જોવામાં આવતી નથી. (૬૫) એ સમયે 'એનો નાશ થયો છે,' 'એનો નાશ થયો છે' એમ વ્યવહાર થાય છે. વસ્તુ ન દેખાવી એનું નામ 'નાશ.' સં. (સંસ્કૃતમા) नश् ધાતુનો અર્થ પણ 'ન દેખાવું' એ છે. (૬૬) ચેતન પદાર્થને વિશે 'આ મર્યો' એવો વ્યવહાર થાય છે. સં. मृ ધાતૂનો અર્થ પણ 'પ્રાણત્યાગ' છે; અર્થાત્ સંઘાત (દેહ વગેરેમાં સાથે થયેલી સ્થિતિ)માં રહેલો પ્રાણ છૂટો પડે છે. (૬૭) જીવની ઉપાધિવાળો 'સંઘાત' જીવની સાથે ચાલ્યો જાય છે, આથી જીવ અને દેહનો વિયોગ એનું નામ તે 'મરણ'. (૬૮) ધાતુઓના અર્થની દષ્ટિએ આ સ્થિતિ છે તેવી જ સ્થિતિ વ્યવહારમાં પણ સિદ્ધ છે; 'આનો નાશ' 'આની ઉત્પત્તિ' એવો ખ્યાલ જેઓની બુદ્ધિ સ્થિર નથી તેવાઓને છે. (૬૯) નાશ અને ઉત્પત્તિનો ખ્યાલ રાખનારાઓને જે શોક થાય છે તે 'પદાર્થો અનિત્ય છે' એવા ખ્યાલને લીધે થાય છે. પદાર્થોનું નિત્યપણું જાણનારા બ્રહ્મનિષ્ઠ પુરુષોને કદી ક્યાંય મોહ થતો નથી. (૭૦) અજ્ઞાનનો વિનાશ કરવા ગીતાજીમાં પ્રભુએ જાતે નિત્યપણું સ્પષ્ટ રીતે ઉપદેશ્યું છે–જણાવ્યું છે, જેને લઈ અર્જુનનો શોક દૂર થયો. (૭૧)

'न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥

–ન હું હતો–ન તું, અને ન આ રાજવીઓ હતા. આ આપણે બધાં હોઈશું નહિ જે કાંઈ છે તે આનાથી પર છે.' (નિત્ય છે) (૭૨) આ જે કાંઈ જગત જોવામાં આવે છે તેના મિથ્યાપણાનું નિરાકરણ ભાષ્યકાર શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીએ મોટા વિસ્તારથી અનેક પ્રમાણો આપી કર્યું છે. (૭૩)

શ્રીમદાચાર્યચરણ વગેરેએ આવિર્ભાવ અને તિરોભાવના સ્વરૂપનો વિસ્તારથી ખ્યાલ આપ્યો છે; અહીં તો બાલબુદ્ધિવાળાઓને ઉપયોગી થાય તે રીતે સંક્ષેપમાં વર્ણન કરવામાં આવ્યું છે. (૭૪) એથી જ ક્રીડાનાં સ્થાનરૂપ આ વિશ્વ નિત્ય છે અને ભગવત્સ્વરૂપ છે તે આવિર્ભાવ અને તિરોભાવના ધર્મવાળું છે એમ વેદો વગેરેમાં કહેવામાં આવ્યું છે. (૭૫)

જે પ્રભુ એક જ અને અવિકારી જ છતાં રમણ કરવાની ઈચ્છાએ અનેક પ્રકારના થઈ મોટા આશ્ચર્યથી ભરેલું ચરિત કરે છે તેના ધ્યાનમાં ચિત્તને પરોવી દે. (૭૬)

* * *



૬. અવિકૃતપરિણામ-નિરૂપણ

બહારના અને અંદરના રમણની ઈચ્છાથી જે અવિર્ભાવ કરે છે અને જે તિરોભાવ કરે છે, જે સમવાયી (ઓતપ્રોતરૂપ) કારણ છતાં અવિકારી છે, તે ભગવાનને નમસ્કાર. (૧) આ જગતમાં સર્વત્ર શાસ્ત્રોના સમૂહોએ ત્રણ વાદોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે : 'આરંભવાદ' 'વિવર્તવાદ' અને ત્રીજો 'પરિણામવાદ'. (૨) આ ત્રણ વાદમાં-આરંભવાદ એ તાર્કિકો-નૈયાયિકોને સંમત વાદ છે; એનું સ્વરૂપ-"આકાશ નિત્ય છે અને વિભુ છે; વાયુ તેજ પાણી અને પૃથ્વી એ ચાર પરમાણુરૂપ ભૂતોની નિત્યતા નિરૂપવામાં આવે છે. એનાં આરંભમાં જે કાર્યરૂપ થતાં તે અનિત્ય છે. ઈશ્વર કાર્યરૂપોનું નિમિત્ત કારણ છે. આ જગત બ્રહ્મથી ભિન્ન છે. ઈશ્વરના અંશરૂપે રહેલો જીવ વિભુ નથી. કાળ એ એક બીજું દ્રવ્ય છે." (૩-૫) મોહ કરનારા આ વાદનું પૂર્વના આચાર્યોએ અદ્વૈત-નિરૂપક સેંકડો શ્રુતિઓનાં પ્રમાણોથી ખંડન કર્યું છે; વિસ્તાર થવાના ભયે એ વિશે અહીં કશું કહેવામાં આવતું નથી. (૬) "વિશ્વ અસત્ય છે અને ભ્રમથી દોરડામાં સર્પ માની લેવામાં આવે તે પ્રમાણે કલ્પિત છે." શાંકરોના આ પ્રકારના 'વિવર્તવાદનું નિરાકરણ આ પૂર્વે જ કરવામાં આવ્યું છે. (૭) પ્રાચીન આચાર્યો અને અગ્નિના અવતાર શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજી-રૂપ વાણીના સાગરની છોળોથી વૃદ્ધિ પામેલા 'શુદ્ધ દ્વૈતચંદ્રોદય" નામના ગ્રંથમાં મારા તરફથી અનેક રીતે એનું ખંડન કરવામાં આવ્યું છે. (૮) માટીમાંથી ઘડો વગેરે થાય છે એની જેમ જ્યાં સમગ્ર કારણ કાર્યરૂપે અનેક સ્વરૂપે પરિણામ પામે છે એને 'પરિણામવાદ' કહેવામાં આવે છે. (૯) 'પરિણામ'ના વિકૃત અને અવિકૃત એવા બે પ્રકાર છે. વિકૃત સત્ કારણ કાર્યરૂપે પરિણામ પામે અને ફરી કારણનું રૂપ પામે નહિ; આ પરિણામ તે 'વિકૃત' કહેવાય : દૂધમાંથી જેમ દહીં થયું હોય તે ફરી દૂધ થતું નથી. (૧૧) અવિકૃત એવું સત્ કારણ કાર્યરૂપે પરિણામ પામે

અને ફરી કારણનું રૂપ પામે-આનું નામ તે 'અવિકૃત પરિણામ' કહેવાય. અનેક પ્રકારનાં ઘરેણાં થઈ ચાંદી પરિણામ પામે છે-વચલી દશામાં પણ એ ચાંદી છે, અંતે ચાંદી છે; ઘરેણાં સદંતર નષ્ટ થતાં પણ એ ચાંદી જ છે. (૧૩) આ પ્રકારનો વેદાંત સિદ્ધાંત શુદ્ધ અંતઃકરણવાળાઓને ઈષ્ટ છે. આ પરિણામ તે અવિકૃત છે અને વેદ વગેરેને સાક્ષાત્ સંમત છે. (૧૪) 'तदात्मानं स्वयमकुरुत'-એણે આત્માને જાતે જ પરિણામ પમાડચો'-આમ આત્મા પરિણામી. આથી જ વ્યાસસૂત્રમાં 'आत्मकृतेः परिणामात्-આત્માની કૃતિરૂપ પરિણામ હોવાને કારણે એ પરિણામ બ્રહ્મરૂપ જ છે' એમ કહેવામાં આવ્યું છે. (૧૫) સોનું અવિકારી જ છે અને એ અનેક રૂપે પરિણામ પામે છે; ઘરેણાં નષ્ટ થતાં સોનું પોતે જ બાકી રહે છે; વચલી અવસ્થામાં નામ પૂરતો વ્યવહાર જુદો હોય છે. (૧૬) એ જ પ્રમાણે બ્રહ્મ એકલું જ બધા જ આકારોમાં પરિણામ પામે છે, અને એથી જ નિર્વિકારક એવા એ બ્રહ્મનો કોઈ પણ રીતે વિકાર થતો નથી. (૧૭)

'यथा सुवर्णं सुकृतं पुरस्तात् पश्चाच्च सर्वस्य हिरण्मयस्य ।
मध्ये तदेव व्यवहार्यमाणं नानापदेशैरहमेव तद्वत् ॥

-જે પ્રમાણે આરંભમાં શુદ્ધ સોનું છે-અંતે પણ બધું જ સોનારૂપ જ છે; વચથી અવસ્થામાં અનેક ઘરેણાંના આકારમાં અનેક નામ પામી વ્યવહાર સાધે છે; (પ્રભુ કહે છે કે) હું પણ સોનાની જેમ જ રહેલો છું.' (૧૮)-આ પ્રમાણે સમન્વય સાધતાં ભગવાને પૌતે અવિકારી છે એમ દષ્ટાંત સાથે કહ્યું છે. બીજાં સ્થાનોમાં બહુ સ્પષ્ટતાથી આવું સચવ્યું છે. (૧૯) 'उभयव्यपदेशात्त्वाहिकुण्डलवत्-વેદમાં નિર્ગુણતા તેમ જ અનંતગુણતા એમ બેઉ પ્રકારનું કથન મળતું હોઈ ઉભયરૂપે બ્રહ્મ જ છે; કેની જેમ ? જેમ એક સર્પ સરળ વગેરે અનેક આકારોવાળો ય છે અને કુંડાળું બનીને પડચો હોય ત્યારે કુંડાળાના આકારે પણ એ જ સર્પ અવિકૃત છે તેમ. (૨૦) લૌકિક ગુણો વિનાનો

છતાં અનેક અલૌકિક ગુણોવાળો એ ઈશ્વર પરિણામ પામી રહે છે છતાં અવિકારી છે; આવા પ્રકારનો વિરૂદ્ધ સ્વભાવ વેદમાં ઈશ્વરનો જોવા મળે છે. (૨૧) તેથી જ એ બ્રહ્મ જ બધા જ આકાર ધારણ કરે છે છતાં અવિકારી છે. સરળ આકારવાળો સર્પ પોતાની ઈચ્છાથી કુંડાળાનો આકાર ધારણ કરે છે છતાં સર્પમાં કોઈ પણ જાતનો વિકાર થતો નથી. (૨૨) બધા જ તૈજસ ભાવોનું 'અણુભાષ્ય'માં અવિકારીપણું કહ્યું છે; શ્રીમદ્ ભાગવત સુબોધિની વગેરેમાં ઘણાં દ્દષ્ટાંત કહ્યાં છે. (૨૩) ચિંતામણિ કલ્પતરું અને કામધેનુમાંથી અનેક પદાર્થો થયેલા જોવામાં આવે છે છતાં એ ત્રણેયમાં કોઈ પણ પ્રકારનો કદી વિકાર જોવામાં આવતો નથી. (૨૪) વેદના પદે પદે કહેલા અવિકારીપણાને બાધ ઉત્પન્ન થતો હોઈ કોઈ વિકૃત પરિણામની વાત કરે તો એ બુદ્ધિને બંધબેસતું નથી. (૨૫)

'तथापि भूमन् महिमागुणस्य ते विबोद्धुमर्हत्यमलान्तरात्मभिः ।
अविक्रियात् स्वानुभवादरूपतो ह्यनन्यबोध्यात्मतया न चान्यथा ॥

(ભાગ. ૧૦-૧૪-૬)

-હે સર્વત્ર વિદ્યમાન પ્રભુ, નિર્મલ અંતરાત્માવાળા સાધુપુરુષો નિર્ગુણ એવા આપના ગુણોને જાણવા પાત્ર છે. શા માટે ? આપના સ્વરૂપનો બોધ ઈંદ્રિયાદિથી થાય એમ નથી, કારણ ? આપને જન્મ વગેરે કોઈ વિકાર નથી, સ્વાનુભવરૂપ છો, અને આપને અન્ય કોઈ રૂપ નથી પણ.' (૨૬) 'ब्रह्म ज्योतिर्निर्गुणं निर्विकारम्-તેજોમય બ્રહ્મ નિર્ગુણ અને નિર્વિકાર છે' એ પ્રમાણે છેલ્લે અને ગીતામાં પણ અનેક સ્થળે નિર્વિકારપણું કહેવામાં આવ્યું છે. (૨૭) વિકાર થાય છે એમ કહેવામાં આવે તો કાર્યોનું કારણરૂપપણું અસંભવિત બનતાં એ બધાનો પ્રલય જ ન થાય. પરંતુ 'तज्जलान्-એમાંથી ઉત્પન્ન થાય છે, એમાં નાશ પામે છે, અને એમાં વચલી અવસ્થામાં ટકી રહે છે' 'यत्प्रयन्ति-જેને વિશે

લય પામી જાય છે' એ વગેરે ઉપનિષદ્વાક્યોમાં પ્રલય કહ્યો છે તો ખરો જ : પોતામાં જ્યારે વિશ્વનો લય કરાવી નાખે છે ત્યારે માત્ર બ્રહ્મ એક જ બાકી રહે છે. (૨૮-૨૯)

'नष्टे लोके द्विपरार्धावसाने महाभूतेष्वादिभूतं गतेषु ।
व्यक्तेऽव्यक्तं कालवेगेन याते भवानेकः शिष्यतेऽशेषसंज्ञः ॥

(ભાગ. ૧૦-૩-૨૫)

-બે પરાર્ધ કાલને અંતે લોકનો નાશ થતાં મહાભૂતોનો આદિ ભૂતમાં લય થાય છે અને કાલના વેગને લઈ વ્યક્ત (જગત વગેરે) અવ્યક્તમાં ચાલ્યાં જાય છે ત્યારે 'અશેષ' જેનું નામ છે તેવા આપ એક જ બાકી રહો છો.' (૩૦) જે પ્રમાણે કરોળિયો તાંતણા પેદા કરી એનાથી જાળું પોતે અવિકારી રહીને સાધે છે તે પ્રમાણે ઘણું થવાની ઈચ્છાવાળા પ્રભુએ ક્રીડાને માટે પોતામાંથી અનેકવિધ ભાવોને પ્રગટ કર્યા છે. (૩૧) જગત વગેરેનો આવિર્ભાવ કરવામાં રમણ કરવાની ઈચ્છા જ હેતુરૂપ છે એવો વેદાદિ વાક્યોનો અભિપ્રાય છે; જેમકે દાખલા તરીકે કાણ્વશ્રુતિ (બૃહદારણ્યક ઉપપનિષદ) માં પ્રથમ રમણનો અભાવ કહ્યા છે : 'स वै नैव रेमे, तस्मादेकाकी न रमते, स द्वितीयमैच्छत्, स हैतावानास- એ કદી રમ્યા નહોતા, તેથી જ કે એ એકલા નથી રમણ કરતા: એણે બીજાની ઈચ્છા કરી : એ આવડા (જગત વગેરે રૂપમાં) થયા.' એકલાથી રમણ થઈ શકે નહિ, તેથી વિભુને બીજાની ઈચ્છા થઈ. 'શુદ્ધ અદ્વૈત'ને વસ્તુસ્થિતિએ બીજું કોઈ અસ્તિત્વમાં છે જ નહિ. (૩૨-૩૩) આ પ્રમાણે પ્રભુ પોતે જ રૂપ અને નામના ભેદે અનેક પ્રકારે થયા : એમાં જે ચિત્રવિચિત્રતા છે તે એમાંથી તે તે ધર્મ-ગુણનો તિરોભાવ થયેલો છે એને લઈ ને છે. (૩૪) બાકીના બધા ધર્મોનો તિરોભાવ કરી પદાર્થમાં તે તે જરૂરી ધર્મનો જ આવિષ્કાર કરવામાં આવે છે, તો બીજા પદાર્થમાં એ જરૂરિયાત પ્રમાણે બીજા જ ધર્મનો આવિષ્કાર કરવામાં

આવે છે; એ રીતે પદાર્થોના ધર્મોમાં પરસ્પર મહાન ભેદ આ જગતમાં જોવા મળે છે. (૩૫) આવા પ્રકારના જગત્સ્વરૂપ પોતાના આત્માની સાથે પ્રભુ ક્રીડા કરી રહ્યા છે, કેમકે 'क्रीडार्थमात्मन इदं त्रिजगत् कृतं ते-હે પ્રભુ, આપની ક્રીડાને માટે આ ત્રણે જગતની આપે રચના કરી છે.' (૩૬) 'क्रीडाभाण्डमिदं विश्वम्-આ વિશ્વ પ્રભુની ક્રીડાનું વાસણ છે' એ વગેરે વાક્યોમાં આ જ વાત કહી છે કરોળિયો તાંતણાઓની સાથે તેમ જાળાની સાથે ક્રીડા કરી રહ્યો છે. (૩૭) સર્વશક્તિમાન પ્રભુની એવા પ્રકારની ઈચ્છાને લઈને મૂઢ પુરુષોને અનેકપણું જોવામાં આવે છે. બરોબર વિચાર કરવામાં આવે તો વસ્તુસ્થિતિએ આ જે કાંઈ છે તે એક માત્ર બ્રહ્મ જ છે. (૩૮)

'यत्र येन यतो यस्य यस्मै यद्यद्यथा यदा ।
स्यादिदं भगवान् साक्षात् प्रधानपुरुषेश्वरः ॥

(ભાગ ૧૦-૮૫-૪)

-જ્યાં જેના વડે જેમાંથી જેનું જેને માટે જે જે જેમ જ્યારે થાય તે આ ભગવાન સાક્ષાત્ પ્રધાન પુરુષેશ્વર છે' (૩૯) એ વગેરે વાક્યોથી શ્રીમદ્ ભાગવતમાં બધું જ બ્રહ્મરૂપ હોવાનું કહ્યું છે. 'एवं चात्मा कात्स्न्यर्म्-આમ આત્મા સર્વ કાંઈ છે'-એ રીતે વ્યાસસૂત્રમાં આ કહેવામાં આવ્યું છે. (૪૦) જે પ્રમાણે તે તેની જરૂરિયાતે બુદ્ધિ કડું વીંટી કુંડળ એ વગેરે સોનાનાં ઘરેણાં સોનું જ છે એમ સ્વીકારી લે છે તે જ પ્રમાણે બ્રહ્મવેત્તાની બુદ્ધિ છે. જે કાંઈ ભેદ દેખાય છે તે શ્રીમદ્ ભાગવતમાં એકનો જ કહયો છે એ વાત દઢતાપૂર્વક વિદ્વાનો જાણે છે. (૪૨).

'यथा हिरण्यं बहुधा समीयते नृभिः क्रियाभिर्व्यवहारवर्त्मसु ।
एवं वचोभिर्भगवानधोक्षजो व्याख्यायते लौकिकवैदिकैर्जनैः ।

(ભાગ. ૧૨-૪-૩૦)

-વ્યવહારના માર્ગોમાં જુદી જુદી ક્રિયાઓને લઈ મનુષ્યો સોનાને અનેક પ્રકારે પામી રહ્યા છે તે જ પ્રમાણે અધોક્ષજ ભગવાનને પણ લોકો લૌકિક વૈદિક વાક્યોથી અનેક રીતે કહી રહ્યા છે.' (૪૩) આ પ્રમાણે પ્રપંચરૂપે થયેલા પ્રભુ જ્યારે અંતર્રમણ કરવાની ઈચ્છા કરે છે ત્યારે આ સર્વ કાંઈને આત્મા વિશે લય પમાડી સ્વાધીન એવા એ પ્રભુ કારણમાં રમણ કરી રહે છે. (૪૪) સુખને માટે પ્રભુ આત્મામાં સર્વ જીવોનો લય કરે છે. પ્રભુએ એ પ્રમાણે રાત્રિનો અવિષ્કાર કર્યો છે-અને જીવો એ રીતે આત્મરતિમાં સુખ પામી રહે છે. (૪૫) શ્રુતિમાં કહ્યું છે 'यत्रैतत्पुरुषः स्वपिति-જ્યાં આ પુરુષ શયન કરી રહ્યા છે'-એટલે જ ચિત્‌માં લય પામેલા જીવો કાંઈ પણ જાણતા નથી. (૪૬) મનુષ્યને સૃષુપ્તિ-દશામાં દુઃખનો નાશ અનુભવાય છે; બેશક, ત્યાં એને આનંદનો અનુભવ થતો નથી; એ તો મોક્ષમાં (શુદ્ધાદ્વૈતજ્ઞાનને અંતે ભગવલ્લીલાનુભવરૂપી મોક્ષમાં જ) અનુભવાય છે. (૪૭) 'अन्ने प्रलीयते मर्त्यः-જીવનો અન્નને વિશે પ્રલય થાય છે' એ વગેરે વાક્યોમાં કરેલા પ્રકારે બધા જડ પદાર્થોનો સર્વકારણરૂપ પ્રભુમાં લય થાય છે. (૪૮) જેઓનો અંતરાત્મા આનંદના અંશરૂપ છે તેઓનો આનંદમાં, ચેતન પદાર્થો ચિત્‌માં અને જડ પદાર્થો સંત્ અંશમાં લય પામી રહે છે, જ્યાં તે તેની શક્તિઓ સુષુપ્ત દશામાં આવી રહે છે. (૪૯) તે તે અંશો ફરી એની ઈચ્છાથી બહાર નીકળે છે અને કરોળિયાના મોઢાના તાંતણાની જેમ તે તે અંશોમાં લય પામે છે. (૫૦)

'यथोर्णनाभिः सृजते गृह्णते च यथा पृथिव्यामोषधयः संभवन्ति ।
यथा सतः पुरुषात् केशलोमानि तथाक्षरात्संभवतीह विश्वम् ॥

-જે પ્રમાણે કરોળિયો જાળ સરજે છે ને સંકેલી લે છે, તે પ્રમાણે પૃથ્વીમાં વનસ્પતિ ઉત્પન્ન થાય છે, જે પ્રમાણે સત્ પુરુષમાંથી વાળ અને રૂંવાટી ઉત્પન્ન થાય છે તે પ્રમાણે અક્ષર બ્રહ્મમાંથી અહીં વિશ્વ ઉત્પન્ન થાય છે.'

(૫૧) મુંડકોપનિષદમાં, બૃહદારણ્યક વગેરે ઉપનિષદોમાં તેમ શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધમાં આ પ્રમાણે સ્પષ્ટ રીતે સાંભળવામાં આવે છે : (૫૨)

'यथोर्णनाभिर्हृदयादूर्णां संतत्य वक्त्रतः ।
तया विहृत्य भूयस्तां ग्रसत्येवमधीश्वरः ॥

-જે પ્રમાણે કરોળિયો પંડમાંથી લાળ મોઢાવાટે બહાર ખેંચી એની સાથે ક્રીડા કરી ફરી ગળી જાય છે તે પ્રમાણે ભગવાન વિશ્વને આત્મામાથી કાઢી, એનું પાલન કરી ફરી સંકેલી લે છે.' (૫૩) તેથી જ બધા લયોના સ્થાનરૂપ, સર્વ પ્રકારના આવિર્ભાવોના કારણરૂપ અચિંત્ય અને અનંતશક્તિવાળું પરબ્રહ્મ ચિત્તમાં સ્થિર થાઓ. (૫૪)

જેમાંથી પોતાના અંશરૂપ જીવો, અણુઓ, અંતર્યામીઓ અને જડપદાર્થો થયા છે તે-સર્વના આધારરૂપ અને શ્રુતિ-વેદના સારરૂપ સાકાર બ્રહ્મનું હું વારંવાર સ્મરણ કરું છું. (૫૫)

૭. જીવોના ઉદ્‌ગમ અને સંસારનું નિરૂપણ

જેમાંથી તણખાની જેમ અંશરૂપ જીવો નીકળ્યા છે, જેમાં સંચાર કરી રહ્યા છે અને જેમાં મોક્ષ પામે છે તે સર્વ શક્તિમાન બ્રહ્મને નમસ્કાર. (૧) આકાશની માફક સર્વત્ર વ્યાપક બ્રહ્મ હમેશાં એકરસ, સત્-ચિત્-આનંદરૂપ, પૂર્ણ, નડતર-રહિત અને ક્ષય-રહિત છે. (૨)

'यच्च किंचित् जगत्सर्वं दृश्यते श्रूयतेऽपि वा ।
अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः ॥

-જે કાંઈ સર્વ જગત અંદર અને બહાર જોવામાં આવે છે અને સાંભળવામાં આવે છે તે સર્વને વ્યાપી રહીને નારાયણ રહેલા છે.' (૩) 'सत्यं विज्ञानमानन्दं ब्रह्म' -સત્ય વિજ્ઞાનરૂપ ને આનંદાત્મક બ્રહ્મ,' 'पूर्णमदः' -એ પૂર્ણ છે' એ શ્રુતિવાક્ય પ્રમાણે સર્વત્ર સર્વ ક્રિયાઓથી તેમજ સર્વ નિત્ય ધર્મોથી-

सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ (ગીતા)

-ચોગમ હાથ અને પગવાળું, ચોગમ આંખ મસ્તક અને મુખવાળું, ચોગમ કાનવાળું, લોકમાં સર્વ કાંઈને આવરી લઈને રહેલું છે;' માયાનામક સ્વશક્તિથી ચોગમ અંશો સાથે રહેલું છે અને પોતાની શક્તિથી અચિંત્ય રૂપો ધારણ કરનારું છે. જેની ઈચ્છાને કોઈ નડતર કરી શકે એમ નથી તેવા એ બ્રહ્મને બહુ થવાની ઈચ્છા થઈ. (૪-૬) 'बहु स्यां प्रजायेय હું બહુ થાઉં, પ્રજનન કરું' એ વગેરે શ્રુતિવાક્યોનું આ ઈચ્છાને સમર્થન છે, ત્યારે ઈચ્છાથી જગતનો ઉદ્‌ગમ કરવાને માટે પોતે પોતાના સ્વરૂપનું તિરોધાન કર્યું. (૭) સૃષ્ટિ કરવાના સમયે એ છેલ્લા પરિચ્છેદોનું વર્ણન કરવામાં આવ્યું છે-એ વાત 'हन्त तिरोसानि-હું તિરોધાન પામું' એ વગેરે વાક્યોથી કહેવામાં આવી છે. (૮) કાણ્વોના બૃહદારણ્યક ઉપનિષદમાં તેમજ સ્મૃતિ અને પુરાણમાં પણ આ વાત કહી છે.

'विभक्तिरप्रतर्क्यस्याविभक्तस्यापि युज्यते-જેના વિશે તર્ક પણ ન થઈ શકે તેવા અવિભક્ત એ બ્રહ્મને વિશે વિભાગીકરણ થાય છે.' 'अविभक्तं विभक्तेषु विभक्तमिव च स्थितम्-(ગીતાજી)-અવિભક્ત એવું એ બ્રહ્મ વિભાગ પામેલા પદાર્થોમાં જાણે કે વિભાગ પામીને રહ્યું છે.' ત્યારે ચિત્ જેમાં મુખ્ય છે તેવા પરિચ્છેદવાળા અંશરૂપ જીવો સારી રીતે પ્રજ્વલિત અગ્નિમાંથી નાના તણખાઓની જેમ બહાર નીકળી આવ્યા. મુંડકોપનિષદમાં તેમજ બીજે સ્થળે પણ આ દૃષ્ટાંત મળે છે. (૯-૧૧)

'तदेत्सत्यं यथा सुदीप्तात्पावका-
द्विस्फुलिङ्गाः सहस्रशः प्रभवन्ते सरूपाः ।
तथाक्षराद्विविधाः सोम्य भावाः प्रजायन्ते तत्र चैवापि यन्ति ॥
(મુંડક. ૨-૧-૧)

-એ વાત સાચી છે કે જે પ્રમાણે સારી રીતે પ્રજળી ઊઠેલા અગ્નિમાંથી એકસરખા રૂપવાળા તણખા હજારોની સંખ્યામાં નીકળે છે તે પ્રમાણે, હે સોમ્ય, અક્ષરબ્રહ્મમાંથી અનેક પ્રકારના ભાવો જન્મ પામે છે અને એમાં જ લય પામે છે.' (૧૨)

'यथा सुदीप्तात्पावकात्क्षुद्रा बिस्फुलिङ्गा व्युच्चरन्त्येवं तस्मादात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्व एवात्मानो व्युच्चरन्ति रमणीयचरणाः कुपूयचरणाः । (છાંદોગ્ય)

-જે પ્રમાણે સારી રીતે પ્રજળી ઊઠેલા અગ્નિમાંથી નાના નાના તણખા નીકળે છે તે પ્રમાણે એ આત્મામાંથી બધા પ્રાણ, બધા લોક, બધા આત્માઓ રમણીય ચરણ-વાળા (દૈવી) અને ગંદા ચરણવાળા (આસુરી) નીકળી આવે છે.' (૧૩) આનંદાંશસ્વરૂપમાંથી બધા અંતર્યામીઓનો, અને સત્-અંશમાંથી બધા જડ પદાર્થોનો જન્મ થયો કે જેમાંથી અનેક પ્રકારે દેહો કરવામાં આવ્યા. (૧૪) જીવમાં આનંદાશનો અને જડમાં આનંદાંશ અને ચિત્-અંશનો તિરોભાવ

કર્યો. બેઉમાંથી આનંદાંશનો તિરોભાવ થવાને કારણે જીવ અને જડ બંને નિરાકાર થયાં. (૧૫) એ બેઉને ચાર ભુજા વગેરેવાળી ભગવાનની એવી આકૃતિ નથી. પ્રભુના હાથ-પગ વગેરે તો આનંદરૂપ જ છે. (૧૬) 'પ્રજાયેય'-હું પ્રકૃષ્ટ છું-જન્મ પામું' એ પ્રમાણે પ્રભુએ ઈચ્છા કરી-અને **ઐશ્વર્ય** વગેરે ધર્મો સવિષય હોવાને લઈને (સૃષ્ટિની ઉત્પત્તિ કરવા) એ ધર્મોનો તિરોભાવ કર્યો. (૧૭) ભગ શબ્દથી ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મો બધાય ભગવાનના નિત્ય ધર્મ છે. (૧૮)

'ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः ।
ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥

-સમગ્ર ઐશ્વર્ય, વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય, એ છને ભગ કહેવામાં આવે છે.' (૧૯) ઐશ્વર્ય વગેરેનો તિરોભાવ થવાને કારણે જીવોને દીનતા વગેરે થાય છે, જીવનું ઐશ્વર્ય તિરોભાવ પામતું હોવાને લઈને વ્યાસસૂત્ર (નીચે આવશે તે) માં જીવને બંધ અને ઊલટું જ્ઞાન થવાનું સૂચવ્યું છે. (૨૦) પ્રથમનાં ચાર ઐશ્વર્યના તિરોભાવને લઈ બંધ અને **છેલ્લાં** બેના તિરોભાવને લઈ ઊલટું જ્ઞાન થાય છે. 'पराभिध्यानात्तु तिरोहितं, ततो ह्यस्य बन्धविपर्ययौ- પરબ્રહ્મે ધ્યાન કર્યું (સૃષ્ટિની ઉત્પત્તિ માટે)-પરિણામે **ઐશ્વર્ય તિરોહિત** થયું અને તેથી જીવને બંધ અને ઊલટું જ્ઞાન થયાં.'-આ વિષયમાં શ્રીમહાપ્રભુજીએ સારી રીતે વિવેચન કર્યું છે. (૨૧) પ્રભુની વિદ્યા અને અવિદ્યા એ બેઉ શક્તિ પ્રભુની માયાથી પ્રભુએ જાતે બનાવી છે. એને લઈને જ જીવને બંધ થાય છે; એ પ્રભુનો અંશ હોવા છતાં એને મોક્ષ નથી થતો. (૨૨)

'विद्याविद्ये मम तनू विद्ध्युद्धव मनीषिणाम् ।
मोक्षबन्धकरी आद्ये मायया मे विनिर्मिते ॥ (ભાગ. ૧૧)

-હે ઉદ્ધવ, વિદ્યા અને અવિદ્યા એ મારા દેહ છે.મનુષ્યોને આ બેઉ

અનુક્રમે મોક્ષ અને બંધ કરનારી છે-જે મારી માયાએ બનાવેલી છે.' (૨૩)

'एकस्यैव ममांशस्य जीवस्यैव महामते ।
बन्धोऽस्याविद्यया नादिर्विद्यया च तथेतरः ॥ (ભાગ. ૧૧)

-હે મહાબુદ્ધિમાન, મારા અંશરૂપ આ એક જીવને અવિદ્યાથી બંધ થાય છે; વિદ્યાને લઈ બંધ નહિ, પણ મોક્ષ થાય છે.' (૨૪)

ચિત્‌ના અભાવને લઈ જડમાં અને આનંદના તિરોભાવને લઈ અંતર્યામીને વિશે માત્ર જીવને સુખ અને દુ:ખનો અનુભવ થાય છે. (૨૫) સ્વરૂપનું અજ્ઞાન, દેહાધ્યાસ, ઈંદ્રિયાધ્યાસ પ્રાણાધ્યાસ અને અંતઃકરણાધ્યાસ (આ ચાર અન્યથાજ્ઞાનરૂપ અધ્યાસ)-આમ અવિદ્યાનાં પાંચ પર્વ છે, જેનાથી બંધાયેલા જીવને જન્મમરણ થાય છે-અવિદ્યાનાં આ પાંચ પર્વ શ્રીઆચાર્યજી-શ્રીવલ્લભાચાર્યજીએ (તત્ત્વદીપ-નિબંધ-શાસ્ત્રાર્થ પ્રકરણમાં) જણાવ્યાં છે. (૨૬-૨૭) અહંતામમતારૂપ જે સંસારને મિથ્યા કહેવામાં આવ્યો છે તે અવિદ્યારૂપ ઉપાધિને લઈ ઝાંઝવાંનાં જલ જેવો દેખાય છે. (૨૮) ઉપર ચાર અધ્યાસ કહ્યા તે ઊલટા ક્રમે જણાવ્યા છે-સાચો ક્રમ અંતઃકરણાધ્યાસ પ્રાણાધ્યાસ ઈંદ્રિયાધ્યાસ અને દેહાધ્યાસ છે. આ પાંચ પર્વ સિદ્ધ થવાથી દેહમાં અહંભાવ થાય છે. (૨૯) દેહના સંબંધમાં આવતાં ઘર વગેરેમાં ત્યારે મમતા પણ થાય છે. એનું નામ તે 'સંસાર'; એ 'ભ્રમ', એ 'સ્વપ્ન' એ 'માયા' એમ અહીં જગતમાં કહેવાય છે. (૩૦) અવિદ્યાની ઉપાધિને લઈ આ જીવ અજ્ઞાનાત્મક દેખાય છે-કમળાવાળાને જે પ્રમાણે શંખમાં પીળો રંગ ખોટો દેખાય તેમ. (૩૧) સાધનોથી આ ઉપાધિઓ જ્યારે નાશ પામે ત્યારે અસલ જેવું હોય તેવું જોવામાં આવે છે. અવિદ્યા ચાલી જતાં સર્વનું બ્રહ્મપણં અને પ્રભુએ ક્રીડાને માટે આ રચના કરી છે એવું સ્પષ્ટ થાય છે. (૩૨)

'यथाम्भसा प्रचलता तरवोऽपि चला इव ।

चक्षुषा भ्राम्यमाणेन दृश्यते चलतीव भूः ॥ (ભાગ. ૭-૨-૨૩)

-વહેતા પાણીએ વૃક્ષો પણ જાણે કે વહેતાં હોય અને ભમતી આંખે જાણે કે પૃથ્વી પણ ભમતી હોય એમ દેખાય છે.' (૩૩) દેહ વગેરેમાં વિરાગ થવાના માત્ર ઉદ્દેશથી, દેહ વગેરેમાં રહેલા સંસારને લક્ષ્યમાં રાખી, ક્યાંક દૃષ્ટાંતપૂર્વક દેહ વગેરેની અસત્યતા કહેવામાં આવી છે. (૩૪) બ્રાહ્મણ હોય છતાં સ્વપ્નમાં એ પોતાને 'હું રાજા છું' એમ માને છે; તે તે દેહમાં રહેલો જીવ પોતે બ્રહ્મનો અંશ છે એવું યાદ રાખી શકતો નથી. (૩૫)

'स्वप्ने यथा पश्यति देहमीदृशं मनोरथेनाभिनिविष्टचेतनः ।
दृष्टश्रुताभ्यां मनसानुचिन्तयन् प्रपद्यते तत्किमपि ह्यपस्मृतिः ॥

-ચિત્તમાં મનોરથ ભરેલા હોય તેવી સ્થિતિમાં જે કાંઈ જોયું સાંભળ્યું હોય તેનો વિચાર કરતાં મનુષ્ય વિસ્મરણ થતાં સ્વપ્નમાં તેવા તેવા પ્રકારના દેહને જુએ છે.' (૩૬)-આ પ્રમાણે મિથ્યા વિયોગવાળા દેહમાં અહંભાવને પામેલો જીવ, પ્રભુએ એની બુદ્ધિને મોહ કરેલો હોવાથી, પરવશ થઈ બધાં કાર્ય કર્યે જાય છે. (૩૭) કરેલાં કર્મોને વિશે ભગવાનની ઈચ્છાથી દેહાત્મભાવ થતાં દેહની મદદથી-'अहंकार-विमूढात्मा कर्ताहमिति मन्यते-(ગીતા)-અહંકારથી વિશેષ મૂઢ થયેલા આત્માવાળો 'હું કર્તા છું' એમ માની રહે છે.' (૩૮) વસ્તુસ્થિતિએ તો આ જગતમાં પ્રભુ તે તે જીવ દ્વારા રમણથી બધું કરાવે છે-ત્યાં 'હું કરું છું' એવી જીવની બુદ્ધિ છે તે મિથ્યા છે. (૩૯) ફલ અને સાધનના વિષયમાં 'कर्ता कारयिता हरिः-કરનાર અને કરાવનાર પ્રભુ' કહેવામાં આવ્યા છે. 'अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते-(ગીતા) હું બધાનું ઉત્પત્તિસ્થાન છું, મારામાંથી બધું પ્રવર્તે છે.' (૪૦)

'यथा दारुमयी योषा यथा यन्त्रमयो मृगः ।
एवं भूतानि मघवन्नीशतन्त्राणि विद्धि भोः ॥ (ભાગ. ૬-૧૧)

જેવી કઠપૂતળી જેવા યંત્રણો મૃગલો-તે જ પ્રમાણે હે ઈંદ્ર, આ સૌ ભૂત-પ્રાણીઓને પ્રભુના તંત્રમાં રહેલાં જાણજે.' (૪૧)

'यथा भ्रमरिकादृष्ट्या भ्राम्यतीव महीयते ।
चित्ते कर्तरि तत्रात्मा कर्तेवाहंधिया स्मृतः ॥

-જે પ્રમાણે ભમરડાની નજરે પૃથ્વી જાણે કે ફરતી હોય તે પ્રમાણે લાગે છે તે જ પ્રમાણે ચિત્ત કરતું હોય છે તેમાં જીવાત્મા 'હું કરું છું' એ રીતે અહંબુદ્ધિ રાખી રહ્યો છે. (૪૨) અહીં 'સંસાર' ને તેમજ 'અહંતા' અને 'મમતા' ને લક્ષ્યમાં રાખી બધે જ એ ત્રણેના નિવારણ પછી જ મુક્તિ કહી છે, બીજી રીતે નહિ. (૪૩)

'एतद्द्वारो हि संसारो गुणकर्मनिबन्धनः ।
अज्ञानमूलोऽपार्थोऽपि पुंसः स्वप्न इवेयते ॥ (ભા. ૭-૭-૧૭)

આ અવિદ્યા દ્વારા ગુણકર્મના બંધનવાળો સંસાર અજ્ઞાનમૂલક અને અર્થહીન છતાં મનુષ્યને સ્વપ્નમાં હોય તેવો પ્રાપ્ત થાય છે.' (૪૪)

'त एतदधिगच्छन्ति विष्णोर्यत्परमं पदम् ।
अहंममेति दौरात्म्यं न येषां देहगेहयोः ॥

-જેઓને દેહ અને ઘરમાં 'હું' અને 'મારાં' એવી દુષ્ટ બુદ્ધિ નથી તે લોકો જ વિષ્ણુના પરમ પદને પામે છે.' (૪૫)-આ વગેરે અનેક વચનોથી દેહમાં અધ્યાસરૂપ આત્મભાવ વગેરે મિથ્યા-ખ્યાલ-રૂપ બતાવ્યો છે. એ ખ્યાલ ચાલ્યો જાય ત્યારે મુક્તિ. દેહ વગેરે કાંઈ 'સંસાર' નથી. (૪૬) અત્યંત અલગ રહેલા આત્માને અને દેહને સંસાર નથી. આમાં જે અવિવેક બુદ્ધિ (પૃથક્કરણના ખ્યાલ વિનાની) છે તેને જ 'સંસાર' છે. (૪૭) શ્રીમદ્‌ભાગવતના એકાદશસ્કંધમાં અઠાવીસમા અધ્યાયમાં આ પ્રમાણે સ્પષ્ટ ભેદ બતાવવામાં આવ્યો. હોઈ, દેહાદિકને 'સંસાર' હોય તો એને જે જીવન્મુક્તિ થાય તે બંધ

બેસે નહિ. (૪૮) મુક્ત હોય તેવા જીવને પણ દેહ વગેરે પ્રત્યક્ષ છે જ, જો સંસાર હોય તો મુક્તિ કયાંથી ? એવી મુક્તિ થતી હોય તો એવી શાસ્ત્રમાં ક્યાંય કહી નથી. (૪૯) તેથી દેહાદિમાંથી અધ્યાસનો અભાવ થતાં-અહંતા ચાલી જાય છે, અને એ ચાલી જતાં અહંતામૂલક મમતા પણ ચાલી જાય છે. (૫૦) 'आत्मलाभे तु विद्यातो मुक्तो जीवन् भविष्यति -વિદ્યાથી આત્માની પ્રાપ્તિ થતાં જીવ જીવન્મુક્ત બનશે.' એમ દેહ અને સંસારનો ભેદ બતાવનારો સિદ્ધાંત વેદને માન્ય છે. (૫૧) સારી રીતે ચાલ્યા કરવું, પોતાના સ્વરૂપમાંથી ભ્રષ્ટ થઈ પડવું, પોતે બ્રહ્મનો અંશ છે એનાથી ઊલટા પ્રકારનો ભાવ થવો,-આને 'સંસાર' કહે છે. (૫૨) 'સંસાર' અસત્ય છે, 'પ્રપંચ' સત્ય છે, એ નિર્ણય છે. ઈંદ્રજાળની માફક અસત્ય છતાં પણ 'સંસાર'ની પ્રતીતિ થાય છે. (૫૩)

જે પ્રભુના જીવ સ્વ અંશ છે, પ્રતિબિંબ નથી કે આભાસ નથી, જીવો પ્રભુના ચલાવ્યા 'સંસાર' પામે છે, તે પ્રભુના ભવતારક ચરણને શરણે હું જઉં છું. (૫૪)

⁂



૮. જીવ, અંતર્યામી, અને શુદ્ધાદ્વૈતના અર્થનું નિરૂપણ

પોતાના અંશરૂપ, અણુરૂપ, ભોક્તા અને સાક્ષીને રૂપે રહેલા 'જ્ઞ' અને 'અજ્ઞ' રૂપ જીવ અને અંતર્યામીને જેમણે પોતાને વિશે સ્થાપિત કર્યા છે તે કૃપાળુ પ્રભુને નમસ્કાર. (૧)

'द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
एकस्तयोः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्न्यो अभिचाकशीति ॥

(મુંડક.)

-બે જોડિયા પક્ષીમિત્રો એક જ વૃક્ષ ઉપર ભેટીને બેઠા છે. એ બેમાંનો એક સ્વાદિષ્ઠ પેપડી ખાય છે; ખાધા વિનાનો બીજો ટગર ટગર જોયા કરે છે. (૨)

'सुपर्णावितौ सहजौ सखायौ यदृच्छया कृतनीडौ च वृक्षे ।
एकस्तयोः खादति पिप्पलान्नमन्यो निरन्नोऽपि बलेन भूयान् ॥

(ભાગ. ૧૧-૧૧-૬)

-સાથે જન્મેલા બે આ પક્ષી કોઈ અચિંત્યની ઈચ્છાએ એક જ વૃક્ષ ઉપર માળા બાંધી રહ્યા છે. એમાનો એક પેપડી ખાય છે; બીજો ખાધા વિનાનો છતાં બળમાં મોટો છે.' (૩) એકે એક શરીરમાં ભિન્ન ભિન્ન રહીને બેઉનો હૃદયમાં હંસરૂપે પ્રવેશ છે; જેમકે શ્રીમદ્-ભાગવતમાં-(૪)

'हंसावहं च त्वं चार्य सखायौ मानसायनौ ।-હે આર્ય, માનસમાં રહેલા હું અને તું બે હંસ મિત્રો છિયે.' 'गुहां प्रविष्टावात्मानौ (વ્યાસસૂત્ર) -ગુહામા પ્રવેશ કરી રહેલા બે આત્મા'-એ વ્યાસસૂત્રમાં 'ગુહા' એ 'હૃદય' છે. (૫)

'यथा व्रीहिर्वा यवो वा श्यामाको वा श्यामाकतण्डुलो वैवमयमन्तरात्मन् पुरुषो हिरण्मयः (બૃહદા.)

-જે પ્રમાણે ચોખો જવ સાખો મોરૈયો ઉપરના છોડાની અંદર રહેલા

છે તે પ્રમાણે હિરણ્મય પુરુષ અંતરાત્મામાં રહે છે. (૬) -એ વગેરે ઉપનિષદ્‌વાક્યોથી તેમ વળી સ્મૃતિવાક્યોથી પણ આ રૂપ કહેવામાં આવ્યું છે; ગીતામાં જેમકે-'ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति-હે અર્જુન, ઈશ્વર બધાં ભૂતોનાં હૃદયમાં બિરાજી રહ્યો છે.' વળી हृदि हृदि धिष्ठितमात्मकल्पितानाम्-(ભાગ. ૧-) -પ્રભુએ સરજેલા જીવોના હૃદયે હૃદયે પ્રભુ બિરાજી રહ્યા છે.' એનામાં આનંદ મોજૂદ હોઈ, ઐશ્વર્ય અને જ્ઞાનને લઈ એને સુખ અને દુઃખનો ભોગ નથી; એ માત્ર જીવોનો સાક્ષી દર્શક છે. (૭-૮) શ્રુતિના વાક્યમાં-'द्वावीशानीशौ ज्ञाज्ञौ-એક ઈશ-જ્ઞ અને બીજો અનીશ-અજ્ઞ' અને 'संभोगप्राप्तिरिति चेन्न वैशेष्याच्च (વ્યાસસૂત્ર)-એને પણ સુખ-દુઃખ વગેરેનો ભોગ થાય-એમ જો કહેતા હો તો નહિ; એમાં રહેલા વિશેષને કારણે એને સુખદુઃખનો ભોગ નથી.' એમ વ્યાસસૂત્રમાં પણ આ સ્પષ્ટ કહ્યું છે. (૯) જીવના કરતાં પ્રભુમાં એ વિશેષતા છે તે આનંદ ધર્મના વિલોપનો અભાવ-સૃષ્ટિમાં દ્વૈત છે તે જીવ અને અંતર્યામીનું, નહિ કે જીવ અને બ્રહ્મનું. (૧૦) અંતર્યામી બ્રાહ્મણમાં-અંતર્યામી-પાદમાં (બૃહદા.) એનું સ્વરૂપ વિસ્તારથી નિરૂપાયું છે; 'અણુભાષ્ય' વગેરેમાં પણ એ વિશે સ્પષ્ટતા છે તે ત્યાંથી મેળવી લેવી. (૧૧) સત્ અને ચિત્-રૂપ, જેમાં ચિત્ મુખ્ય છે તેવો, હૃદયમાં રહેલો બ્રહ્મના પોતાના અંશરૂપ, જેનામાં ચૈતન્ય ગુણ વહ્યો ચાલે છે તેવો અણુ જીવ અવિદ્યાથી બંધાયેલો છે. (૧૨) 'एषोऽणुरात्मा चेतसा वेदितव्यो यस्मिन्प्राणः पञ्चधा संविवेश । (મુંડક)-આ અણુસ્વરૂપ આત્માને ચિત્તથી જાણી લેવો જેમાં પ્રાણ પાંચ પ્રકારે પ્રવેશ કરી રહેલો છે.' એ વગેરે શ્રુતિવાક્યોથી જીવનું અણુ-માપ કહેવામાં આવ્યું છે. (૧૩) 'नाणुरतच्छ्रुतेरिति चेन्नेतराधिकारात् (વ્યાસસૂત્ર)-શ્રુતિમાં અણુપણું ક્યાંય નથી, માટે જીવ અણુ નથી, એમ જો તમે કહેતા હો તો, એમ નથી; જ્યાં 'મહાન અજ' વગેરે કહેલ છે તે તો પરબ્રહ્મની વાત છે.'-એ વગેરે વ્યાસસૂત્રમાં

પણ શ્રી બાદરાયણ વ્યાસજીએ નિર્ણય કરી આપેલો છે. 'स एष आत्मा हृदि हि-એ આ આત્મા હૃદયમાં' વગેરે શ્રુતિઓથી પણ એ સૂચિત છે. (૧૪) 'अवस्थितिवैशेष्यादिति चेन्नाभ्युपगमाद्धृदि हि (વ્યાસસૂત્ર)-જીવની સ્થિતિ સાથે જ રહેલી છે એ વિશેષ છે તેથી જીવ અણુ નથી એમ કહેતા હો તો નહિ, એમ નથી; વેદમાં જીવની સ્થિતિ પણ હૃદયમાં સ્વીકારેલી છે' એમ વ્યાસજીએ સૂત્રમાં કહ્યું છે; તેથી જીવની હૃદયમાં સહસ્થિતિ છે. (૧૫) જેમ ખૂણામાં રાખવામાં આવેલો દીવો આખા ઓરડાને પ્રકાશિત કરે છે તેમ હૃદયમાં રહેલો જીવ ગુણને લઈ ચૈતન્યપૂર્ણ સંપૂર્ણ દેહમાં ચેતનને પાથરે છે. (૧૬) એક જ ઠેકાણે પડેલી કસ્તૂરી પોતાના ગંધથી મોટા વિસ્તારમાં વ્યાપી રહે છે તે પ્રમાણે ચૈતન્યગુણથી આખા દેહમાં એ વ્યાપી રહે છે. (૧૭) 'गुणाद्यालोकवत्-ગુણને લઈ દીવાની જેમ'-'व्यतिरेको गन्धवच्च-અને ગંધની જેમ વ્યતિરેક સ્વરૂપ' એ વગેરે દૃષ્ટાંતોથી વ્યાસજીએ પણ જીવનો ગુણ વહ્યો ચાલવાની પ્રકૃતિ ધરાવવાનું કહ્યું છે. (૧૮) શ્રીશંકરાચાર્યજી અને નૈયાયિકો એક જ જીવને વ્યાપક કહી રહ્યા છે; પરંતુ એક જ જીવની વ્યાપકતા સ્વીકારવા જતાં એકની મુક્તિથી બધાની મુક્તિ થવાની આપત્તિ ઊભી થાય છે. (૧૯) બંધ રહેલો હોઈને મોક્ષ થવાનો નહિ. 'પુણ્યથી એક સ્વર્ગ' જાય છે અને બીજો પાપમાંથી નરકમાં જાય છે' એ વેદસિદ્ધ વસ્તુ નકામી જાય છે. (૨૦) વળી 'सर्वे जीवाः' વગેરે શ્રુતિના શબ્દોમાં બહુવચન કહ્યું છે તેને વિરોધ આવે છે. જે વ્યાપક હોય તેને ઉદ્‌ગમ હોતો નથી. તમે કહેશો કે 'ઉપાધિ વ્યાપક છે'; તો એ સંભવી શકે એમ નથી, કેમકે જીવના ઉદ્‌ગમની વાત સ્પષ્ટ કહી છે; (૨૧) 'यत्प्रयन्ति-જેના વિશે પ્રવેશ કરી જાય છે' એમ જીવોનો પ્રલય કહ્યો છે એ પણ સંભવે નહિ. જ્ઞાનથી પ્રભુમાં પ્રવેશ થાય છે; જ્ઞાન થયા પછી પ્રવેશ થાય છે. (૨૨) વારુ, જીવ સ્વતંત્ર છે કે બ્રહ્મનું ઉપધાન છે ? જો સ્વતંત્ર છે એમ કહિયે તો દ્વૈત થઈ પડયું; બંધ અને મોક્ષની

વાત તેમજ બ્રહ્માત્મકતાની વાત પણ મારી જાય; (૨૩) વ્યાપકતાને લઈ એવા એ કોઈ પણ જીવનું મરણ જ ન થાય. બ્રહ્મના ઉપધાનવાળો જીવ છે એવા પક્ષમાં જીવની વ્યાપકતા જ સંભવી શકતી નથી, પણ એ વ્યાપકતા તો બ્રહ્મની થઈ જાય છે. (૨૪) આપણે જાણીયે છિયે કે વ્યાપક આકાશ છે; ઘડો વ્યાપક છે એમ ક્યાંય બનતું નથી. 'જેવો ઉપાધિનો નાશ થયો કે મોક્ષ થયો' એમ સ્વીકારવા જતાં, જીવ ઉપાધિયુક્ત હોઈ, જીવનોજ નાશ થઈ પડે. (૨૫) 'સર્વજ્ઞ નિર્ગુણ પૂર્ણ બ્રહ્મ ઉપાધિથી બંધાયેલું હતું તે જ સાધનોના બળે ઉપાધિમાંથી મુક્ત થયું' એમ કહેવા જતાં ભારે વિપ્લવ થઈ પડે છે. (૨૬) વેદ વ્યાસસૂત્ર વગેરેમાં જીવનાં ઉત્ક્રમણ ગતિ અને આગતિ કહ્યાં છે તે વ્યાપક જીવને માટે બંધ બેસતાં નથી. કહો કે 'એ ઉપાધિનાં છે' તો (૨૭) 'तं प्राणोऽनुत्क्रामति-એને પ્રાણ વટાવી જતો નથી' એ ઉપનિષદ્વાક્યને વિરોધ ઊભો થાય છે. શ્રુતિ તેમજ સ્મૃતિ અને સૂત્રોને જીવની વ્યાપકતા માન્ય નથી. (૨૮) 'नित्यः सर्वगतस्थाणुः-નિત્યસ્વરૂપ, બધામાં જઈ રહેલું, અણુસ્વરૂપ' બ્રહ્મ બધાંમાં જઈ રહેલું છે તેની સાથે અણુ જીવ રહેલો છે. આ ગીતાવાક્યમાં 'अणु' ન સ્વીકારવામાં આવે અને સ્વતંત્ર 'स्थाणु' શબ્દ લેવામાં આવે તો 'અચલતા' અર્થ આવે, જેનો सर्वगत સાથે અર્થથી વિરોધ ઊભો થાય. (૨૯) હા, જીવ શરીરમાં એના એવા ગુણને લઈ વ્યાપક છે-એ રીતની ક્યાંય વ્યાપકતા કહેવામાં આવી છે. જો બ્રહ્મની જેમ જીવ વ્યાપક છે એમ કહેવામાં આવે તો બીજી અનેક શ્રુતિઓની સાથે અથડામણ ઊભી થાય છે-એવી શ્રુતિઓનો બાધ થાય છે. (૩૦) શ્રીશંકરાચાર્યજીના મતમાં બ્રહ્મ નથી કર્તા કે નથી પ્રપંચનું ભોક્તા, તેમ સર્વથા નથી એને કોઈ આકાર ધર્મ ક્રિયા; આ બ્રહ્મનું જે માયામાં પ્રતિબિંબ પડે છે તે જગત, અને એનો કર્તા તે 'શબલ બ્રહ્મ' એનું અવિદ્યામાં જે પ્રતિબિંબ પડ્યું તે 'જીવ' (૩૨) એ માયા અને અવિદ્યાની ઉપાધિથી યુક્ત

ચૈતન્ય બ્રહ્મરૂપી અથવા તો ઘટાકાશ અને મઠાકાશનો વ્યવહાર થાય છે તેવા પ્રકારના બ્રહ્મમાં-આ જીવ છે ને આ ઈશ છે એવી માન્યતા છે. આ પરિસ્થિતિમાં શુદ્ધ અને મલિન એવી માયા અને અવિદ્યાને અનાદિ ગણવામાં આવ્યાં છે. આમાં જે 'ઉપાધિથી યુક્ત'વાળો પક્ષ છે તેનું આ પૂર્વે સંક્ષેપમાં નિરાકરણ કરી નાખવામાં આવ્યું છે. (૩૩-૩૪)-પ્રતિબિંબ પણ નિરાકાર વાયુ વગેરેમાં દેખાતું નથી. માટી વગેરે મલિન પદાર્થ છે તેમાં પણ પ્રતિબિંબ દેખાતું નથી, કેમકે મલિન પદાર્થમાં પ્રતિબિંબ પડે છે એ મત સ્વીકારવા જતાં એવા માટી જેવા પદાર્થોમાં પણ પ્રતિબિંબ પડવું જોઈએ. (૩૫) કહેશો કે એવા બ્રહ્મનું ત્યાં પ્રતિબિંબ પડે છે, તો પવન અને લાકડામાં અલીકમિથ્યા પ્રતિબિંબ કેમ નથી પડતું ? બાકી એ તો સ્પષ્ટ છે કે જીવનું મિથ્યાપણું ક્યાંય કહ્યું નથી, કેમકે તો એક 'ગુહા'માં બંનેનો પ્રવેશ ઉપનિષદ કહે છે એ પણ બંધ બેસે નહિ.-આ વગેરે વાતો 'તત્ત્વાર્થદીપ નિબંધ' માં તેમજ વિસ્તારથી 'વિદ્વન્મંડન'માં કહી છે. (૩૬-૩૭) એ લોકોએ જીવપણું અવિદ્યારૂપ ઉપાધિથી થયેલું કહ્યું છે. એવા પ્રકારના મતમાં ભગવાનની પરતંત્રતા અને દ્વૈતપણું આવી પડે છે. (૩૮) વૈદિક સિદ્ધાંત તો એવો છે કે બૃહદારણ્યક વગેરેમાં કહ્યા પ્રમાણેની ભગવાનની ઈચ્છાથી અંશરૂપી જીવોને 'જીવપણું' છે; અવિદ્યારૂપ ઉપાધિવાળી શક્તિથી માત્ર એને 'સંસાર' થાય છે. (૩૯) એ જ બ્રહ્મમાં ઉદ્‌ગમ, એમાં જ લય. અને વચગાળાની સ્થિતિમાં કાર્યરૂપે સ્વ-ઈચ્છાથી જડ જીવ અને અંતર્યામીનો ભેદ જોવા મળે છે. (૪૦) આ રીતે સિદ્ધ થયેલું 'શુદ્ધ અદ્વૈત' શ્રુતિ સ્મૃતિ વગેરેને સંમત છે. દ્વીત એટલે બે નું મળેલું જ્ઞાન. જે દ્વીત તે જ દ્વૈત. (૪૧) આ 'દ્વૈત' કાર્યકારણરૂપે, ઈશ-જીવરૂપે અને નામ-રૂપના રૂપે એમ ત્રણ પ્રકારનું કહેવામાં આવ્યું છે. (૪૨) આમાંનાં પ્રથમ બે નો દોષ આ પૂર્વે બતાવવામાં આવ્યો છે; શાંકરોના કહેલા ત્રીજા-નામ રૂપના દ્વૈતના દોષ હવે

બતાવવામાં આવશે. (૪૩) अस्ति-છે, भाति-દેખાય છે, प्रिय, रूप અને नाम એવા અર્થના પાંચ પ્રકાર છે. આમાંથી શરૂના ત્રણ બ્રહ્મરૂપ છે, છેલ્લા બે માયારૂપ છે. સંચ્ચિદાનંદરૂપને ઈચ્છાથી કાર્યરૂપે अस्ति-भाति અને प्रिय, પ્રગટ થયાં; નામ અને રૂપનો આકાર થયો. (૪૫) 'स सर्वनामा स च सर्वरूपः- સર્વનામરૂપ ને સર્વરૂપ રૂપ એ છે' એમ કહેવામાં આવ્યું છે. 'नामरूपे व्याकरवाणि-હું નામ અને રૂપને સ્પષ્ટ કરું' એવી પૂર્વે પ્રભુને ઈચ્છા થઈ. (૪૬) પોતપોતાના વાચક શબ્દસમૂહમાંથી તે તે રૂપનો ભેદ પાડી વ્યવહારને માટે તે તેનાં વાચક નામ બતાવ્યાં. (૪૭) 'सर्वाणि रूपाणि विचित्य धीरः-ધીર પુરુષ સર્વ રૂપોને એકત્ર કરી'-આ મતલબનું પુરુષસૂક્તનું વાક્ય તેમજ બીજાં ઉપનિષદ્વાક્યો પણ આ વાત કહે છે, જેનું 'કૂર્મપુરાણ' માં સમર્થન મળે છે. (૪૮) બધાં જ પ્રભુને અધીન હોવાને કારણે બીજાઓની સાથેના વ્યવહારને માટે વ્યવહાર કરનારાઓ તે તે શબ્દથી તે તે નામ ઈચ્છે છે. (૪૯) જ્યાં ક્યાંય બ્રહ્મને અનામ અને અરૂપ કહ્યું છે ત્યાં સર્વત્ર એની અલૌકિકતા વર્ણિત કરવામાં આવી છે-ઉદ્દેશ માહાત્મ્ય બતાવવાનો છે. ઉદાહરણ તરીકે ઘડો લૌકિક છે-એનું રૂપ-આકાર નક્કી છે, એ આકારનો તિરોભાવ થાય એવો ઘડાનો સ્વભાવ પણ છે, એનાં બેત્રણ નામો પણ છે; બ્રહ્મને આવું કાંઈ નથી; આ હકીકત છે. (૫૦-૫૧) સૃષ્ટિ કરવાના સમયે 'આકાર' થયો, સંજ્ઞા થઈ; એની પહેલાં તો નામ અને રૂપ સ્પષ્ટ ન હોતાં-અવ્યાકૃત હતાં. 'નામ અને રૂપ બ્રહ્મમાં જ રહેલાં છે' એ વાત બૃહદારણ્યક ઉપનિષદમાં સ્ફુટ છે: (૫૨)-तद्धेदं तर्ह्यव्याकृतमासीत्, तन्नामरूपाभ्यां व्याक्रियते, असौ-नामायमिदंरूपोऽयम्-એ સમયે આ સર્વ કાંઈ અવ્યાકૃત હતું; 'આનું નામ આ છે, આનું રૂપ આ છે' એ રીતે એ નામ અને રૂપથી આકૃતિ પામે છે.' (૫૩) ''શ્રી શંકરાચાર્યજીના મતમાં કાર્ય અને કારણને વિશે જે સંકરતા તરી આવતી હતી તે દૂર કરવાને માટે શ્રી આચાર્ય-

શ્રીવલ્લભાચાર્યજીએ 'શુદ્ધ' પદ વિશેષણ તરીકે આપ્યું છે. 'શુદ્ધાદ્વૈત' પદમાં કર્મધારય સમાસ જાણવો. ડાહ્યા પુરુષો અહીં ષષ્ઠી તત્પુરુષ સમાસ (પણ) કહે છે: 'શુદ્ધ કાર્ય અને કારણનું અદ્વૈત.' ડાહ્યા પુરુષો કહે છે કે 'જેમાં માયાનો સંબંધ સર્વથા નથી તે શુદ્ધ'. કાર્ય અને કારણ-રૂપે રહેલું બ્રહ્મ શુદ્ધ છે, માયિક નથી.''-આ પ્રમાણે ત્રણ શ્લોકથી (કાશીસ્થ) ગોસ્વામી શ્રીગિરિધરજીએ પોતાના 'શુદ્ધાદ્વૈતમાર્ત્તંડ' નામક ગ્રંથમાં **શુદ્ધ** વિશેષણનું વિવરણ આપ્યું છે. (૫૩-૫૬) શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ બતાવેલ 'અદ્વૈત' માં શુદ્ધતા છે; અન્ય મતોમાં બધે 'દ્વૈત' જ જોવા મળે છે. (૫૭)

દોષદુષ્ટ મતોનું નિરાકરણ કરનારા, 'અગ્નિ' નામના આચાર્ય શ્રીવલ્લભાચાર્યજીના અંતઃકરણના ભૂષણરૂપ નીલમણિ એ (શ્રીકૃષ્ણ) મારા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરો. (૫૮)



૯. બ્રહ્મની સાકારતાનો વિવેક

પોતાનાથી અભિન્ન અને એકબીજાના વિરોધી અનેક અપ્રાકૃત ધર્મોથી અને એવી શક્તિઓથી આશ્રય પામીને રહેલા નિર્દોષ અને જેમના સિવાય બીજું કોઈ નથી તેવા પ્રભુને વંદન કરું છું (૧)

માહાત્મ્યને માટે તેમજ ભક્તિને માટે શ્રુતિઓ અપ્રાકૃત સમય આકાર-રૂપ પ્રભુનું પ્રતિપાદન કરે છે, જ્યારે પ્રાકૃતનો નિષેધ કરે છે. (૨) જે પંચમહાભૂતમાંથી થયેલું છે, જન્મ હસ્તી વૃદ્ધિ ક્ષય વિપરિણામ અને નાશ એવા જેમાં છ ભાવ જોવામાં આવે છે, જેને અમુક ચોક્કસ મર્યાદા છે, જેનું કાર્ય નિયત-અમુક ચોક્કસ પ્રકારનું છે, તેને 'પ્રાકૃત' કહે છે. (૩) આપણા વગેરેનો દેહ જેમ પંચમહાભૂતોમાંથી ઊભો થયેલો છે ને 'એમાં એ ઉત્પન્ન થાય છે' વગેરે છ વિકાર પણ જોવામાં આવ્યા છે. (૪) એ મલિન છે, બીજાના નિયમનમાં રહેલો છે, સાત વેંતથી માપેલો છે, કાનથી એના વિશે સાંભળવામાં આવે છે અને આંખથી એટલા પૂરતો જોવામાં આવે છે. (૫) 'सर्वकामः सर्वरसः-એ સમસ્ત ઈચ્છાઓવાળો, સમસ્ત રસવાળો છે' એ પ્રમાણે છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે એ પ્રભુના ધર્મ નિત્ય અને પોતાનાથી બધા જ અભિન્ન છે. (૬)

'विश्वतश्चक्षुरुत विश्वतो मुखो विश्वतो बाहुरुत विश्वतस्पात् ।
संबाहुभ्यां धमति संपतत्रैर्द्यावाभूमी जनयन् देव एकः ॥

-એને સર્વત્ર આંખ, સર્વત્ર મુખ, સર્વત્ર બાહુ, સર્વત્ર પગ છે. એ એક દેવ આકાશ અને પૃથ્વીને ઉત્પન્ન કરતો બે બાહુઓથી તેમજ ચરણોથી સંયુક્ત કરે છે. (૭) सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् (પુરુષસૂક્ત)-એ પુરુષને હજારો મસ્તક, હજારો આંખ, હજારો પગ છે.' 'सर्वतः पाणिपादान्तम् (ગીતાજી)-એને ચોગમ હાથ અને ચરણ છે' એ વગેરે શ્રુતિઓ અને સ્મૃતિઓ જણાવે છે. (૮)

બધે સ્થળે એની બધી ઈંદ્રિયોનું એ દર્શન વગેરે કાર્ય રહેલું છે; સર્વજ્ઞને એ સર્વ જ્ઞાન અને સર્વકર્તાને એ બધી ક્રિયાઓ-ગમન સ્વીકાર વગેરેની-રહેલાં છે. (૯) એ ઈંદ્રિયો વગેરે પંચમહાભૂતાત્મક નથી; સૃષ્ટિ કરવાને માટે એવી ઈંદ્રિયો વગેરે પ્રભુએ પોતાનામાંથી કરી છે. પ્રભુ અજન્મા અમૃત અને અવિકારી હોવાને કારણે એમનામાં ક્યાંય વિકાર નથી. (૧૦)

'त्वं ब्रह्म पूर्णममृतं विगुणं विशोकमानन्दमात्रमविकारमनन्यदन्यत् ।
विश्वस्य हेतुरुदयस्थितिसंयमानामात्मेश्वरश्च तदपेक्षतयाऽनपेक्षः ॥

-આપ પૂર્ણ અમૃત નિર્ગુણ શોકરહિત આનંદમાત્ર અવિકારી અનન્ય છતાં જુદા જ પ્રકારનું બ્રહ્મ છો, આપ વિશ્વના કારણરૂપ, ઉદય સ્થિતિ અને સંકેલ-ક્રિયાના આત્મા, ઈશ્વર અને વિશ્વ વગેરેના સર્જનની આપને ઈચ્છા છતાં આપ અપેક્ષા (જરૂરિયાત) વિનાના છો.' (૧૧) આથી જ આપનામાં માલિન્ય નથી, આપ ઐશ્વર્યશાલી હોઈ આપના ઉપર કોઈનું નિયમન નથી, આપને વ્યાપકતાનું કોઈ ચોક્કસ માપ નથી; આનું નામ તે અપ્રાકૃત આકાર. (૧૨) 'समोः मशकेन समो नागेन-આપ મચ્છરના જેવડા છો, હાથીના જેવડા છો' આ વગેરે ઉપનિષદ્વાક્યો આપના વિભુપણાને લઈ ને આપનામાં બધા આકાર આશ્રય કરીને રહેલા છે એમ વર્ણન કરે છે. (૧૩) 'अस्थूलमनणु-સ્થૂલતારહિત, અણુતારહિત' એ વગેરે શ્રુતિઓ પંચમહાભૂતોને લગતાં વગેરે પ્રાકૃત પરિણામાદિનો પ્રભુમાં નિષેધ કરે છે. (૧૪) ક્રિયાઓમાં ફલનો સંદેહ, દેહમાં અભિમાન, અજ્ઞપણું, લોકમાં ખૂતેલાને કામ ક્રોધ વગેરે ઉછાળા આ વગેરે દોષ કહ્યા છે. (૧૫) 'निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम्-કલારહિત, ક્રિયારહિત, શાંત, અકથનીય અને નિરંજન'-એ વગેરે શ્રુતિઓ એવી દોષયુક્ત ક્રિયાઓનો પ્રભુમાં નિષેધ કરે છે. (૧૬) 'गृह्यमाणैस्त्वमग्राह्यो विकारैः प्राकृतैर्गुणैः-ગ્રહણ કરવામાં આવતા વિકારો અને પ્રાકૃત ગુણો આપનું ગ્રહણ કરી શકતા નથી' એ

વગેરે શ્રીમદ્ભાગવતનાં વાક્યોમાં પ્રભુમાં પ્રાકૃતપણું નથી એમ કહ્યું છે. (૧૭)

'अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।
स वेत्ति वेद्यं न च तस्य वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥

-હાથપગ નથી છતાં ગતિ કરે છે ને ગ્રહણ કરે છે, આંખ નથી છતાં જુએ છે, કાન નથી છતાં સાંભળે છે. જાણવા પાત્ર વસ્તુને એ જાણે છે, પણ એને જાણનાર કોઈ નથી. આવા આદિ પુરુષને મહાપુરુષ' કહે છે'. (૧૮) આ વાક્યમાં હાથ-પગનો નિષેધ છતાં ગતિ અને ગ્રહણ કહ્યાં હોઈ આપણાં જેવાં અપૂર્ણ પ્રાકૃત-પણાનો નિષેધ કરીને શ્રુતિઓમાં સર્વશક્તિમાનની બધી ક્રિયાઓને ધ્રુવસ્વરૂપની જણાવવામાં આવી છે. આમે સર્વવેત્તા એ પ્રભુનું બધું જ્ઞાન સર્વત્ર બાધ-રહિત રહ્યું છે. (૧૯-૨૦).

'निर्दोषपूर्णगुणविग्रह आत्मतन्त्रो निश्चेतनात्मकशरीरगुणैश्च हीनः ।
आनन्दमात्रकरपादमुखोदरादिः सर्वत्र च त्रिविधभेदविवर्जितात्मा ॥

-દોષરહિત પૂર્ણ ગુણ-દેહવાળા, સ્વાધીન તંત્રવાળા, ચેતનારહિત શરીરના ગુણો વિનાના, જેમનાં હાથ-પગ-મુખ-ઉદર વગેરે આનંદમાત્ર છે, અને સજાતીય વિજાતીય અને સ્વગત એવા ત્રણ ભેદ વિનાનો સર્વત્ર જેમનો આત્મા છે તેવા.' (૨૧)

ચોક્કસ પ્રકારનાં આકાર અને કાર્ય, એકબીજાને બાધ કરનાર ક્ષય-એ વગેરે દોષ પ્રભુની ઈચ્છાએ પ્રાકૃત ગુણો અને દેહોમાં રહેલા છે. (૨૨) એ પ્રભુનો આકાર આનંદમાત્ર છે, નિર્દોષ ગુણો એમનો આશ્રય કરીને રહેલા છે, એમનો દેહ નિર્દોષ છે. ચેતનાહીન પ્રકૃતિ જડ છે. (૨૩) પ્રભુના ગુણ પ્રાકૃત નથી, શરીર ઈંદ્રિયો વગેરે પણ પ્રાકૃત નથી-આ પ્રમાણે ભગવચ્છાસ્ત્ર-નારદપંચરાત્ર અને યાજ્ઞવલ્કયસ્મૃતિ વગેરેમાં કહેલું છે. (૨૪) 'अथवा परमात्मानं परमानन्दविग्रहम्-પરમાત્મા પરમ આનંદમય દેહવાળા છે' એ રીતે એમનો

આકાર આનંદમય છે અને એ બધો જ અપ્રાકૃત છે. (૨૫) વેદ પ્રાકૃતનો નિષેધ કરી અપ્રાકૃત હાથ-પગનું વિધાન કરે છે. 'विश्वतःसर्वतः' એમ બધે હોવાનું કહીને પ્રભુની ઈંદ્રિયોનું અપ્રાકૃતપણું સ્પષ્ટ કર્યું છે. (૨૬) સામાન્ય વચનથી જ્યાં નિષેધ કરવામાં આવ્યો છે ત્યાં લોકસમાન ઈંદ્રિયો વગેરેનો નિષેધ છે. ઉપનિષદોમાં ધર્મોનો નિષેધ કરીને વેદ મોટે ભાગે (અલૌકિક) ધર્મોની વાત કરે છે. (૨૭)

'વારુ, આનંદમય બ્રહ્મ અપ્રાકૃત હોય અને જગત પ્રાકૃત હોય, તો બ્રહ્મરૂપ અને બ્રહ્મથી અભિન્ન, બ્રહ્મના કાર્યરૂપ એ જગત આનંદ રહિત કેમ હોઈ શકે ?' (૨૮)-એમ જો પૂછતા હો તો જવાબમાં જણાવવાનું કે 'એક હું બહુ થાઉં' એ રીતે બહુ થવા માટે આ બધું કરવામાં આવ્યું છે એમ કહેવામાં આવ્યું જ છે. આનંદના અંશવાળા બધા ધર્મો જગતમાં તિરોહિત કરવામાં આવ્યા છે. (૨૯) બ્રહ્મના ધર્મોનો તિરોભાવ થવાને કારણે, એકબીજામાં અભાવ દેખાડવાને લઈને અને આવિર્ભાવ-તિરોભાવથી આ જગતમાં દોષો (=ભેદ) જોવામાં આવે છે. (૩૦) 'ઘડા શબ્દમાં આપણી આકાંક્ષા છે; જે માટી છે તેને તો અનેક પ્રકારના રંગ છે અને એ રીતે એ વિલક્ષણ છે. ઘડા અને માટી વચ્ચે આમ છતાં કોઈ વાસ્તવિક ભેદ નથી. એ જ પ્રમાણે જગતના વિષયમાં પણ સમઝવું. (૩૧) જગત બ્રહ્મથી ભિન્ન ખરું, પણ બ્રહ્મ જગતથી ભિન્ન નથી, જ્યારે બનાવવામાં આવે છે ત્યારે માટીથી ઘડો ભિન્ન પડે છે, તેથી માટી ઘડાથી ભિન્ન નથી. (૩૨) હાથ શરીરનું એક અંગ હોઈ અંગ તરીકે અંશરૂપે શરીરથી જુદો પડે છે, પરંતુ શરીર હાથથી ભિન્ન નથી; હાથનું અંગપણું અંશાત્મક છે. (૩૩) ચિત્ અને આનંદનો તિરોભાવ થયો હોવાને કારણે અને પ્રભુની 'બહુ થવા' ની ઈચ્છાને લઈ પ્રભુનાં ભિન્ન ભિન્ન કાર્યોને સામાન્ય જનોના દર્શનની જેમ પ્રાકૃત જાણવાં. (૩૪) કારણરૂપ સર્વાત્મક બ્રહ્મ બધે જ ઓતપ્રોત રહેલું

છે. બ્રહ્મમાં બધા જ ધર્મો આશ્રય કરીને રહેલા હોઈને અને પોતે અપ્રાકૃત હોઈને બ્રહ્મ અલૌકિક-અપ્રાકૃત છે. (૩૫) 'નિર્દોષપૂર્ણ' એ પંચરાત્રના વાક્યમાં રૂપનું નિરૂપણ કરી ભિન્નતાની શંકા કરીને, પછી વ્યાપકતાને લઈ સ્વગત-ભેદ નથી એમ કહેવામાં આવ્યું છે. (૩૬) 'ગૃહ્યમાણૈઃ' એ ભાગવત-દશમસ્કંધના વાક્યમાં પણ 'શ્રુતિઓ પ્રાકૃત અને અપ્રાકૃત ગુણોની વ્યવસ્થાથી ગુણોનું ગ્રહણ કરવામાં આવે છે' એમ બ્રહ્મને વિશે કહે છે. (૩૭) શ્રી શંકરાચાર્યજી અહીં કહે છે કે- ''પરબ્રહ્મ નિરાકાર છે, કેમકે એમાં વિશિષ્ટ ગુણ અને ક્રિયાઓનો અત્યંત અભાવ છે. (૩૮) સત્-જગત માયાની ઉપાધિવાળું છે, એનો કર્તા ઈશ્વર માયાશબલ છે, 'આ જગતનો કર્તા અને ભોક્તા ઈશ્વર છે' એમ શ્રુતિઓ કહે છે એ એમાં રહેલા માયાના સંબંધને લઈને. (૩૯) માયાશબલ બ્રહ્મ માયાની ઉપાધિવાળું છે. શ્રુતિઓ એ ધર્મનો એવા બ્રહ્મમાં અધ્યારોપ કહે છે. ખરું જોતાં તો એ શ્રુતિઓ નિર્વિશેષ બ્રહ્મમાં એવા ધર્મોનો નિષેધ કરે છે. (૪૦) (ઉપાસનાની સિદ્ધિને માટે બીજે જોયેલા ધર્મોનો માહાત્મ્ય માટે બ્રહ્મમાં આરોપ કરવામાં આવે છે. ઉપાસનાથી ચિત્તની શુદ્ધિ થયા બાદ-બ્રહ્મ નિર્ધર્મક હોઈ-પેલા ધર્મોનો શ્રુતિ નિષેધ કરે છે-આ) અધ્યારોપ અને અપવાદથી ધર્મસમર્થક અને ધર્મનિષેધક શ્રુતિઓનો સમન્વય થઈ જાય. ઉદાહરણ તરીકે-'એ પેલી ડાળી ઉપર ચંદ્ર રહ્યો' એમ લોકને બતાવવા 'શાખા-ચંદ્ર=ડાળીનો ચંદ્ર' કહેવામાં આવે છે; વસ્તુસ્થિતિએ ડાળી ઉપર ચંદ્ર નથી જ. (૪૧) નિર્ધર્મક જ્ઞાન થવા ચિત્તની શુદ્ધિ અને ઉપાસનાને ખાતર પ્રથમ બ્રહ્મને સધર્મક કહેવામાં આવે છે. જ્ઞાન થઈ ચૂકયા બાદ એનો નિષેધ છે.'' (૪૨)

જો આમ હોય તો-સાંભળો : માયા સાદિ છે કે અનાદિ ? સાદિ-પક્ષમાં-બ્રહ્મથી અતિરિક્ત કોઈ નહિ હોવાને કારણે એવી માયાનો કર્તા કોણ ? કર્તા મુખ્ય બ્રહ્મ જ થયું આમ થવાથી નિર્વિશેષ બ્રહ્મને કર્તાપણું થયું. અનાદિ-

પક્ષમાં-માયા અને બ્રહ્મ બેઉની હસ્તીને કારણે દ્વૈત આવી પડે છે-જેને 'सदेव सौम्येदमग्र आसीत्-હે સૌમ્ય, આરંભમાં એક માત્ર સત્ હતું એ વગેરે અનેક શ્રુતિઓનો બાધ ઊભો થાય છે. (૪૩-૪૪) બ્રહ્મ પણ અનાદિ, સૃષ્ટિ પણ અવિરત થયા જ કરે-પ્રલય કદી થાય જ નહિ, બ્રહ્મ નિત્યબદ્ધ થઈ પડે, અને બ્રહ્મનો નાશ થાય ત્યારે જ મુક્તિ સંભવે; અને જીવની જેમ બ્રહ્મને પણ ક્યાંક મુક્તિનું સાધન સાંભળવામાં આવે. (૪૫-૪૬) વ્યાસજીએ 'अथातो ब्रह्मजिज्ञासा' એ સૂત્રમાં નિર્ગુણના વિચારની પ્રતિજ્ઞા કરી બ્રહ્મનું જ લક્ષણ 'जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात्' એ બીજા સૂત્રમાં કહ્યું છે. શ્રીશંકરાચાર્યજીના મતમાં અહીં વ્યાસજીની પ્રતિજ્ઞા અને ઉપક્રમનો ભંગ થઈ પડે છે, કેમકે પહેલા સૂત્રમાં નિર્ગુણ બ્રહ્મની જિજ્ઞાસા અને બીજા સૂત્રમાં સગુણ બ્રહ્મનો ઉપક્રમ સમજાય. (૪૭-૪૮) સૂત્રકાર 'गौणश्चेन्नात्मशब्दात्-એ તો ગૌણ છે-એમ કહો તો-નહિ-એ ગૌણ નથી, કેમકે 'आत्मन्' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે' એ વગેરે સૂત્રોથી પ્રકૃતિ-માયાની ઉપાધિવાળી ઈશ્વરના કર્તાપણાનો નિષેધ કરે છે. (૪૯) શ્રીશંકરાચાર્યજીના મતમાં 'सोऽकामयत -એણે કામના કરી' એ વગેરે વાક્યોમાં કહેલી કામના વગેરે, બ્રહ્મની નિર્ધમકતાને લઈ, જડ માયાને સંભવી પડે. (૫૦) બ્રહ્મ પોતે કર્તા નથી, પરંતુ માયાને લઈને કર્તા છે, તેથી એવા પ્રકારની કામના એની થતાં એ માયા બ્રહ્મના જ્ઞાનથી નાશ કેવી રીતે પામે ? (૫૧) 'प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम्-લાગેલા કાદવને ધોવા જવા કરતાં કાદવને દૂરથી સ્પર્શ ન કરવો સારું' -એ ન્યાય પ્રમાણે અધ્યારોપ અને અપવાદ કરવા કરતાં લૌકિક ધર્મોનો જ માત્ર અપવાદ કરવો વધુ સારો. (૫૨) માયાના ગુણની ઉપાસનાંથી જો મુક્તિ મળતી હોય તો પછી માયાનો ત્યાગ કરવાની ક્યાંથી રહે ? જ્ઞાનનો ઉદ્‌ભવ થાય ત્યારે બાપડી માયારૂપી સ્ત્રીનો શો વાંક ? (૫૩)-આવા પ્રકારના અનેક દોષોથી શ્રીશંકરાચાર્યજીના મતને ઉપનિષદોની

અસંમતિ છે અને શ્રીઆચાર્ય-શ્રીવલ્લભાચાર્યજી, શ્રીપ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજી અને બીજા વિદ્વાનોએ પણ એ મતનું વિસ્તારથી નિરાકરણ કર્યું છે. (૫૪) શ્રુતિઓ-ઉપનિષદો એમ કહે છે કે-'રમણ કરવાની ઈચ્છાથી સર્વશક્તિમાન ઈશ્વરે પોતાનાંથી સર્વ કોઈનો આવિષ્કાર કર્યો છે. નિધર્મકતા તેમજ સધર્મકતા કહેનારી એ બેઉ પ્રકારની શ્રુતિઓનો નિર્ણય કરતી વેળા સૂત્રકાર બાદરાયણ વ્યાસે એ શ્રુતિઓની આ જાતની વ્યવસ્થા કહી છે, અને બધાં જ ઉપનિષદોની એમાં સંમતિ છે. જેમકે-(૫૬) 'प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूयः (વ્યાસસૂત્ર-૩-૨-૨૨) -લોકમાં જોવામાં આવતી સધર્મકતાનો શ્રુતિ એક વાર નિષેધ કરે છે અને ફરી એ જ સધર્મકતાનું સમર્થન કરે છે; 'कर्ता भर्त्ता च भोक्ता च निहन्तापि स एव हि-એ જ કર્તા, ભરણ કરનાર અને નાશ કરનાર છે; 'अहं सर्वस्य प्रभवः (ગીતાજી)-હું સર્વનું ઉત્પત્તિસ્થાન છું;' 'स इमाँल्लोकानसृजत-એણે આ લોકોનું-દુનિયાઓનું સર્જન કર્યું; 'सर्वकर्ता सर्वभोक्ता भर्ता भोक्ता महेश्वरः-મહેશ્વર સર્વના કર્તા, સર્વના ભોક્તા, ભરણપોષણ કરનાર અને ભોગવનાર છે;' 'भर्ता सन् भ्रियमाणो बिभर्त्ति-ભરણપોષણ કરનાર છતાં પોતે ભરણપોષણ પામે છે અને ભરણપોષણ કરે છે'. (૫૭-૫૮) કર્તાને સ્વતંત્રતા હોવી જોઈએ. સૃષ્ટિની રચનામાં ઈશ્વરને સ્વતંત્રતા છે. માયા શક્તિ હોઈને પુરાણોમાં એને ધર્મોના આવિર્ભાવથી પોતાની અપ્રાકૃતતા સિદ્ધ કરવા માટે હેતુ કહી છે. સૌથી પ્રથમ એ પ્રભુની સેવા કરવામાં આવે છે. એમ કરતાં તાદશતા થાય ત્યારે નિશ્ચલ થવાય છે. (૫૯-૬૦) જો એ પ્રભુના માહાત્મ્યને કોઈ ન જાણતો હોય તો એની સેવા કરે જ નહિ. એ માટે માહાત્મ્યનો બોધ કરવા ખાતર બધી જ શ્રુતિઓ પ્રવૃત્ત થઈ છે. (૬૧) 'दिव्यो ह्यमूर्तः पुरुषः स बाह्याभ्यन्तरो ह्यजः अप्राणो ह्यमनाः शुभ्रः-એ મૂર્તિરહિત દિવ્ય અજ, બહાર અને અંદર રહેલો, પ્રાણરહિત મન-રહિત અને ઉજ્જવલ છે' એ શ્રુતિમાં દિવ્ય કહેલ છે તે 'અલૌકિક' છે.

(૬૨) અજન્મા, અપ્રાકૃત દેહવાળા, શુદ્ધ પ્રાણધારીઓથી જુદા જ, મનરહિત એવા પ્રભુની અશુદ્ધ ઊણાં, મનને વશ રહેનારાં પ્રાકૃત પ્રાણીઓથી સેવા કરવામાં આવે છે. (૬૩)

જેની બધી શક્તિઓ અપ્રાકૃત-ધર્મવાળી અને આત્માથી અભિન્ન છે તેવા, બધા જ અંશ-ભેદ વિનાના એ લક્ષ્મીના પતિનો, હે મન, દીન થઈને આશ્રય કરી રહે. (૬૪)

૧૦. શક્તિ અને ધર્મના અભેદ નિરૂપણ સાથે દ્વૈતમતનું નિરાકરણ

વસ્તુસ્થિતિએ શુદ્ધ અદ્વૈતરૂપ, પોતાની ઈચ્છાએ કરી અનેક પ્રકારના ભેદ-રૂપ, શક્તિ અને ધર્મો પોતાનાથી અભિન્ન છે તેવું, અનેક મતવાળાઓથી સ્તુતિ કરાયેલું જે બ્રહ્મ તેનું હું સ્તવન કરું છું. (૧)

બ્રહ્મ એકલાને જ જગતનું નિમિત્ત અને સમવાયી-ઉપાદન કારણ કહ્યું છે. પુરાણમાં જ્યાં માયાને સાધન કહ્યું છે ત્યાં એને લાકડીના જેવી પ્રભુની શક્તિ કહી છે. (૨) એ પ્રભુની શક્તિઓ અચિંત્ય, વિવિધ, નિત્ય અને સ્વાભાવિક છે. એ શક્તિઓ જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ એ રીતે પ્રભુને પોતાનાથી અભિન્ન અને સ્વાધીન છે. (૩)

'न तस्य कार्यं करणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते ।
परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥ (શ્વેતા. ૬-૮)

-એને નથી કાર્ય, નથી સાધન. એના સમાન કે એનાથી અધિક કોઈ દેખાતું નથી. એ પ્રભુને જ્ઞાનશક્તિ બલશક્તિ અને ક્રિયાશક્તિ એ વિભિન્ન પ્રકારની સ્વાભાવિક શક્તિઓ છે.' (૪) यः सर्वज्ञः सर्वशक्तिः-જે સર્વજ્ઞ છે, સર્વશક્તિવાળા છે' એ વગેરે શ્રુતિવાક્યોથી એ શક્તિઓ જાણવામાં આવે છે. આ શક્તિઓમાંની એક માયા શક્તિ અઘટિત ઘટના કરવામાં કુશળ છે. (૫)

'श्रिया पुष्ट्या गिरा कान्त्या कीर्त्या तुष्ट्येलयोर्जया ।
विद्ययाविद्यया शक्त्या मायया च निषेवितम् ॥ (ભાગ. ૧૦-૩૯-૫૫)

-શ્રી પુષ્ટિ ગિરા કાંતિ કીર્તિ તુષ્ટિ ઈલા ઊર્જા' વિદ્યા અવિદ્યા શક્તિ અને માયાથી પ્રભુ સેવાયેલા છે'-એમ શ્રીમદ્ભાગવતમાં કહેલી મુખ્ય બાર શક્તિઓમાં એ માયાને ગણવામાં આવી છે અને પુરાણમાં એ સાધન તરીકે

વર્ણવાઈ છે. (૬-૭)

'स एवेदं ससर्जाग्रे भगवानात्ममायया ।
सदसद्रूपया चासौ गुणमय्यागुणो विभुः ॥ (ભાગ. ૧-૨-૩૦)

–એ ગુણરહિત સમર્થ ભગવાને જ સત્-અસત્-રૂપ ગુણમય આત્મ-માયાથી આ જગતનું શરૂમાં સર્જન કર્યું'. (૮) બધું થવા પ્રભુનું જે સામર્થ્ય તે માયા કહેવાય છે વિચિત્ર પરિણામ કરનારી એ પ્રભુની શક્તિ હોવાને કારણે પ્રભુથી અભિન્ન છે. (૯) ક્યાંક સંમોહકારી માયાને અવિદ્યા જ કહી છે. ગીતાજીના ભાષ્ય-'તત્ત્વદીપિકા' ટીકા (શ્રીવિઠ્ઠલાત્મજ વલ્લભકૃત) માં માયાના અનેક અર્થ ('अजोऽपि सन्नव्ययात्मा' ૪-૬ એ શ્લોકના વ્યાખ્યાનમાં) બતાવવામાં આવ્યા છે. (૧૦) શાસ્ત્રમાં કોઈ સ્થળે 'માયા' શબ્દનો અર્થ 'પ્રભુનું સામર્થ્ય' એવો છે, ક્યાંક એનો અર્થ 'અવિદ્યા' છે; ક્યાંક એનો અર્થ 'મિથ્યા' છે; ક્યાંક 'કૃપા' ક્યાંક 'કપટ' અને ક્યાંક 'સંપત્તિ' એવો પણ છે. (૧૧) શક્તિ અને શક્તિમાનનો ભેદ ફક્ત તે તે વસ્તુની સમઝ પૂરતો છે; વસ્તુસ્થિતિએ બંને વચ્ચે અભેદ છે. આંખથી એની જોવાની શક્તિ કાંઈ જુદી નથી. (૧૨) આ અપ્રાકૃતને ધર્મ અને ધર્મીનું દ્વૈત પણ નથી. એટલે જ 'प्रकाशाश्रयवद्वा तेजस्त्वात्-પ્રકાશ અને એના આશ્રયરૂપ સૂર્ય એ બેઉ તેજ-રૂપ પદાર્થને લઈ એક જ પદાર્થ છે તે પ્રમાણે ધર્મ અને ધર્મીનો અભેદ છે' એમ સૂત્રકારે કહ્યું છે. (૧૩) તેજરૂપ પદાર્થતાને લઈ જેમ તેજ અને પ્રકાશ વચ્ચે ભેદ નથી તે પ્રમાણે બ્રહ્મનાં શક્તિ અને ધર્મોનો બ્રહ્મપણાને લઈ ભેદ નથી. (૧૪) ભૂમિ એના ગંધ ગુણથી જુદી નથી, ગંધ કાંઈ ભૂમિથી જુદી નથી. એ વસ્તુ એવી જ છે, તેથી જ ધર્મ અને ધર્મીનું દ્વૈત નથી. (૧૫) આ અલૌકિક અચિંત્ય અદ્વય બ્રહ્મમાં કોઈ પણ પ્રકારનો ભેદ નથી. 'અણુભાષ્ય' તેમજ 'વિદ્વન્મંડન'માં આ સારી રીતે વિસ્તારથી બતાવવામાં આવ્યું છે. (૧૬)

મ-
ી તે
રણે
છે.
ાના
માં)
અર્થ
અર્થ
છે.
છે;
ધુદી
જ
રૂપ
એમ
ભેદ
.૪)
સ્તુ
ાત્ય
ાજ

શ્રીમધ્વાચાર્યે જગતના કર્તાને કુંભારની જેમ જુદો કહ્યો છે. ''સમવાયી કારણનો વિકાર થતો હોઈ ઈશ્વર માત્ર નિમિત્ત કારણ જ છે. (૧૭) प्रकृतिर्ह्यस्योपादानम्- આ જગતનું ઉપાદાન કારણ પ્રકૃતિ છે' એ પ્રમાણે ભાગવતમાં કહેલા વચન મુજબ પ્રકૃતિ જગતનું ઉપાદાન કારણ છે; આ જડ જગત ભગવાનને પરતંત્ર છે. (૧૮) 'द्वा सुपर्णा' એ શ્રુતિ જીવ અને બ્રહ્મનો ભેદ કહે છે, તેથી બ્રહ્મ જડ અને જીવોનું દ્વૈત વાસ્તવિક છે.'' (૧૯)

આમ હોય તો સાંભળો : સૂત્રકારે 'जन्माद्यस्य' એ સૂત્રથી બ્રહ્મને કારણ કહી માત્ર નિમિત્તકારણ વિશે જ ન અટકતાં 'तत्तु समन्वयात्- એ બ્રહ્મ જ છે, કેમકે એ ઉપાદાન કારણ-રૂપે ઓતપ્રોત થઈ રહેલું છે.' એ સૂત્રથી સમવાયી કારણ પણ બ્રહ્મ જ એમ કહ્યું છે. 'नैव रेमे-કદી ન રમ્યો' એ શ્રુતિમાં કહેલો રમણનો અભાવ બંધ બેસે એમ નથી; (૨૦-૨૧); આના પછી 'स हैतावानास- એ પ્રભુ આ જગતના સ્વરૂપમાં થયા' એ સ્થળે સમવાયી કારણ હોવાનું કહ્યું છે. તૈત્તિરીય ઉપનિષદ વગેરેમાં પણ સમવાયી કારણ હોવા વિશે સ્પષ્ટ કહેવામાં આવ્યું છે: 'असद्वा इदमग्र आसीत्, ततो वै सदजायत, तदात्मानं स्वयमकुरुत, तस्मात्तत्सुकृतम्-પૂર્વ અવ્યક્ત હતું; એમાંથી સત્-વ્યક્ત ઉત્પન્ન થયું. એણે આત્માને પોતે જ કર્યો. તેથી જ એ સુકૃત (સારી રીતે કરેલું) છે. (૨૨) 'आत्मानम्' શબ્દથી ઉપાદાન અને નિમિત્ત બેઉની વાત કરી છે તો 'स्वयम्' શબ્દથી 'બીજું કોઈ પણ નિમિત્ત નથી' એમ કહેવામાં આવ્યું છે. (૨૩) 'ऐतदात्म्यमिदं सर्वम्-આ સર્વ કાંઈ એ આત્મરૂપ છે;' 'आत्मैवेदं सर्वम्-આ સર્વ કાંઈ આત્મા જ છે;' 'सर्वं खल्विदं ब्रह्म-આ બધું કાંઈ બ્રહ્મ છે;' 'पुरुष एवेदं यद् भूतं यच्च भव्यम्-જે થઈ ચુક્યું છે અને જે થવાનું છે તે સર્વ કાંઈ પુરુષ જ છે' આ શ્રુતિવાક્યો તેમજ બીજાં સ્મૃતિવાક્યોથી જગતનું બ્રહ્માત્મકપણું કહ્યું છે તેને પણ બાધ ઊભો થાય છે. પ્રકૃતિ તો આ બ્રહ્મનો સત્-રૂપ અંશ પ્રગટ થયેલી

છે. (૨૪) આથી જ 'प्रकृतिर्ह्यस्योपादानम्-પ્રકૃતિ આ જગતનું ઉપાદાનકારણ છે' એ શ્રીમધ્વાચાર્યજીને માન્ય વાકયમાં પણ ઉત્તર વાક્ય તરીકે આપેલા 'ब्रह्म तत्त्रितयं त्वहम्-પ્રકૃતિ પુરુષ અને કાલ એ ત્રણેય હું બ્રહ્મ છું' એ વાકયમાં ત્રણેય હરિરૂપ સૂચવ્યાં છે. (૨૫) 'यत्र येन' એ શ્લોકમાં એ સૂચવાયું છે અને હવે પછી પણ બતાવવામાં આવશે. (कदाचित्पुरुषद्वारा-તત્ત્વદીપનિબંધ-'કોઈક વાર પુરુષદ્વારા' એ રીતે સૂચવાયા પ્રમાણે) બીજા પ્રકારની સૃષ્ટિના વિષયમાં પ્રકૃતિનું કારણપણું જણાવાયું છે ત્યાં પણ સર્વ કારણોનું કારણ તો બ્રહ્મ જ છે. (૨૬) આ વિષયમાં કરોળિયાનું દૃષ્ટાંત પણ અનેક ઠેકાણે બતાવવામાં આવે છે. સમવાયરૂપતામાં પણ અવિકૃતિ રહે છે તે આ પહેલાં જ બતાવવામાં આવી છે. (૨૭). બધી જ શ્રુતિઓ પોકારી પોકારીને બધે 'અદ્વૈત'ની જ વાત કરે છે. દ્વૈતમાન થતાં પણ 'પુરુષ'ના વિષયમાં કોઈ અને કોઈ રીતે પણ દૂષણ પ્રાપ્ત થાય છે. (૨૮) 'द्वा सुपर्णा' એ શ્રુતિવાક્યમાં સૃષ્ટિ કરતી વેળા જીવ અને અંતર્યામીનો ભેદ થયો; એ બેઉ એક જ વૃક્ષનો આશ્રય કરી રહેલા છે અને સાથેજ જન્મ્યા છે; પરંતુ પરબ્રહ્મને એ બેઉ કાંઈ નથી. (૨૯) (तत्त्वमसि-એ તું છે' એ વગેરે વાક્યો એના અભેદની વાત કરે છે. અંશ અને અંશીના ભાવથી અભેદ છે અને જીવ બ્રહ્મનો પોતાનો અંશ છે. (૩૦) 'अंशो नानाव्यपदेशात्-અનેક છે એવું શ્રુતિમાં કથન હોવાને કારણે જીવ અંશ છે' એમ બ્રહ્મના અંશ તરીકેનો વ્યાસજીએ સૂત્રમાં બોધ કર્યો છે. એ રીતે સ્મૃતિ અને પુરાણમાં પણ. (૩૧)

'ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥ (ગીતા. ૧૫-૭)

-જીવલોકમાં સનાતન મારો જ અંશ જીવરૂપે છઠ્ઠું જેમાં મન છે તેવી-પ્રકૃતિમાં રહેલી ઈંદ્રિયોને આકર્ષણ કરી રહ્યો છે.' (૩૨)

'स्वकृतपुरेष्वमीष्वबहिरन्तर संवरणं

तव पुरुषं वदन्त्यखिलशक्तिधृतोंऽशकृतम् ।
इति नृगतिं विविच्य कवयो निगमावपनं
भवत उपासतेऽङ्घ्रिमभवं भुवि विश्वसिताः ॥ (ભાગ. ૧૦-૮૭-૨૦)

-આપનાં કરેલાં શરીરોમાં બહાર અને અંદર આવરણ વિનાના પુરુષને અખિલ શક્તિઓ ધારણ કરેલા આપના અંશરૂપે કરવામાં આવેલો કહે છે.-આ પ્રમાણે મનુષ્યની ગતિને વિચારી વિશ્વાસપૂર્વક પૃથ્વીને વિશે કર્મોના સમર્પણના સ્થાનરૂપ-આપના ભવરહિત ચરણની ઉપાસના કરે છે.' (૩૩)

નિંબાર્કાચાર્ય અને ભાસ્કર ભેદાભેદ કહે છે. નિંબાર્કાચાર્યના મતમાં મધ્વાચાર્યની જેમ ભેદ વાસ્તવિક છે. 'પુત્ર વગેરે વિભિન્ન અંશ છે, હાથ પગ વગેરે પોતાના અંશ છે. જીવો છે તે વિભિન્ન અંશો છે' એ જાતનો ભેદ એ મતમાં છે. (૩૫) 'જીવો ચિત્ હોઈ બ્રહ્મ સાથે સમાન-ધર્મપણું છે' એ રીતે અભેદ પણ કહેવામાં આવે છે. દા. ત. મોઢું આહ્લાદક હોવાથી સરખાપણાને લઈ મુખમાં ચંદ્રપણું કહિયે છિયે. (૩૬) મધ્વાચાર્યજીના પ્રકારે જ એ મતમાં જીવનું અંશપણું છે. આની વ્યવસ્થા પ્રમાણે ભેદાભેદ સ્વીકારવામાં આવ્યો છે. જીવનું અંશપણું શુદ્ધાદ્વૈત સિદ્ધાંતમાં છે તે પ્રકારનું છે. આ વિષયમાં જે ઉત્તર છે તે ધ્યાનમાં લો. (૩૭) 'ममैवांशः-' એ ગીતાના શ્લોકમાં एव (=જ) શબ્દ સ્પષ્ટ રીતે જીવો પ્રભુના જ અંશ છે એમ સૂચવાયું છે. નિંબાર્કના મતમાં હેતુની સંગતિ છે, પણ અનેકપણાનો વ્યવહાર નથી. (૩૮) पादोऽस्य विश्वा भूतानि (પુરુષસૂક્ત)-બધાં મહાભૂતો (કે પ્રાણીઓ) આ પુરુષના ચરણ છે' એ પ્રમાણે ચરણ-લેખે અંશપણું એ હેતુ સંગત છે. એ વાક્ય પ્રમાણે એ પ્રકારનો વિસ્તાર છે. આમ થવાથી જીવો પ્રભુના પોતાના જ અંશ છે એ સ્પષ્ટ થઈ જાય છે. (૩૯) એ કારણે જ ઉપનિષદમાં અગ્નિના પોતાના અંશ-રૂપ તણખાઓનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. આ પ્રભુના અવયવ-રૂપ જીવોથી આ સમગ્ર જગત

વ્યાપ્ત છે. (૪૦) ઉપર આવી ગયેલાં અનેક ઉપનિષદવાક્યોથી, અવયવરૂપ કહેવાયેલા હોઈ જીવો પ્રભુના પોતાના અંશ છે. જીવો વિભિન્ન પ્રકારના અંશ છે એમ ક્યાંય પણ વૈદિક સાહિત્યમાં જોવા મળતું નથી; જીવ અને બ્રહ્મ વચ્ચે બધે જ અભેદ કહ્યો છે. (૪૧) 'અહીં શ્રુતિસૂત્રો વગેરેમાં જેમ ચંદ્રથી સોમા ભાગનું એનું મંડળ કહેવામાં આવે છે તેમ સમૂહનો એક ભાગ અંશ બની રહો' એમ મધ્વાનુયાયી વનમાલિદાસ કહે છે એનું 'શુદ્ધાદ્વૈતચંદ્રોદય' વગેરે ગ્રંથોમાં મેં નિરાકરણ કરી આપ્યું છે. (૪૨) 'यथा सौम्य एकेन मृत्पिण्डेन-હે સૌમ્ય, જેમ માટીના એક પીંડાથી બધું માટીનું જાણી લેવામાં આવે છે'-ત્યાંનું માટીના પીંડાનું દૃષ્ટાંત ભેદમાં અને ભેદાભેદમાં માર્યું જાય છે. (૪૩) છાંદોગ્યોપનિષદમાં એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાનની પ્રતિજ્ઞાથી સર્વવિજ્ઞાન થાય છે-એ પણ લક્ષ્યમાં રાખવા જેવું છે. 'तत्त्वमसि' એ વગેરે ઉપનિષદ્વાક્યોમાં જીવ-બ્રહ્મનો અભેદ જ કહેવામાં આવ્યો છે. જીવને બંધ થાય છે એ સ્થિતિમાં દ્વૈતનો ભ્રમ છે; મોક્ષ થતાં દ્વૈતની નિવૃત્તિ થઈ જાય છે. (૪૪) 'અથવા एष एतस्मिन्नुदरमन्तरं कुरुते । अथ तस्य भयं भवति । यत्र हि द्वैतमिव भवति । तदितर इतरं पश्यति ।-આ એને વિશે થોડો પણ ભેદ કરે છે અને તેથી એને ભય થાય છે. જ્યાં દ્વૈત જેવું હોય છે ત્યાં બીજું બીજાને જુએ છે' એ પ્રમાણે કહી 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत्केन कं पश्येत्-જ્યાં આને બધું આત્મરૂપ જ થયું ત્યાં કોણ કોને જુએ' એ વગેરે તેમજ 'योऽन्यां देवतामुपास्तेऽन्योऽसावन्योऽहमस्मि न स वेद यथा पशुः -જે બીજા દેવની ઉપાસના કરે છે: 'એ બીજો છે, હું બીજો છું' એમ, તે પશુની જેમ કશું જાણતો નથી'. (૪૫) વૈદિક સમગ્ર સાહિત્ય દ્વૈતની નિંદા કરે છે. એવું દ્વૈત પ્રકારનું જ્ઞાન થતાં પણ ભારે દોષ નડે છે. વૈદિક સાહિત્યમાં કહેલી બ્રહ્મ અને જગતની એકતા નિંબાર્કના મતમાં બંધ બેસતી નથી ॥ ૪૬ ॥

'यस्मिन् यतो यर्हि च येन यस्य यस्माद्यथा यदुत यस्त्वपरः परो वा ।

भावः करोति विकरोति पृथक्स्वभावः संचोदितस्तदखिलं भवतः स्वरूपम् ॥

-જેને વિશે જ્યાંથી જ્યારે જેના વડે જેનું જેમાંથી જે રીતે આ કે બીજો ભાવ કાંઈ કરે છે અને જુદો સ્વભાવ પ્રેરણા પામી કાંઈ વિકાર કરે છે તે બધું જ આપનું સ્વરૂપ છે'. (૪૭) (ભાગ. ૭-૯-૨૦)

ભાસ્કરાચાર્યના મતમાં ભેદ ઉપાધિજન્ય કહેવામાં આવ્યો છે; અંતે તો અભેદ જ છે; જીવ વ્યાપક છે અને લિંગદેહને લઈને જ અણુ છે. (૪૮) એમાં પણ વ્યાપકતા જીવપણે છે કે બ્રહ્મપણે ? જો જીવપણે વ્યાપકતા હોય તો નૈયાયિકમતમાં પ્રવેશ થઈ જાય; જો બ્રહ્મપણે વ્યાપકતા હોય તો શાંકરમતમાં પ્રવેશ થઈ જાય. (૪૯) આ પહેલાં આ જાતની વ્યાપકતાનું નિરાકરણ કરવામાં આવ્યું છે-જેમાં ઉપાધિજન્ય બેઉ પ્રકારની અણુતા વિશે નિરાકરણ થયું છે. બાધારહિત સમગ્ર ધર્મવાળા બ્રહ્મના નિત્યસ્વાભાવિક ઐશ્વર્યના જ્ઞાનને અટકાવનાર કોઈ ઉપાધિ જ નથી ઘટતી, ત્યાં અદ્વય-રૂપ સ્વતંત્ર એ બ્રહ્મને ઉપાધિજન્ય ભેદ તો ક્યાંય દૂર છે. (૫૦-૫૧)

'व्रजंस्तिष्ठन् पदैकेन यथैवेकेन गच्छति ।
यथा तृणजलौकैवं देही कर्मगतिं गतः ॥ (ભાગ. ૧૦-૧-૪)

-એક પગે જેમ ખડમાકડી જાય છે તે પ્રમાણે એક પગે ચાલતો ને એક પગે સ્થિર રહેતો દેહ કર્મગતિને પામ્યો છે'. (૫૨) એ પ્રમાણે શ્રીમદ્ભાગવત જીવની અનેક ગતિ કહે છે. 'अन्यानि संयाति नवानि देही-જીવ બીજાં નવાં શરીરોમાં દાખલ થાય છે (ગીતાજી)' એમ ગીતાજી પણ કહે છે. (૫૩) બીજા દેહમાં વ્યાપ્ત થયેલા જીવને પૂર્વદેહનો ત્યાગ અને ગમન બરોબર નથી. જો એમ કહેવામાં આવે કે પૂર્વદેહનો ત્યાગ અને ગતિ 'લિંગ દેહ' ને થાય છે; તો એવે પ્રસંગે 'દેહ કર્મગતિ પામ્યો' એમ કહેવું પડે. (૫૪) અહીં 'દેહી' એ પ્રકારનો સંઘાતવાળો દેહવાન જુદો કહેવામાં આવ્યો છે. 'એકનો ત્યાગ કરે છે અને

બીજાને પામે છે' એવું કહેવામાં આવતું હોઈ એ કાંઈ સ્થૂલ દેહને બંધ બેસે એમ નથી. (૫૫) 'શુદ્ધાદ્વૈતચંદ્રોદય' વગેરે ગ્રંથોમાં 'માધ્વકિરણ' વગેરે પ્રકરણોમાં પ્રાચીન તેમજ અર્વાચીન વાક્યોનાં અવતરણો વિધિપૂર્વક આપી અત્યંત સ્પષ્ટ દોષો અલગ અલગ ઉતારી વિસ્તારપૂર્વક આ પ્રકારના મતોનું નિરાકરણ મારા તરફથી કરવામાં આવ્યું છે. (૫૬-૫૭) 'બ્રહ્મ અને જગતનો અભેદ વાસ્તવિક છે. ભેદ માત્ર ઐચ્છિક છે, જીવ પ્રભુના અંશ છે, જીવો વિભિન્ન દેહોમાં પ્રવેશ કરે છે' આ વગેરે સિદ્ધાંત વેદને સંમત છે. (૫૮) શ્રીમદાચાર્યજી-શ્રીવલ્લભાચાર્યજી કહે છે કે 'सजातीयविजातीयस्वगतद्वैतवर्जितम् -સજાતીય વિજાતીય અને સ્વગત એ પ્રકારના દ્વૈતનો ગંધ માત્ર નથી'. (૫૯) આમાં જીવો સજાતીય, જડો વિજાતીય અને અંતરાત્માઓ સ્વગત છે. આ ત્રણે ઘડો કૂંડું વગેરે જેમ ભિન્ન છતાં બ્રહ્મથી અભિન્ન છે-જેવાં અભિન્ન ઘડો વગેરે માટીથી છે. સજાતીય વગેરે ભેદોનું સ્વરૂપ વિદ્યારણ્યસ્વામી વગેરેએ કહ્યું છે કે (૬૦-૬૧)

'वृक्षस्य स्वगतो भेदः पत्रपुष्पफलादिभिः ।
वृक्षान्तरात् सजातीयो विजातीयः शिलादितः ॥

-વૃક્ષનો સ્વગત ભેદ પત્ર પુષ્પ ફલ વગેરેથી છે, બીજા વૃક્ષથી સજાતીય ભેદ છે અને પથ્થર વગેરેથી વિજાતીય ભેદ છે.' (૬૨)

શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તનો જય બોલાવનાર શ્રીમહાપ્રભુ-શ્રીવલ્લભાચાર્યજીએ દયાથી, જન્મ અને વિજન્મ પામનારા જીવોના ભયને હરનારું એકમાત્ર જે પુરુષોત્તમને કારણ કહ્યું છે તેમનો શાંતિપૂર્વક અને વિવેક સાથે આશ્રય કર. (૬૩)

* * *

૧૧. વિશિષ્ટાદ્વૈતનો વિચાર

ચિત્ અને અચિત્ સૃષ્ટિ જે-રૂપ છે અને સૃષ્ટિમાં એનાથી જેને સ્પર્શ નથી, બધે રહ્યા છતાં જેને કોઈ જાણતું નથી, તેવા પાછળથી પ્રવેશ કરનારા આ બ્રહ્મને નમસ્કાર. (૧)

यः सर्वत्रैव संतिष्ठन्नन्तरः संस्पृशेन्न तत् ।
शरीरं तन्न वेदेत्थं योऽनुविश्य प्रकाशते ॥ (ત. દી. નિ. શાસ્ત્રાર્થ પ્ર.)

-જે સર્વત્ર રહ્યા છતાં અંદરથી શરીરને સ્પર્શ કરતા નથી. આમ જે પાછળ પ્રવેશ કરીને પ્રકાશી રહ્યા છે' (૨) એ પ્રમાણે શ્રીમદાચાર્ય-શ્રીવલ્લભાચાર્યજીએ 'તત્ત્વદીપ નિબંધ-શાસ્ત્રાર્થ પ્રકરણ'માં બ્રહ્મના નિરૂપણ પ્રસંગે કહ્યું છે. આનો સંગ્રહ કરી અહીં यः पृथिव्याम्.' શ્રુતિનો અર્થ કહેવામાં આવે છે. (૨-૩) બૃહદારણ્યક ઉપનિષદના પાંચમા (=ત્રીજા) અધ્યાયમાં અંતરાયનું નિરૂપણ કરનારા સાતમા બ્રાહ્મણમાં આ વાક્ય કહેવામાં આવ્યું છે: (૪)

'यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरो, यं पृथिवी न वेद, यस्य पृथिवी
शरीरं, यः पृथिवीमन्तरो यमयत्येष त आत्माऽन्तर्याम्यमृतः ॥ ३ ॥

-જે પૃથ્વીમાં બિરાજી રહ્યો છે, જે પૃથ્વીમાં છે, જેને પૃથ્વી જાણતી નથી, જેનું પૃથ્વી શરીર છે, જે પૃથ્વીને અંદર રહી નિયમમાં રાખે છે, તે આ તારો આત્મા અંતર્યામી અમૃત છે' આ વગેરે આ શ્રુતિમાં પૃથિવ્યાં એ વગેરેમાં સાતમી વિભક્તિથી 'આધાર'નું નિરૂપણ હોવાને કારણે રામાનુજીઓ 'વિશિષ્ટાદ્વૈતવાદ'ની રીતે અર્થ તારવે છે. (૫) આથી એ સિદ્ધાંતમાં જે તફાવત છે તે કહેવામાં આવે છે. જેમકે 'ભૂતલ ઉપર ઘડો છે' આ વાક્યમાં ભૂમિના તલથી ઘડાનો ભેદ જોવામાં આવે છે. (૬) આથી પૃથ્વી વગેરે વ્યાપીને રહેલું છે તે બધું પરબ્રહ્મથી ભિન્ન જ છે. બ્રહ્મનાં બે શરીર નિત્ય છે : ૧. ચિત્ અને

૨. અચિત્ (૭) સૂક્ષ્મ આ બેઉ કારણરૂપ છે-જેમાંથી આ સ્થૂલ જગત થયું છે. ચિત્-શરીરમાંથી ચિત્-કાર્ય અને અચિત્-શરીરમાંથી અચિત્ કાર્ય થાય છે. (૮) નામ અને રૂપ એટલાં સૂક્ષ્મ છે કે એનો વિભાગ કરવો ઠીક ન પડે. સૂક્ષ્મ કારણરૂપનાં નામ અને રૂપને વ્યક્ત કરવામાં આવ્યાં એ એની સ્થૂલતા કહી. (૯) ઉપરની શ્રુતિમાં (યઃ પૃથિવ્યામ્. વગેરેમાં) બ્રહ્મ આ પ્રમાણે સૂક્ષ્મ ચિત્ અને અચિત્ના વિશેષવાળું કારણ અને સ્થૂલ ચિત્ અને અચિત્ના વિશેષવાળું કાર્ય છે; અંતર્યામી અને બ્રહ્મનું વિશિષ્ટ-વિશેષ પ્રકારનું અદ્વૈત છે; સ્થૂલ અને સૂક્ષ્મ ચિત્ અને અચિત્નું અદ્વૈત છે. આમાં ચિત્ અને અચિત્ એ બે વિશેષણ બ્રહ્મનાં સૂક્ષ્મ કારણરૂપ છે; એનાં એ કાર્યનાં સ્થૂલ વિશેષણ કાર્યસ્વરૂપે છે. જીવ તો સ્થૂલ ચિત્ છે, પૃથ્વી વગેરે સ્થૂલ અચિત્ છે. (૧૦-૧૨) એ બેઉની અંદર રહેલો નિયામક પાછળથી પ્રવેશ કરીને બેઉનો વિભાગ કરે છે. ઉપર કહેલા શ્રુતિવાક્યમાં પૃથ્વી વગેરે જડની અંદર એ નિયામક હોવાનું કહ્યું છે. (૧૩) કાણ્વોના પાઠાંતર પ્રમાણે यो विज्ञाने અને માધ્યંદિનોના પાઠાંતર પ્રમાણે य आत्मानि-એ બેઉ રીતે એ નિયામક જીવની અંદર હોવાનું કહ્યું છે. આ રીતે જડ અને જીવને ત્યાં ભગવાનનાં શરીર કહ્યાં છે. જીવ જડ અને અંતરાત્મા અનુક્રમે ભોક્તા ભોગ્ય અને નિયામક છે. (૧૪-૧૫) એમ આ ત્રણ પદાર્થો વિશેની રામાનુજીઓની માન્યતા છે. એ વિશેની એ સિદ્ધાંતની ત્રણ કારિકા આ પ્રમાણે છે:

'ईश्वरश्चिदचिच्चेति पदार्थत्रितयं हरिः ।
ईश्वरश्चित इत्युक्तो जीवो, दृश्यमचित् पुनः ॥

ઈશ્વર (ચિત્ અને અચિત્ એ ત્રણ પદાર્થો છે, એમાં હરિ 'ઈશ્વર' છે, જીવ 'ચિત્' છે અને જગત 'અચિત્' છે.' (૧૬)

'द्रव्याद्रव्यप्रभेदान्मितमुभयविधं तद्विदस्तत्त्वमाहु-

સૂક્ષ્મ અચિત્ અને બ્રહ્મ એ કારણ પ્રસંગે ત્રણ તત્ત્વ છે; સ્થૂલ ચિત્, સ્થૂલ અચિત્, અને એ બેઉમાં રહેલો અંતર્યામી એ કાર્ય પ્રસંગે ત્રણ તત્ત્વ છે. (૨૨) કાર્ય અને કારણ એ સ્થૂલ અને સૂક્ષ્મ ચિત્ અને અચિત્‌થી વિશેષતા પામેલાં છે. ક્રમપૂર્વક આ બેઉ પ્રકારનાં ચિત્ અને અચિત્‌નો અભેદ તેનું નામ 'વિશિષ્ટાદ્વૈત'. (૨૩) ચિત્-શરીરથી ચિત્-કાર્યને, અચિત્-શરીરથી અચિત્-કાર્યને અને અંતર્યામીથી પરબ્રહ્મને એકતા છે; એ ત્રણેને પરસ્પર કોઈ એકતા નથી. (૨૪)

શંકા–'શુદ્ધાદ્વૈત સિદ્ધાંત'માં પણ જડ જીવ અને અંતર્યામીનો ભેદ 'તત્ત્વાર્થદીપ-નિબંધ'માં કહ્યો છે ત્યાનાં એ ત્રણે વિશિષ્ટાદ્વૈતવાળાઓનાં એ ત્રણ તત્ત્વ કેમ નહિ ?

સમાધાન–એમ કહેતા હો તો–જવાબમાં કહેવાનું કે–જડ જીવ ને અંતર્યામી એ ત્રણ તો કાર્ય છે, કારણ તો અદ્વૈત–એકરસાત્મક એક જ પરબ્રહ્મ છે. (૨૬) 'बहु स्यां, प्रजायेय'–બહું થાઉં, પ્રજનન કરું' એ પ્રમાણે ઈચ્છાએ ઊભો થયેલો, ઘડો અને કૂંડું છે એની જેમ, કાર્ય માત્ર પૂરતો જ પરસ્પર એ ત્રણેનો ભેદ છે. (૨૭) એ ત્રણે વચ્ચે દીવાલ અને કોઠારના જેવો કોઈ નિત્ય વાસ્તવિક ભેદ નથી. ઘડો અને કૂંડું માટી હોઈ જેમ માટીનાં વાસણનો માટી તરીકે અભેદ છે. એની જેમ આ ત્રણેનો અહીં વાસ્તવિક અભેદ છે. (૨૮) 'सर्वं पुरुष एव इदं–આ બધું પુરુષ છે.' 'नेह नानास्ति किंचन–અહીં કાંઈ અનેક નથી,' 'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति–જે કોઈ અહીં અનેકતા જુએ છે તે મૃત્યુ પાસેથી મૃત્યુ પામે છે.' (૨૯) જેની દ્વૈત-દૃષ્ટિ છે તેને દરેક રીતે 'द्वितीयाद्वै भयं भवति–બીજાનાથી ભય થાય છે' એના જાણકારો 'आत्मेति तूपगच्छन्ति ग्राह्यन्ति च'–સર્વ કાંઈને આત્મા તરીકે જાણે છે અને સ્વીકારાવે છે. (૩૦)

'तद्यो यो देवानां प्रत्यवबुद्ध्यति स एव तदभवत्तथा ऋषीणां तथा मनुष्याणां

तद्वैतत्पश्यन् ऋषिर्वामदेवः प्रतिपेदेऽहं मनुरभवं सूर्यश्चेति–તેથી દેવોમાંનો જે જે જાગ્રત થયો તે બ્રહ્મરૂપ થયો, એ જ પ્રમાણે ઋષિઓનો અને મનુષ્યોનો પણ. આ પ્રકારનું દર્શન પામતા ઋષિ વામદેવને થયું કે હું મનુ થયો-હું સર્વ થયો.' (બૃહદા. ૧-૪-૧૦)

ત્યાં જ 'तदिदमप्येतर्हि य एवं वेदाहं ब्रह्मामीति स इदं सर्वं भवति, तस्य ह न देवाश्च नाभूत्या ईशत, आत्मा ह्येषां स भवति । अथ योऽन्यां देवतामुपास्तेऽन्योऽसावन्योहमस्मीति न स वेद यथा पशुरेवं स देवानाम् ॥–એ પણ આમ–કે જે 'હું બ્રહ્મ છું' એમ જાણે છે તે આ સર્વરૂપ બની જાય છે; એના ઉપર અભૂત્ય દેવોનો કોઈ અધિકાર નથી. એ એમનો આત્મા થઈ રહે છે. જે બીજા દેવની ઉપાસના કરે છે–'આ અન્ય છે' 'હું અન્ય છું' એમ, તે પશુની જેમ કશું જાણતો નથી.–એ દેવોનું પણ–' વગેરે.

'ब्रह्मविद् ब्रह्मैव भवति–બ્રહ્મનો જ્ઞાતા બ્રહ્મરૂપ જ થઈ રહે છે' એ વગેરે શ્રુતિઓમાં ભિન્ન ચિત્–અચિત્‌ની વિશેષતાવાળું કાર્ય નથી એમ સ્પષ્ટ સમઝાય છે. (૩૧) હવે બ્રહ્મથી અતિરિક્ત કોઈ કારણ હોવા વિશેની શંકા દૂર કરવામાં આવે છે. 'एकमेवाद्वितीयम्–એક જ અદ્વિતીય' એ બ્રહ્મ જ વૈદિક સાહિત્યમાં કારણ કહેવામાં આવ્યું છે. (૩૨) 'नासदासीन्नो सदासीत्–નહોતું અસત્ કે નહોતું સત્ (અવ્યક્ત કે વ્યક્ત કશું નહોતું)' 'नान्यत्किंचिन्मिषत्–જોનારું કોઈ બીજું નહોતું' 'एकोऽहम्–હું એક જ છું આ વાક્યો પ્રભુના પોતાનાથી જુદાં ચિત્–અચિત્ હોવા વિશે બાધ ઉત્પન્ન કરે છે. (૩૩)

'आत्मैवेदमग्र असीत्पुरुषविधः सोऽनुवीक्ष्य नान्यदात्मनोऽपश्यत्–પૂર્વે પુરુષરૂપ આત્મા જ હતો–એણે જોવાનો પ્રયત્ન કર્યો, પણ પોતાનાથી પર બીજુ કાંઈ જોયું નહિ' (બૃ. ૧-૪-૧) ત્યાં જ 'ब्रह्म वा इदमग्र आसीत्तदात्मानमेवावैदहं ब्रह्मास्मीति तस्मात्तत्सर्वमभवत्–પૂર્વે આ બ્રહ્મ હતું. એણે પોતાના આત્માને

જાણ્યો : 'હું બ્રહ્મ છું' એમ. એમાંથી એ સર્વ કાંઈ થયું' (બૃ. ૧-૪-૧૦) 'आत्मैवेदमग्र आसीदेक एव सोऽकामयत (બૃ. ૧-૪-૧૭) -પૂર્વે એક જ આત્મા હતો, એણે કામના કરી' વગેરે. 'सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीयं ब्रह्म (છાં. ૬-૨-૧)-પૂર્વ, હે સૌમ્ય, સત્ માત્ર હતું-એક જ અને અદ્વિતીય;' 'सत्त्वेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयं तदैक्षत बहु स्यां प्रजायेयेति, तत्तेजोऽसृजत (છાં. ૬-૨-૨, ૩) -એક જ અદ્વિતીય સત્ માત્ર પૂર્વ, હે સૌમ્ય, હતું; એણે ઈક્ષા કરી-'બહુ થાઉં, પ્રજનન કરું;' એણે તેજનું સર્જન કર્યું; 'आत्मा वा इदमेक एवाग्र आसीन्नान्यत्किंचन मिषत् । स ऐक्षत लोकान्नु सृजा इति । स इमाल्लोकानसृजत (ઐ. ૧-૧)-પૂર્વ આ એક જ આત્મા હતો-બીજું કોઈ જોનારું પણ નહોતું. 'હું લોકોનું સર્જન કરું' એ પ્રકારની એણે ઈક્ષા કરી. એણે આ લોકો (જગત)નું સર્જન કર્યું;' 'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः (તૈ. ૨-૧)-એ આ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું' વગેરે. 'सोऽकामयत बहु स्यां प्रजायेयेति-(તૈ. ૨-૬) એણે કામના કરી 'હું બહુ થાઉં, પ્રજનન કરું'. 'स तपोऽतप्यत (તૈ. ૨-૬) એણે તપ કર્યું; 'स तपस्तप्त्वा इदं सर्वमसृजत (તૈ. ૨-૬) -એણે તપ કરી આ સર્વ કાંઈનું સર્જન કર્યું; 'तदात्मानं स्वयमकुरुत, तस्मात्तत्सुकृतमुच्यते (તૈ. ૨-૭)- એણે આત્માને પોતે જ કર્યો, તેથી જ એ સારી રીતે કરેલું કહેવાય છે.' -કોઈ પણ નિમિત્ત વગેરેની જરૂર વિના જ બ્રહ્મ પોતે જ જગતરૂપે પરિણામ પામ્યું. જીવને જેમ છે તેમ બ્રહ્મને બીજાં બે શરીર-(સ્થૂલ દેહ ને લિંગદેહ)ની જરૂર નથી. (૩૪)

'अशरीरं शरीरेषु ह्यनवस्थेष्ववस्थितम् ।
महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥

-ધીર પુરુષ શરીરોને વિશે અશરીરી અને સ્થિતિહીનોને વિશે સ્થિતિ કરી રહેલા મહાન વિભુ આત્માને સમજ્યા પછી શોક કરતો નથી. (૩૫) કઠ

વગેરે ઉપનિષદોમાં 'આને શરીર નથી'એમ કહેવામાં આવે છે ત્યાં એવી મતલબનું વાક્ય જીવને ઉદ્દેશી નથી, એ તો બ્રહ્મ વિષયક પ્રશ્નના ઉત્તરમાં છે. (૩૬) 'त्रयाणां चैवमुपन्यासः प्रश्नश्च (બ્ર. સૂ.) અગ્નિ જીવ અને બ્રહ્મ વિશે ઉપન્યાસ અને પ્રશ્ન છે' એમ આખરી (આખરી બ્રહ્મપ્રકરણ છે એવું) બ્રહ્મસૂત્રમાં પણ સ્પષ્ટ છે. અહીં 'વિભું કહ્યું છે તે જીવપક્ષે બાધક છે, (કારણ કે રામાનુજીઓ મતમાં પણ જીવને અણુ સ્વીકાર્યો છે). પ્રભુ તો આનંદ માત્ર હાથ-પગ-મુખ-ઉદરવાળા સાકાર છે; જીવોની માફક ભિન્ન અંગોવાળા નથી. 'आह च तन्मात्रम्-(બ્ર. સૂ.) એટલા પૂરતા એ છે એમ કહે છે' એ સૂત્રમાં એ જ વસ્તુ સ્પષ્ટ કહેવામાં આવી છે. (૩૭-૩૮) (૩૫ મા શ્લોકવાળા મંત્રમાં) शरीरेषु એ શબ્દથી બે શરીરની કલ્પના કરવામાં આવે તો ત્યાં બહુવચન કહેલું હોઈ તેમજ 'अनवस्थेषु' કહેલું હોઈ એ જ નિત્ય શરીર ક્યાંથી સિદ્ધ કરી શકાય ? (૩૯) વારું, એ બેઉ શરીર પરિચ્છિન્ન છે કે અપરિચ્છિન્ન ? જો પરિચ્છિન્ન છે એમ કહિયે તો શું માપ ? અણુ કે મધ્યમ પ્રકારનું ? આવી કોઈ પણ પ્રસિદ્ધિ એ બેઉને વિશે ક્યાંય નથી. (૪૦) પરિચ્છિન્નતા સ્વીકારવાથી અનંત વિશ્વની ઉત્પત્તિમાં એ બેઉનો ક્ષય થાય. વળી જો આ બેઉ શરીરનું અધિષ્ઠાન બ્રહ્મ જ હોય તો પોતાનાં બેઉ શરીરોનું અધિષ્ઠાન શરીરી હોવાનું બંધ બેસતું નથી. અપરિચ્છિન્ન છે એમ કહિયે તો પછી સંકરતા કેમ ન થાય ? (૪૨) વિભુપણામાં બંનેની વ્યાપકતાને લઈ એકબીજું થઈ પડે. એમ ન થાય તો વ્યાપકતાને હાનિ થાય. એ સમયે દેશ અને કાલના અભાવને લઈ બેઉનો ભાગ કરનાર વિભાગ બતાવનાર પણ શું થાય ? (૪૩) દેશના અભેદમાં પણ પેલાં બેઉ મૂર્ત શરીરોને અસાંકર્ય અને વિભુપણું નથી. (व्युच्चरन्ति-બહાર નીકળે છે એમ) ઉદ્‌ગમને માટે અને સાંકર્યના નિવારણને માટે જડ અને જીવનો તિરોભાવ કહેવો જોઈએ એ રામાનુજીય મતમાં નથી. આવા અનેક પ્રકારના દોષ હોવાને કારણે ચિત્ અને

અચિત્ શરીરો કહેવાં શક્ય નથી, તેમજ બ્રહ્મથી ભિન્ન એવાં એ બેઉ શરીરોની હસ્તી સૃષ્ટિની પૂર્વે કહેવી પણ શકય નથી. 'आत्मैवेदमग्र आसीत्' 'सदेव सौम्य'. વગેરે શ્રુતિવાક્યોમાં 'एव (=જ)' કહેલો હોઈ વળી 'एकमेवाद्वितीयम्-એકલું અદ્વિતીય'-બ્રહ્મ છે-એ વગેરે શ્રુતિવાક્યોમાં જે सत् શબ્દ છે અને 'तत्त्वमसि-એ તું છે' એ વાક્યમાં तद् શબ્દ છે તે બ્રહ્મની જ વાત કરે છે (૪૬-૪૭) 'ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः (ગીતાજી)-ॐ तद् सत् એ બ્રહ્મનો ત્રણ પ્રકારનો નિર્દેશ છે.' 'अहमेवासमेवाग्रे नान्यद्यत्सदसत्परम्-પૂર્વે હું જ માત્ર હતો જ, કોઈ બીજું સત્ કે અસત્ નહોતું' (૪૮) 'पश्चादहं यदेतच्च योऽवशिष्येत सोऽस्म्यहम्-પ્રલય પછી હું અને આ જે કાંઈ-જે બાકી રહે તે હું છું' 'सोऽन्युवीक्ष्यान्यन्नात्मनोऽपश्यत् (બૃ. ૧-૪-૧-શબ્દ ઉલટપાલટ છે-શ્લોકમાં ગોઠવવા)-એણે વીક્ષા કરી-એણે આત્મામાંથી બીજાને જોયું'. એવું પણ શ્રુતિવાક્ય છે. (૪૯) વીક્ષા ર્ક્યા છતાં પણ પોતાથી જુદાં ચિત્ અને અચિત્ શરીર જોવામાં આવ્યાં ન હોય તો 'પ્રભુ સર્વજ્ઞ છે-વ્યાપક છે અને ઈશ્વર છે' એ વાત જ મારી જાય. (૫૦) 'नैव रेमे' એમ રમણનો અભાવ કહ્યા પછી રમણને માટે ઈચ્છા કરી તે એકલા બ્રહ્મની છે; આ સ્થિતિ હોઈ 'એકલાપણું' 'રમણનો અભાવ' અને 'બીજાની ઈચ્છા' એ ત્રણેને બાધ ઉત્પન્ન થાય છે. (૫૧)

શંકા-વારું, 'હું એક જ હતો' એ વગેરેમાં દેહ અને જીવ બેઉ છતાં બેઉના અભેદ-આશ્રયને લઈ 'એક શબ્દથી કહેવાય છે, તે પ્રમાણે બે દેહવાળા બ્રહ્મનો 'आत्मन्' શબ્દથી અહીં સ્વીકાર છે, તેથી 'સ્થળમાં હું એક છું' તેથી 'બીજું કાંઈ નહોતું' એમ કહ્યું છે-બાકી ચિત્-અચિત્ શરીર છે જ.

સમાધાન-આમ જો કહેવામાં આવે તો ? (૫૨-૫૩) નહિ, એમ નથી; દેહમાં જે 'અહંજ્ઞાન' છે તે અધ્યાસમાંથી થયેલ હોઈ મિથ્યા છે; એ

અવિદ્યા એ પ્રભુની ઈચ્છાથી હોઈ 'अस्ति-છે' એમ જીવ એકવચનનો પ્રયોગ કરે છે; (૫૪) આ પ્રકારનો મિથ્યા અધ્યાસ અજ્ઞાન-માત્રના કારણરૂપ છે તે સ્થિર અવધિહીન-અસંખ્ય કલ્યાણગુણશાલી, સર્વજ્ઞ, અવિલિપ્ત, સ્વતંત્ર, નિયામક, અવિદ્યાદિ શક્તિ જેને સ્વાધીન છે તેવા નિત્યમુક્ત બ્રહ્મને બંધ બેસતો નથી. (૫૫-૫૬) 'आत्मैवेदम्.' વગેરે શ્રુતિવાક્યમાં સૃષ્ટિની પૂર્વે સર્વ કાંઈની આત્મરૂપતા કહેવામાં આવી છે તેથી જીવ-જડની ચિત્-અચિત્-રૂપતાને કોઈ બાધ નથી. વળી વસ્તુસ્થિતિએ જડ અને જીવ બ્રહ્મથી અભિન્ન હોવાને કારણે आत्मन् શબ્દ ચિત્-અચિત્-પરક કહેવા શક્ય નથી. (૫૭-૫૮) 'आत्मन्' શબ્દનો અર્થ 'નિર્ગુણપરક છે' એવું 'गौणश्चेन्नात्मशब्दात्-ગૌણ છે એમ હોય તો નહિ, आत्मन् શબ્દને કારણે એ પ્રધાન બ્રહ્મ છે.' એ વગેરેમાં કોઈપણ જાતના મતભેદ વિના એ વાત સ્પષ્ટ છે. (૫૯) 'स हैतावानास-એ આવડા થયા' એમ કહીને ઉપાદાન કારણ હોવાની વાત કરી છે ત્યાં નિમિત્ત અને ઉપાદાન કારણ અભિન્ન છે એમ બતાવ્યું છે. બધાં જડ અને જીવોનો એ એકલા બ્રહ્મમાંથી જ ઉદ્‌ગમ શ્રુતિ કહે છે, નહિ કે ક્યાંય એનાથી જુદાં ચિત્-અચિત્ શરીરોમાંથી. (૬૦-૬૧)

'स यथोर्णनाभिस्तन्तुनोच्चरेद्यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि व्युच्चरन्ति (બૃ. ૨-૧-૨૦)- જે પ્રમાણે કરોળિયો તાંતણાથી વિસ્તાર કરે છે, જે પ્રમાણે અગ્નિમાંથી નાના નાના તણખા બહાર નીકળે છે, તે જ પ્રમાણે આ આત્મામાંથી બધા પ્રાણ, બધા લોક, બધા દેવ, બધાં ભૂતો ઉદ્‌ગમ પામે છે.' આ બધી વાતો ઉપનિષદોનાં અનેક વાક્યોથી સુપ્રસિદ્ધ છે; વિસ્તાર શો કરવો ? આ જીવને લગતું પ્રકરણ હોઈ આ વાક્ય પણ જીવ-પરક છે એવું કાંઈ નથી. (૬૨) અણુમાત્ર એવા જીવમાંથી બધાંનો ઉદ્‌ગમ થતો ન હોવાથી તેમજ સર્વના

ઉદ્‌ગમરૂપ લિંગના બાધને લઈ પૂર્વતંત્ર (પૂર્વમીમાંસા) અનુસાર પ્રકરણથીયે 'લિંગ' બલિષ્ઠ થઈ રહે. (૬૩) સુષુપ્તિમાં બ્રહ્મમાં લીન થઈ રહેલા જીવનો બ્રહ્મમાંથી ઉદ્‌ગમ થવાનું બતાવવા એ પરમાત્મામાંથી બધા જીવોના ઉદ્‌ગમની વાત કહેવામાં આવે છે. (૬૪) ઉત્પત્તિ નાશ અને સ્થિતિ એને વિશે જ કહીને તૈત્તિરીય વગેરે ઉપનિષદોમાં બધાં થયેલાં અને થવાનાંની બ્રહ્મરૂપતા કહેવામાં આવી છે. (૬૫)

'यस्मिन्निदं संचविचैति सर्वं यस्मिन् देवा अधिविश्वे निषेदुः ।
तदेव भूतं तदु भव्यमा इदं तदक्षरे परमे व्योमन् ॥

-જેમાં આ ઉત્પન્ન થાય છે અને લય થાય છે, જેમાં દેવો વિશ્વ ઉપર બિરાજી રહ્યા છે તે જ થયેલું અને તે જ થવાનું છે. આ સર્વ કાંઈ અક્ષરાત્મક પરમ આકાશમાં રહ્યું છે.'

'प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुरोधात् (બ્ર. સૂ. ૧-૪-૨૩) એક વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન થવાની પ્રતિજ્ઞાના દૃષ્ટાંતને અનુસરી જગતનું ઉપાદાન કારણ અને નિમિત્તકારણ બ્રહ્મ જ છે.' એ રીતે સૂત્રકાર વ્યાસજીએ જગતનાં નિમિત્ત અને ઉપાદાનકારણ એક જ કહ્યાં છે. જો આવો અર્થ ન હોય તો અભેદનો બોધ કરનારાં બધાં જ શ્રુતિવાક્યોની સંગતિ ન રહે (૬૬) પુરુષ અને પ્રકૃતિ સૂક્ષ્મ દેહવાળાં છે એ પણ બરોબર નથી, કેમકે એ બેઉના લયના સ્થાનરૂપ બ્રહ્મને એ બેઉનું ઉપાદાન કારણ કહેશે. (૬૭) તેથી કરીને કારણને વિશે ચિત્-અચિત્ વિશેષણ બંધ બેસતું નથી. (છાંદોગ્ય ઉપનિષદનું) અંતર્યામિબ્રાહ્મણ બ્રહ્મના બે સૂક્ષ્મ દેહોનું સાધક નથી. (૬૮) યઃ પૃથિવ્યામ્ એ શ્રુતિવાક્યમાં સૃષ્ટિ પછીના વૃત્તાંતનું કથન છે. 'तिष्ठन् यमयति-ઊભો રહેતો નિયમન કરે છે' એમાં વર્તમાન કૃદંતની સાથે વર્તમાનકાળનું રૂપ જોવા મળે છે. (૬૯) બધું જ પૂર્ણ બ્રહ્મરૂપ હોઈને તેમજ પરિચ્છેદ આનંદાંશ-તિરોભાવ વગેરે ન હોઈને, નામ-રૂપના

વિકાસ સિવાયના બીજા સમયે વિભુ પ્રભુથી ભિન્ન કોઈ પણ પદાર્થ વ્યાપક થઈને રહેતો નથી. (૭૦) સૃષ્ટિની પૂર્વે વ્યક્ત નામરૂપને આશ્રય કરવાની પરિસ્થિતિ ન હોવાને કારણે પૃથ્વી વગેરે નામ થવાની કોઈ પરિસ્થિતિ જ નથી. એમાં કોઈને નિયમમાં રાખવાની વાત પણ ઊભી થતી નથી. તેથી બ્રહ્મે કરવાનું નિયમન પણ બંધ બેસતું નથી. (૭૧) સૃષ્ટિ કરવાને સમયે ભૂત પ્રાણ ઈંદ્રિયો વગેરે ઉત્પન્ન થયાં અને (અંતર્યામિ-બ્રાહ્મણમાં) અહીં यो विज्ञाने तिष्ठन् વગેરેથી શરીરરૂપ કહ્યા છે તે જીવો પણ એમાંથી જ ઉત્પન્ન થયા. (૭૨)

'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः । आकाशाद् वायुः (તૈત્તિ. ૨-૧)' એ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું, આકાશમાંથી વાયુ...' એ વગેરે. 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च खं वायुज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी (મુંડક ૨-૧-૩)-એમાંથી પ્રાણ મન, બધી ઈંદ્રિયો, આકાશ વાયુ તેજ પાણી, અને વિશ્વને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થાય છે.' એ વગેરે અનેક સ્થળે આ સ્પષ્ટ છે અને વ્યાસજીના બ્રહ્મમીમાંસા શાસ્ત્રમાં બીજા અધ્યાયના ત્રીજા ચોથા પાદમાં એ પ્રમાણે વિચાર કરવામાં આવ્યો છે. (૭૩) ત્યારે જ હવે ઐચ્છિક ભેદથી રૂપ અને નામના વિભાગે કરી પોતા-રૂપ એવાં પૃથ્વી વગેરેને 'પૃથિવ્યાં-પૃથ્વીને વિશે' એ વગેરે રીતે સાતમી વિભક્તિથી આધારપણું બંધ બેસે છે. (૭૪) ત્યાં બધા જ વ્યાપક જગતમાં જીવનને માટે નિયામકે પ્રવેશ કર્યો અને સર્જન કર્યા પછી એનું એ ભરણ કરે છે, પણ એવી ક્રિયાથી એ પ્રભુને કોઈ લેપ-બાધા નથી. (૭૫). 'यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः (ગીતા)-જે અવ્યય ઈશ્વર ત્રણે લોકમાં પ્રવેશ કરી એનું ભરણપોષણ કરે છે'.

'अतः समुद्रा गिरयश्च सर्वेऽस्मात्स्यन्दन्ते सिन्धवः सर्वरूपाः ।
अतश्च विश्वा ओषधयो रसाश्च येनैष भूतस्तिष्ठत्यन्तरात्मा ॥

(તૈત્તિ. સહિતા)-એમાંથી બધા સમુદ્રો અને પર્વતો તથા સર્વરૂપ

નદીઓ ઝરે છે, એમાંથી બધી વનસ્પતિઓ રસો થાય છે, જેનાથી થયેલો આ અંતર્યામી ઊભો રહે છે'. (૭૬)

આનંદ વગેરે તિરોભાવ કરીને રમણને માટે જુદાં કરેલાં જડ અને જીવો બ્રહ્મની ઈચ્છાથી સંગરહિત અને પોતાના અંતરમાં રહેલા તેમજ ઇંદ્રિયજન્ય જ્ઞાનથી ન જાણવામાં આવે તેવા પ્રભુને જાણતાં નથી, જે વાત 'न वेद' શબ્દોથી કહેવામાં આવે છે. શરીર હોવા વિશેનો ભેદ તો સૃષ્ટિ સમયે પણ નથી. (૭૭-૭૮) રામાનુજીય મતમાં પણ અંતર્યામિ બ્રાહ્મણમાં સ્થૂલ એવાં પૃથ્વી વગેરેને જ શરીરપણું કહેવામાં આવ્યું છે, તેથી બે સૂક્ષ્મ શરીર સિદ્ધ થઈ શકતાં નથી. (૭૯) રામાનુજીય મતમાંના બેઉ સૂક્ષ્મ દેહ જો વેદાદિશાસ્ત્રમાં પ્રતીત થતા હોય તો યઃ પૃથિવ્યામ્ વગેરેને સ્થાને 'यश्चिति तिष्ठन् योऽचिति तिष्ठन्-જે ચિત્‌માં રહેતો-જે અચિત્‌માં રહેતો' એમ બે વાક્ય કહે. પરંતુ એમ બે વાક્ય તો કહ્યાં નથી, તેથી કારણરૂપે કહેલા એવા બે દેહની વાતને શ્રુતિવાક્યોનો ટેકો નથી. તેથી ત્રણ પ્રકારના જીવોની વાતવાળી ત્રણ તત્ત્વની વાત કહેતો રામાનુજીય મત શ્રુતિવાક્યોને અભીષ્ટ નથી. (૮૦-૮૧) આધારપણું નિયમ્યપણું અને વ્યાપકપણં એ રીતે જે ભેદ બતાવવામાં આવ્યો છે તે, ઉપક્રમ અને ઉપસંહારનો વિચાર કરતાં, વાસ્તવિક નથી. (૮૨) ઉપક્રમમાં-

'सोऽब्रवीत् पतंजलं काप्यं याज्ञिकांश्च, यो वै तत्काप्य सूत्रं विद्यात्तं चान्तर्यामिणमिति स ब्रह्मवित्स लोकवित्स भूतवित्स आत्मवित्स सर्वविदिति तेभ्योऽब्रवीत्तदहं वेद (બૃહદા. ૩-૭-૧)

-એણે પતંજલ કાપ્ય અને યાજ્ઞિકોને કહ્યું : હે કાપ્ય, જે એ સૂત્રને જાણે છે અને એ અંતર્યામીને જાણે છે તે બ્રહ્મવેત્તા, લોકવેત્તા, ભૂતવેત્તા, આત્મવેત્તા અને સર્વવેત્તા છે; એમ એ મને કહ્યું તે હું જાણું છું'.-એમ એકના જ વિજ્ઞાનથી બધાનું વિજ્ઞાન કહેવામાં આવે છે. બધાંનું ઉપાદાન કારણ એ

એક બ્રહ્મ જ હોય તો એવું સર્વવિજ્ઞાન સંભવે (૮૩) જેમકે-માટીના એક પીંડાના વિજ્ઞાનથી માટીનું સર્વ કાંઈ જાણેલું થાય, એક લોહ-મણિથી બધું લોહમય જાણેલું થાય. (૮૪) ઉપસંહારમાં-

'अदृष्टो द्रष्टाश्रुतः श्रोतामतो मन्ताविज्ञातो विज्ञाता, नान्योऽतोऽस्ति द्रष्टा, नान्योऽतोऽस्ति श्रोता, नान्योऽतोऽस्ति मन्ता, नान्योऽतोऽस्ति विज्ञाता, एष ते आत्मान्तर्याम्यमृतः (બૃહદા. ૩-૭-૨૩)

-જોયેલો નથી તેવો જોનાર, સાંભળવામાં નથી આવ્યો તેવો સાંભળનાર, વિચારવામાં નથી આવ્યો તેવો વિચારનાર, જાણવામાં નથી આવ્યો તેવો જાણનાર; એનાથી બીજો કોઈ જોનાર નથી, એનાથી બીજો કોઈ સાંભળનાર નથી, એનાથી બીજો કોઈ વિચારનાર નથી, એનાથી બીજો કોઈ જાણનાર નથી; એ તારો આત્મા અંતર્યામી અમૃત છે'. જોનાર વગેરે જીવો બધા પ્રભુના અંશ હોઈ અગ્નિના તણખાઓની જેમ બ્રહ્મથી અભિન્ન છે એ પ્રમાણે સમઝાય છે. (૮૫) જો એમ ન હોય તો એવો જીવ થવાને કારણે જોનારા વગેરેનો તાત્ત્વિક નિષેધ બંધ બેસે નહિ. તેથી બધુંજ બ્રહ્માત્મક છે. (૮૬) સૃષ્ટિને સમયે પરિચ્છેદ, ભેદ, અચિત્-પણું, વિભાગ, અનુપ્રવેશ અને નિયમ થાય છે; સૃષ્ટિના પહેલાંના અને સૃષ્ટિ-અંતના પછીના કાલમાં હોતાં નથી. (૮૭) આથીજ રામાનુજીય મત 'શુદ્ધાદ્વૈત નો એકદેશી મત છે. તત્ત્વાર્થદીપ નિબંધની આવરણ ભંગ-ટીકામાં આ પ્રકારના એકદેશીપણાનો ખ્યાલ આપવામાં આવ્યો છે. (૮૮)

કોઈ આપણને એમ કહે કે 'આ પ્રમાણે તમે બધા મતોમાં દોષ બતાવે છો તેથી દ્વેષીલા છો;' એમ હોય તો, નહિ; તત્ત્વનો નિર્ણય કરવામાં વિદ્વાનોનો આ વિનોદ છે. (૮૯) જ્યાં વિષ્ણુનાં ભક્તિ અને જ્ઞાન છે, જ્યાં વેદ પરમ પ્રમાણ છે, તેવા બધા મત જીવોના ઉદ્ધારનાં કારણ છે. (૯૦) સત્ત્વ વગેરે

ભેદથી જીવો ચિત્રવિચિત્ર પ્રકૃતિના છે તે સર્વનો ઉદ્ધાર કરવાને પ્રભુએ અનેક સંપ્રદાયો પ્રગટ કર્યા છે. (૯૧) જીવો અધિકાર પ્રમાણે એ સંપ્રદાયોમાં પ્રવૃત્તિ કરે છે-એને લઈ આ લોક અને પરલોક સંબંધી ફળ મળે છે, વિવિધ પ્રકારનો મોક્ષ પણ આવશ્યકતા પ્રમાણે થાય છે. (૯૨) અલૌકિક, અચિંત્ય, પોતાથી અભિન્ન અનેક શક્તિવાળા બ્રહ્મને વિશે અભિન્ન-બ્રહ્માત્મક જગતની વ્યવસ્થા અભેદથી શ્રુતિવાક્યોમાં કહી છે. (૯૩)

નિર્ગુણ એવું જે બ્રહ્મ સગુણ શિવ વગેરે રૂપોથી અનેક સ્વરૂપો દ્વારા અનેક પ્રકારની કામનાઓ આપે છે તે અંશીરૂપે રહેલા પરબ્રહ્મનો હું આશ્રય કરું છું. (૯૪)

૧૨. શૈવ અને શાક્તોના મતનો વિચાર

જેણે લીલાને માટે શિવ શક્તિ વગેરે વિભૂતિઓ કરી છે અને જે ભક્તોની નિર્ગુણતાનો હેતુ છે તેવા નિર્ગુણ બ્રહ્મને નમિયે છિયે. (૧)

રામાનુજમતને પોતાનો કહેનારા પાશુપત શૈવોએ બધું સાહિત્ય શિવપરક ગોઠવી 'વિશિષ્ટાદ્વૈત' કહ્યું છે. (૨) વૈદિક સાહિત્ય પ્રમાણે નિર્ગુણ પરબ્રહ્મ નિર્ગુણ મુક્તિ કરનારું છે. એવા પ્રકારનું બ્રહ્મપણું તમઃપ્રધાન શંભુને બંધ બેસતું નથી. (૩) 'પરશિવ નિર્ગુણ છે અને વ્યૂહ વગેરેમાં રહેલા સગુણ છે' એવું જો હોય તો, નહિ; 'સૂતસંહિતા' વગેરેમાં એવા પરશિવ સગુણ પણ કહેવાય છે : (૪)

'उमार्धविग्रहः श्रीमान्सोमार्धकृतशेखरः ।
ब्रह्मविष्णुमहेशानैरुपास्यः परमेश्वरः ॥

અડધા દેહમાં ઉમા છે, મસ્તક ઉપર અડધો ચંદ્રમા છે, અને બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવ જેમની ઉપાસના કરે છે તેવા પરમેશ્વર'. (૫) 'ऋतं सत्यं परब्रह्म पुरुषं साम्बमीश्वरम्–ઋત સત્ય પરબ્રહ્મરૂપ પુરુષ સાંબ ઈશ્વરને–' આઠમા અને નવમા અધ્યાયમાં કરેલા શૈવમતના ઉપક્રમથી આ સ્પષ્ટ છે. (૫-૬) 'એ પરમેશ્વરની ઉપાસના મહાદેવ કરે છે' એમ કહ્યું હોઈ આ વાક્યમાં સ્પષ્ટ રીતે પરશિવ છે. શક્તિના સાહિત્યમાં શક્તિની સગુણતા દૃઢ કરેલી છે. (૭) શક્તિનું પરસ્વરૂપ હોવા છતાં પણ 'સપ્તશતી'ના રહસ્યમાં શક્તિની ત્રિગુણતા કહી છે : 'सर्वस्याद्या महालक्ष्मीस्त्रिगुणा परमेश्वरी–બધાંના આરંભમાં રહેલી પરમેશ્વરી મહાલક્ષ્મી ત્રિગુણાત્મક છે. (૮) (શ્રીમદ્ ભાગવત-સ્કં. ૧૦, અ. ૮૮માં કહ્યું છે :) હું શક્તિ સાથે રહેલો, હમેશાં ત્રણ લિંગવાળો, ગુણોથી વીંટળાયેલો વૈકારિક તૈજસ અને તામસ એમ ત્રણ પ્રકારનો છું. પછી આ ત્રણમાં મહાભૂત ઈંદ્રિયો-મન એ સોળ વિકાર થયા. વિભૂતિઓમાંની હરકોઈ એકના તરફ ગતિ

કરનારો બધી વિભૂતિઓનું ફળ ભોગવે છે. ભગવાન હરિ નિર્ગુણ અને પ્રકૃતિથી પર પુરુષ છે. એ બધાનો દ્રષ્ટા અને ઉપદ્રષ્ટા છે. એનો આશ્રય કરનાર જીવ નિર્ગુણ થાય છે.' (૯-૧૧) શ્રીમદ્ ભાગવતમાં પણ શિવને સગુણ કહ્યા છે : 'वैष्णवानां यथा शम्भुः (ભાગ. ૧૨-૧૩-૧૬)-વૈષ્ણવોમાં જેમ શંભુ'-આમ પરશિવ તે ભક્ત છે. વ્યૂહમાં રહેલા શિવને સંહારની શક્તિના કાર્યમાં કહ્યા છે. આ વસ્તુ પદ્મપુરાણ બ્રહ્મવૈવર્તપુરાણ પંચરાત્ર વગેરેનાં વાક્યોથી અને વેદના અનેક ભાગોથી મારા તરફથી બીજે બતાવવામાં આવી છે. શ્રુતિવાક્ય કહે છે કે કૃષ્ણ જ પરબ્રહ્મ છે અને સદાનંદ છે. (૧૪)

'कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः ।
द्वयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ॥ (ગો. તાપ. ઉપ.)

-કૃષ્ ધાતૂનો અર્થ સત્તા છે, ણનો અર્થ આનંદ છે. એ બેની એકતાને પરબ્રહ્મ કૃષ્ણ કહે છે.' (૧૫)

શિવ વગેરે સગુણ રૂપોથી પ્રભુ ઈચ્છાઓ પૂરી કરે છે; પોતે જ નિર્ગુણ દેવ છે અને ભક્તોને નિર્ગુણ કરનાર છે. (૧૬)

'यस्याङ्घ्रिपङ्कजरजोऽखिललोकपालै-
मौंल्युत्तमैर्धृतमुपासिततीर्थतीर्थम् ।
ब्रह्मा भवोऽहमपि यस्य कलाः कलायाः
श्रीश्चोद्वहेम चिरमस्य नृपासनं क्व ॥

-તીર્થોના પણ તીર્થરૂપ ઉપાસવામાં આવેલી જેમના ચરણકમલની રજને બધા લોકપાલોએ શ્રેષ્ઠ મુકુટોથી ધારણ કરી છે, બ્રહ્મા અને હું મહાદેવ પણ અને લક્ષ્મી જેમની કલાની કલાને લાંબા સમયથી ધારણ કરિયે છિયે તેમને નૃપના આસનની ક્યાં પડી છે !' (૧૭)

'त्वामेवाऽन्ये शिवोक्तेन मार्गेण शिवरूपिणम्-બીજાઓ શિવે કહેલા માર્ગ

પ્રમાણે શિવરૂપ તમને ઉપાસે છે' એમ શ્રી ભાગવતમાં પણ શ્રી શિવજીને ભગવદ્રૂપ કહ્યા છે. (૧૮) 'યેઽપ્યન્યદેવતાભક્તાઃ (ગીતાજી) -જેઓ પણ બીજા દેવોના ભક્ત છે...તેઓ પણ મને પામે છે' એમ ગીતાજીમાં પણ કહ્યું છે. પદ્મપુરાણમાં કાર્તિકમાહાત્મ્યમાં કહે છે : (૧૯)

'सौराः शैवाश्च गाणेशा वैष्णवाः शक्तिपूजकाः ।
मामेव प्राप्नुवन्तीह वर्षाम्भः सागरं यथा ॥
एकोऽहं पञ्चधा जातः क्रीडया नामभिः किल ।
देवदत्तो यथा कश्चित्पुत्राद्याह्वाननामभिः ॥

-વરસાદનું પાણી જે પ્રમાણે સાગરને પામે છે તે પ્રમાણે સૂર્યોપાસકો શિવોપાસકો ગણેશોપાસકો વૈષ્ણવો અને શક્તિપૂજકો મને જ પામે છે. કોઈ એક બાળક પુત્ર વગેરે જૂદાં જૂદાં નામ પામે છે તેમ હું રમણથી નામોએ પાંચ પ્રકારનો થયો છું'. (૨૦-૨૧) આ પ્રકારે ભગવાને શિવ વગેરેને પોતાના અંશ કહ્યા છે. શિવોપાસકો વગેરે શિવ વગેરેનો આશ્રય કરીને પણ એ ભગવાનને જ પામે છે. (૨૨) વિષ્ણુ સત્ત્વગુણવાળા છે. એમના ભક્તો તે વૈષ્ણવો. પ્રભુએ ભવિષ્યની સૃષ્ટિ કરવા માટે આસુરોને મોહ કરતાં કોઈ વાર શંભુની ઉપાસના કરી હતી-એ વ ત પદ્મપુરાણમાં સ્પષ્ટ કહી છે. (૨૩-૨૪) 'વિષ્ણુસહસ્રનામમાં શિવજીએ પાર્વતીજી પ્રતિ અને 'પંચરાત્ર' માં હરિએ પોતા પ્રતિ કહ્યું છે : 'त्वामाराध्य तथा शम्भो ग्रहीष्यामि वरं सदा-'હે શંભુ તમારું આરાધન કરીને હું હંમેશાં વરદાન સ્વીકારીશ'. (૨૫)

'स्वागमैः कल्पितैस्त्वं च जनान्मद्विमुखान्कुरु ।
मां च गोपय येन स्यात्सृष्टिरेषोत्तरोत्तरा ॥

-તમે ઊભાં કરેલાં આગમશાસ્ત્રોથી મનુષ્યોને મારાથી વિમુખ કરો અને મને ઢાંકી દો, જેને લઈ આ સૃષ્ટિ ઉત્તરોત્તર ચલ્યા કરે. (૨૬)

શ્રીપુરુષોત્તમજીએ 'પંડિતકરભિંદિપાલ' અને 'પ્રહસ્તવાદ'માં તથા 'અણુભાષ્ય'ના પ્રકાશમાં ઉક્ત વાદને વિસ્તારથી ખંડિત કર્યો છે. (૨૭)

થોડી વિદ્વતા ધરાવનારા શાક્ત લોકો હરિને જગતનું ઉપાદાન અને પરાત્પર શક્તિને નિમિત્ત કારણ કહે છે. ઋગ્વેદીય દેવીસૂક્ત વગેરેથી અને परास्य शक्तिः એ શ્રુતિવાક્યના બળે 'માર્કંડેય પુરાણ' વગેરેમાં આ વિશે કહ્યુ છે; ખાસ કરીને તાંત્રિક ગ્રંથોમાં શક્તિના સ્વરૂપ વિશે નિરૂપણ કર્યું છે. (૨૮-૨૯) સ્તુતિ કરતા બ્રહ્માજીએ 'સપ્તશતી'માં પરા શક્તિને કારણ કહી છે :

'परापराणां परमा त्वमेव परमेश्वरी ।
त्वयैतद्धार्यते विश्वं त्वयैतत्सृज्यते जगत् ।
त्वयैतत्पाल्यते देवि त्वमत्स्यन्ते च सर्वदा ॥

-હે દેવી, તું પરથી પરની પણ પરમ પરમેશ્વરી છે. આ વિશ્વને તું ધારણ કરી રહી છે, સર્જી રહી છે અને પાલન કરી રહી છે અંતે સર્વદા તું સંકેલી લે છે'. (૩૦-૩૧) આવી પરિસ્થિતિ હોય તો એનો જવાબ એ છે કે બ્રહ્મની જે શક્તિઓ છે તે બ્રહ્મથી અભિન્ન અને બ્રહ્મરૂપ છે ઉપનિષદ્વાક્યોથી આ આ પૂર્વે બતાવવામાં આવ્યું છે. (૩૨) સૃષ્ટિ કરવાના સમયનું ગુણાત્મક અચિદ્-રૂપ તે પ્રકૃતિ શક્તિ અને પ્રકૃતિનું કાર્ય તે વિભૂતિરૂપ દુર્ગા છે. (૩૩) રમણ માટે ભેદ કરવાની ઈચ્છાવાળા પ્રભુએ એ બધી શક્તિઓનો તિરોભાવ કરીને શક્તિઓના કેટલાક અંશ વિભૂતિઓને આપ્યા. (૩૪) અમર શક્તિઓના અંશો લઈને મહિષાસુરના વિનાશ માટે એ શક્તિને સરજવામાં આવી હતી. એટલે એ શક્તિ પ્રભુની શક્તિનું કાર્ય છે. (૩૫) મુખ્યત્વે ત્રણ ગુણ-સત્ત્વ રજસ્ અને તમસ્-ની ઉપાધિ ધારણ કરી રહેલા બ્રહ્મા વિષ્ણુ અને મહેશના અશક્ય ગુણો શક્તિમાં આવી રહ્યા; આમ એ શક્તિ પ્રકૃતિનું કાર્ય છે. (૩૬) ક્યારેક માહાત્મ્ય બતાવવા પૂરતો શક્તિઓ અને પ્રકૃતિનાં કાર્યોનો કાર્યરૂપ આ શક્તિમાં ઉપચાર

કરવામાં આવે છે. (૩૭) આ વાત 'સપ્તશતી'ના બીજા અધ્યાયમાં કહી છે. ને એની ટીકામાં પહેલા અધ્યાયના વૃત્તાંતનું મેં સમાધાન પણ કરી આપ્યું છે. (૩૮) દેવીએ ઋગ્વેદીય દેવીસુક્તમાં પોતાનું માહાત્મ્ય કહીને મમ યોનિરપ્સ્વન્તઃસમુદ્રે-મારો જન્મ સમુદ્રને વિશે પાણીમાં છે' એ રીતે પોતે હરિનું કાર્ય છે એમ કહ્યું છે. (૩૯) માટે એ પોતે સૂજ્ય અર્થ હોઈ જગતનું નિમિત્ત કારણ બની શકે એમ નથી. શક્તિપણાને લઈને એ શક્તિમાન પ્રભુને પરતંત્ર છે એમ અનેક સ્થળે-અનેક રીતે કહેવામાં આવ્યું છે. (૪૦)

'તન્નાત્ર વિસ્મયઃ કાર્યો યોગનિદ્રા જગત્પતેઃ ।
મહામાયા હરેશ્ચૈષા તયા સંમોહ્યતે જગત્ ॥

એમાં કાંઈ આશ્ચર્ય કરવાનું નથી કે જગતના પતિ હરિની યોગનિદ્રા મહામાયા છે અને એનાથી જગતને મોહ પમાડવામાં આવે છે'. (૪૧) આ પ્રમાણે 'સપ્તશતી'ના પહેલા અધ્યાયમાં કહેવામાં આવ્યું છે તેમ- 'નારાયણીસ્તવ'માં (સપ્તશતી'માં) 'યા દેવી સર્વભૂતેષુ વિષ્ણુમાયેતિ શબ્દિતા-બધાં ભૂતપ્રાણીઓમાં રહેલી જે દેવીને વિષ્ણુની માયા કહી છે'. (૪૨) પોતે શક્તિ છે એમ કહેવાના આશયથી જ 'ત્વયા એતદ્ ધાર્યતે' વગેરે સ્થળે પરપણું શક્તિનું કહ્યું છે; એ સાધન છે. શક્તિ કર્તા છે એ બંધબેસતું નથી. (૪૩) 'સૃષ્ટિ ન હોય તે દશામાં આ જગતની સૃષ્ટિરૂપ, પાલને સ્થિતિરૂપ અને અંતે સંહારરૂપ તું છે.' (૪૪) 'જગદ્રૂપમાં ભગવાનની જે ત્રણ શક્તિ રહી તે રૂપ એવી તુ છે' એ રીતે સ્તુતિપૂર્વક 'ત્વયા એતદ્ ધાર્યતે' વગેરે શબ્દોથી નિશ્ચિત સાધન કહ્યું છે. (૪૫) બ્રહ્મ જ જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ છે એ જ વાત વેદને સમંત છે. વિભૂતિઓની મહત્તા પણ બ્રહ્મના જ માહાત્મ્યનો બોધ કરે છે. (૪૬) રાજાની સ્તુતિમાં પ્રધાનો વગેરેની સ્તુતિનો સમાવેશ થઈ જાય છે. કેટલીક વાર પુરાણોમાં તે તે વિભૂતિરૂપે પ્રભુની સ્તુતિ કરવામાં આવી છે. (૪૭)

'आकाशात् पतितं तोयं यथा गच्छति सागरम् ।
सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥

–આકાશમાંથી પડેલું પાણી જેમ સાગર તરફ જાય છે, તે પ્રમાણે બધા દેવોને કરવામાં આવેલો નમસ્કાર ભગવાન કેશવ પ્રતિ જાય છે'. (૪૮) 'ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्–(ગીતા)–જે જે લોકો મને જે જે રીતે શરણે આવે છે તેમને તેવા તેવા પ્રકારે હું જઈ રહું છું'. એ વગેરે વાક્યોમાં ફળ દેનારો અને પૂજ્ય તે તેનો અંશી એ ભગવાન જ છે. (૪૯) પદ્મપુરાણના 'शैवाः सौराः' એ અગાઉ જણાવેલા શ્લોકમાં ભગવાનના એ સૌ અંશ છે એ વાત સ્પષ્ટ છે. તંત્રશાસ્ત્રો તો અયુક્ત છે અને માત્ર મોહ કરવા માટે જ રચવામાં આવ્યાં છે. (૫૦) આથી જ એવાં તંત્રશાસ્ત્રોને અનુસરી મદ્ય માંસ ને મૈથુનને ઉત્તમ માનનારા કૌલો વગેરે યમની યાતનાને પામે છે. (૫૧) મારા તરફથી 'શાક્તકિરણ' 'તંત્રકિરણ' અને બીજે 'દુર્ગાપાઠ'ની ટીકામાં પણ એ અસિદ્ધ મતના દોષ વિસ્તારથી બતાવવામાં આવ્યા છે. (૫૨) લીલાને માટે બે સ્વરૂપે થયેલું એ અદ્વય બ્રહ્મ તેથી જ વિમોહાત્મક શાસ્ત્રોથી સંભ્રાંત થયેલા એ આસુરીપ્રકૃતિના જીવો જાણી શકે એમ નથી. (૫૩) જે દૈવી જીવો છે તેઓ પોતાના આચાર્યે કહેલી ભક્તિથી વેદની રીતિએ પરાત્પર સદાનંદનો આશ્રય કરી રહો અને મોહક શાસ્ત્રોથી ભ્રમમાં ન પડો. (૫૪)

સ્વરૂપાત્મક અક્ષરબ્રહ્માત્મક આધ્યાત્મિક નિજધામમાં હંમેશાં જે અધિભૂત–ક્ષરના કર્તા પોતાના સ્વરૂપથી ક્રીડા કરી રહ્યા છે તે આધિદૈવિક પુરુષોત્તમને હું વંદન કરું છું. (૫૫)

અધા
યથા
ારણે
નારો
ોરાઃ'
: છે.
છે.
ત્તમ
રફથી
સિદ્ધ
વરૂપે
એ
તેઓ
કરી

જે
દૈવિક

૧૩. શુદ્ધાદ્વૈત-વિશેષ વિચાર

અક્ષર નામના નિજધામમાં સદા અનેક લલિત લીલાઓને કરતા ગોપાંગનાઓના પ્રિય પ્રભુ અનુગ્રહ કરનારા થાઓ. (૧)

અધિદેવ, અધ્યાત્મ અને અધિભૂત એવા ભેદથી બ્રહ્મનાં ત્રણ રૂપ છે. એમાં પહેલા અધિદેવ પુરુષોત્તમ છે, અક્ષર અધ્યાત્મ છે અને ક્ષર અધિભૂત છે. (૨) પ્રભુ પૂર્ણ આનંદરૂપ આકારવાળા, બધા આકારોનો અનુભવ કરાવનારા, સત્-ચિત્-આનંદરૂપ, જેમના દેહને અસત્ પદાર્થોનો સ્પર્શ નથી તેવા, અલૌકિક-પોતાથી અભિન્ન-સ્વાભાવિક-જેનાં કાર્ય બીજા કોઈથી ખંડવાયાં નથી તેવી અનંત શક્તિઓ જેમનો આશ્રય કરીને રહેલી છે તેવા, અવિરોધે વિરૂદ્ધ સર્વ ધર્મોના એક આધારરૂપ, અપ્રાકૃત બધા ગુણોવાળા, નિર્ગુણ, અવિકારી, સમર્થ, નિત્ય, પૂર્ણ, અવ્યય, વ્યાપી રહેલા, એકરૂપ, હંમેશાં એકરસ પરબ્રહ્મ પુરુષોત્તમ કૃષ્ણનું વેદ વગેરે પ્રમાણોમાં જ્ઞાન મેળવવાનું છે. (૨-૬)

બીજું સત્-ચિત્-આનંદરૂપ એનું 'અક્ષર' રૂપ છે; એનું જેનો આનંદ ગણી શકાય તેવું રૂપ છે, જ્યારે હરિ પોતે પૂર્ણ આનંદવાળા (અગણિતાનંદ) છે. (૭) 'सैषानन्दस्य मीमांसा भवति (તૈત્તિ. ૨-૮) એ આ આનંદની વિચારણા છે' એ વગેરેથી શ્રુતિમાં બ્રહ્માના આનંદથી 'આનંદ'નો આનંદ સોગણો ગણવામાં આવ્યો છે. (૮) ભગવાનનાં હસ્ત ચરણ મુખ ઉદર વગેરે આનંદમય છે. આ વાત 'आनन्दमयोऽभ्यासात् (બ્ર. સૂ. ૧-૧-૧૧) વારંવાર વર્ણન હોઈ એ પ્રભુ આનંદાકાર છે' એ સૂત્રમાં સબળ રીતે બતાવવામાં આવી છે. (૯) ખેલવાના સ્થાનરૂપ એ અક્ષર બ્રહ્મમાં આવિર્ભાવ અને તિરોભાવ પ્રકારના બધા ભગવદ્ધર્મો પ્રભુની ઈચ્છાએ થયેલા છે. (૧૦) અક્ષર બ્રહ્મ વ્યાપી રહેલું છે, પ્રભુ પોતે પણ વ્યાપી રહેલા છે. બેઉની આ વ્યાપકતા દૂધ અને પાણીના જેવી છે; દૂધ અને પાણી જેમ એક જ લોટામાં વ્યાપીને રહેલાં છે, જેમ શેરડી ને રસ,

ઘી અને દહીં,તલ અને તેલ. વ્યાપી વૈકુંઠ અ-લોક છે, કોઈ વાર ગોલોક પણ અ-લોક છે. (૧૧-૧૨) એ જ અક્ષર બ્રહ્મને પરમ વ્યોમ, પરમ ધામ, પરમ પદ, બૃહત્ અને અવ્યક્ત વગેરે પર્યાયશબ્દોથી કહેવામાં આવે છે. (૧૩) પરમાત્મા, પર બ્રહ્મ એ વગેરે પર્યાય-શબ્દોથી પુરુષોત્તમ કહેવામાં આવે છે વેદ વગેરેમાં એ પ્રભુના સ્વરૂપની સ્પષ્ટતા ખૂબ કરવામાં આવી છે. સ્મૃતિ(ગીતા) માં પણ-(૧૪)

'अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ (ગીતા. ૮-૨૧)

-અવ્યક્તને અક્ષર કહે છે. એને પરમ ગતિ કહે છે; જ્યાં જઈ ને ફરી પાછું ફરવાનું નથી તે એ મોટું પરમ ધામ છે'. (૧૫)

'पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया (ગીતા. ૮-૨૨)

-હે અર્જુન, એ પર પુરુષને માત્ર અનન્ય ભક્તિથી મેળવી શકાય છે'- એ પ્રમાણે પછી પુરુષોત્તમ એકમાત્ર ભક્તિથી જ મેળવી શકાય એ રીતે કહેવામાં આવ્યું છે. (૧૬)

ઈચ્છા પ્રમાણે સ્વરૂપ ધારણ કરનાર એ અક્ષરરૂપ નિજધામમાં બિરાજી પ્રભુ પોતે કોઈથી રોકી ન શકાય તેવી શુદ્ધ નિત્ય લીલાઓનો સ્વીકાર કરે છે. (૧૭) એમાં આગંતુક ધર્મો નથી તેથી એ બધી ય લીલાઓમાં, ધર્મ અને ધર્મીની હંમેશાં અભિન્નતા હોવાને કારણે, શુદ્ધ અદ્વૈતને ક્યાંય પણ બાધ આવતો નથી. (૧૮)

શંકા-વારું, અક્ષર બ્રહ્મ નિત્ય છે અને પુરુષોત્તમ પણ નિત્ય છે, તો પછી ભેદ વાસ્તવ જ રહેવાનો. તમે કહેશો કે 'દ્વૈત નથી', તો અક્ષરમાં ઊણપ શાને ?

સમાધાન-આમ જો કહેતા હો, તો કહેવાનું કે એમ નથી. ત્યાં પ્રભુ

પ્રિય આનંદ અને આનંદવાળા છે; તૈત્તિરીય ઉનિષદમાં એ આનંદાત્માને પક્ષિરૂપ કહેવામાં આવ્યા છે : 'ब्रह्म पुच्छं प्रतिष्ठा (તૈ. ૨-૫)-બ્રહ્મ પુચ્છ છે, પ્રતિષ્ઠા છે'-ત્યાં 'અક્ષર' ને પુચ્છ કહ્યું છે. પૂંછડી કાંઈ પક્ષીથી ભિન્ન નથી; એ પ્રમાણે અક્ષર બ્રહ્મ પુરુષોત્તમથી ભિન્ન નથી. (૧૯-૨૧) બધાં અંગોવાળું પક્ષી સ્વતંત્ર છે અને પૂંછડીથી વધુ છે. પૂંછડી તો એનું એક અંગ હોઈ એટલા પૂરતું ન્યૂન છે; વસ્તુસ્થિતિએ બેઉ વચ્ચે ભેદ નથી. (૨૨) એ પ્રમાણે ઓછા ધર્મવાળું એક અંશરૂપે રહેલું 'અક્ષર' ન્યૂન છે; બધા ધર્મોના આશ્રયરૂપે રહેલા અંશિરૂપ ભગવાન આ અક્ષરથી અધિક છે. (૨૩) અક્ષર બ્રહ્મ ભગવાનના સત્-ચિત્-આનંદ સ્વરૂપે છે. પૂંછડી જેમ પક્ષિરૂપ પદાર્થથી ભિન્ન નથી તેમ એ અક્ષર ભગવાનથી ભિન્ન નથી. (૨૪) આથી જ (શ્રી ભાગવત વગેરેમાં) અક્ષરને ચરણ પણ કહેવામાં આવ્યું છે. તૈત્તિ. ઉપ. માં पुच्छं प्रतिष्ठा એ વાક્યમાં પ્રતિષ્ઠા શબ્દથી 'અક્ષર ઉત્તમ ધામ છે' એમ કહેવામાં આવ્યું છે. (૨૫) પોતાનાથી અભિન્નઃ એક અંશરૂપ, સત્-ચિત્-આનંદના ધામરૂપ અક્ષર બ્રહ્મને વિશે સ્વાયત્ત-સત્તાધારી સર્વધર્મવાળા ભગવાન હમેશાં ક્રીડા કરે છે. (૨૬)

'नमो नमस्तेऽस्त्वृषभाय सात्वतां विदूरकाष्ठाय मुहुः कुयोगिनाम् ।
निरस्तसाम्यातिशयेन राधसा स्वधामनि ब्रह्मणि रंस्यते नमः ॥
(ભાગ. ૨-૪-૧૪)

-યાદવોમાં શ્રેષ્ઠ, વળી કુ-યોગીઓને જેમનું સ્થાન ખૂબ દૂર છે તેવા આપ એ ભગવાનને અમારા નમસ્કાર વારંવાર થાઓ; જેમાં સરખાપણું કે અતિશયતા બેઉ દૂર થયેલાં છે તેવા તેજથી પોતાના ધામરૂપ અક્ષર બ્રહ્મમાં રમણ કરતા આપને નમસ્કાર'. (૨૭)

જ્યારે અક્ષરબ્રહ્મરૂપ સ્વરૂપથી બહાર રહી રમવાની ઈચ્છા થાય ત્યારે ધર્મ-લક્ષણોનો તિરોભાવ કરી ક્ષરસ્વરૂપ જગતનું પ્રભુ સર્જન કરે છે. (૨૮)

શંકા-વારુ, અક્ષર બ્રહ્મ ઉપાદાન-સમવાયી કારણ છે અને પુરુષોત્તમ નિમિત્તકારણ છે તો પછી 'ઉપાદાન અને નિમિત્તકારણ અભિન્ન છે' એ પ્રકારનો વાદ કેવી રીતે હોઈ શકે ? (૩૦)

સમાધાન-આમ જો કહેતા હો, તો સાંભળો-સોનાના મોટા ટુકડામાંથી નાનો ટુકડો જુદો પાડ્યો તેમાંથી કડાં વગેરે બનાવવામાં આવે છે તો પેલો મોટો ટુકડો ઉપાદાન-સમવાયી કારણ નથી શું ? (૩૧) પોતાની અંશરૂપ લાળમાથી કરોળિયો જાળું સરજે છે અને રમતમાત્રમાં પાછું ગળી જાય છે, તો પેલા જાળાનું ઉપાદાન-સમવાયી કારણ કરોળિયો નથી ? મુંડકોપનિષદના પહેલા મુંડકમાં (तदक्षरमधिगम्यते ૧-૫-એ અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ થાય છે એમ) અક્ષર બ્રહ્મની શરૂઆત કરી 'तद्भूतयोनिं परिपश्यन्ति धीराः (૧-૬)-સર્વ ભૂતોની યોનિરૂપ એ અક્ષરબ્રહ્મનાં દર્શન કરે છે' એમ કહેવામાં આવ્યું છે. (૩૨) ત્યાં 'तथाक्षरात् संभवतीह विश्वम् (૧-૭)-એ અક્ષર બ્રહ્મમાંથી વિશ્વ પ્રગટ થાય છે' એમ પણ કહ્યું છે. 'तथाक्षराद्विविधाः सोम्य भावाः प्रजायन्ते तत्र चैवापि यन्ति (૨-૧)-જેમ સારી રીતે સળગી ઊઠેલા અગ્નિમાંથી સમાનરૂપ તણખા નીકળે છે તે પ્રમાણે અક્ષરબ્રહ્મમાંથી બેઉ પ્રકારના ભાવો પ્રગટ થાય છે અને એમાં જ પાછા સમાઈ જાય છે'. (૩૩) -આ પ્રમાણે બીજા મુંડકમાં કહેવામાં આવ્યું છે; તેથી જ સર્વ કાંઈ છે તે પરબ્રહ્માત્મક છે. એથી જ ત્યાં જ 'पुरुष एवेदं विश्वं આ વિશ્વ પુરુષાત્મક જ છે' એમ કહેવામાં આવ્યું છે. (૩૪)

'तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम् ।
विष्णोर्धाम परं साक्षात् पुरुषस्य महात्मनः ॥

-બધાં કારણોના કારણરૂપ એ અક્ષરબ્રહ્મને સાક્ષાત્ મહાત્મા વિષ્ણુ-વ્યાપક પુરુષોત્તમનું ધામ કહે છે'. (૩૫) ત્રીજા સ્કંધના ૧૧ મા અધ્યાયમાં એ અક્ષરબ્રહ્મને જ જગતનું કારણ ને એને આ પ્રભુનું ધામ કહેવામાં આવ્યું છે.

પ્રભુએ પણ (ગીતાજીમાં)-૩૬)

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव, तत्र का परिदेवना ॥

(ગીતા. ૨-૨૮)

अव्यक्ताद् व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥

(ગીતા. ૮-૧૮)

-પંચભૂતો આરંભમાં અવ્યક્ત હતાં. વચ્ચે વ્યક્ત થાય છે, અંતે અવ્યક્તમાં લીન થઈ જાય છે; ત્યા શી ચિંતા ? સૃષ્ટિના આરંભમાં અવ્યક્તમાંથી બધી વ્યક્તિઓ પ્રગટ થાય છે, પ્રલય વખતે એ અવ્યક્તમાં લીન થઈ જાય છે'. (૩૭-૩૮)

આ ક્ષર વિશ્વ એ અક્ષરબ્રહ્મમાંથી આવિર્ભાવ પામ્યું છે. 'ક્ષરણ' એટલે તિરોભાવ. અંતે તિરોભાવ પામે છે માટે વિશ્વ 'ક્ષર' કહેવાય છે. (૩૯) કોઈ પણ સમયે ધામનો તિરોભાવ નથી તેથી જ એ 'અક્ષર' છે. આ ક્ષર અને અક્ષરથી પર પુરુષોત્તમ ગીતાજીમાં કહેવામાં આવ્યા છે. (૪૦)

'द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥
यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥

(ગીતા. ૧૫-૧૬ થી ૧૮)

-આ લોકમાં બે પુરુષ છેઃ એક ક્ષર અને બીજો અક્ષર. બધાં

પંચમહાભૂતાત્મક 'ક્ષર' અને કૂટસ્થ 'અક્ષર' કહેવાય છે. ઉત્તમ પુરુષ તો કોઈ બીજો જ છે, જેને 'પરમાત્મા' કહેવામાં આવે છે. હું 'ક્ષર' ને ઓળંગી ગયેલો છું ને 'અક્ષર'થી ઉત્તમ છું, તેથી જ લોક અને વેદમાં 'પુરુષોત્તમ' એ નામથી જાણીતો છું'. (૪૧-૪૩)

ક્ષર અને અક્ષર એવા એ બે પુરુષોથી ઉત્તમ હોવાને કારણે ક્રમે લોક અને વેદમાં 'પુરુષોત્તમ' કહેવામાં આવે છે. (૪૪)

'न तस्य कालावयवैः परिणामादयो गुणाः ।
अनाद्यनन्तमव्यक्तं नित्यं कारणमव्ययम् ॥

(ભાગ. ૧૨-૪-૧૮)

-કાળના અંગરૂપ થતા પરિણામ વગેરે ગુણો એ પ્રભુને નથી. એ અનાદિ અનંત અવ્યક્ત નિત્ય કારણરૂપ અવ્યય છે. (૪૫)

'न यत्र वाचो न मनो न सत्त्वं तमो रजो वा महदादयोऽमी ।
न प्राणबुद्धीन्द्रियदेवता वा न संनिवेशः खलु लोककल्पः ॥

-જ્યાં વાણી મન સત્ત્વ તમસ્ રજસ્, આ મહત્ વગેરે, પ્રાણ, બુદ્ધિ, ઈંદ્રિયોના દેવો વગેરે લોકોના જેવો ઠઠારો નથી'. (૪૬)

'न स्वप्न जाग्रन्न च तत् सुषुप्तं न खं जलं भूरनिलोऽग्निरर्कः ।
संसुप्तवच्छून्यवदप्रतर्क्यं तन्मूलभूतं पदमामनन्ति ॥

-એ સ્વપ્ન નથી, જાગતું નથી, સુષુપ્ત નથી, આકાશ નથી, કે પાણી જમીન પવન અગ્નિ કે સૂર્ય નથી. સંસુપ્ત હોય તેવું, શૂન્ય જેવું, તર્કમાં ન આવે તેવું, મૂળભૂત એ પદ હોવાનું શાસ્ત્રો કહે છે.' (૪૭)

આ પ્રમાણે શ્રી ભાગવતના બારમા સ્કંધમાં 'અક્ષર બ્રહ્મ' નું વર્ણન કરવામાં આવ્યું છે. એ જ પરમ ધામને ગીતાજીમાં ખૂબ કહેવામાં આવ્યું છે: (૪૮)

'यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥

(ગીતા. ૮-૧૧)

-વેદવેત્તાઓ જેને 'અક્ષર' કહે છે, જેમાં રાગ રહિત યતિઓ પ્રવેશ કરે છે, જેની ઈચ્છા કરતા બ્રહ્મચર્યનું આચરણ કરે છે, તે પદ હું તને સંક્ષેપમાં કહીશ'. (૪૯)

એ વગેરે વાક્યથી ભગવાને ૐકારરૂપ નિજસ્થાન કહ્યું છે. જે 'અક્ષર બ્રહ્મ' છે' તેને ય વિશે કઠોપનિષદ (૧-૨-૧૫) માં કહેવામાં આવ્યું છે : (૫૦)

'सर्वे वेदा यत् पदमामनन्ति तपांसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ॥

-બધા વેદ જે પદ વિશે કહે છે, બધાં તપ પણ જે વિશે કહે છે, જેની ઈચ્છા કરતા બ્રહ્મચર્યનું આચરણ કરે છે, તે પદ હું તને ટૂંકમાં કહું છું-એ ૐકાર છે.' (૫૧)

एतद्ध्येवाक्षरं ब्रह्म एतदेवाक्षरं परम् ।
एतद्ध्येवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ॥
एतदालम्बनं श्रेष्ठमेतदालम्बनं परम् ।
एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ॥

-આ ૐકાર જ અક્ષર બ્રહ્મ છે, એ અક્ષર જ પર વસ્તુ છે, આ જ અક્ષરનું જ્ઞાન પામીને જેની ઈચ્છા કરે તે એને મળી જાય છે, આ જ શ્રેષ્ઠ આધાર છે, આ જ પરમ આધાર છે. આ આધારને જાણીને બ્રહ્મલોકમાં મહત્તા પ્રાપ્ત કરાય છે, (કઠ. ૧-૨-૧૬, ૧૭) આ પ્રમાણે કઠની બીજી વલ્લીમાં કહ્યું છે; ત્રીજી વલ્લીમાં પણ 'यः सेतुरीजानानामक्षरं ब्रह्म यत् परम् (૧-૩-૨)

-જે યજ્ઞ કરનારાઓના પુલરૂપ પર એવું અક્ષર બ્રહ્મ છે'. (૫૨-૫૪)

આ પ્રમાણે 'અક્ષર બ્રહ્મ'નું નિરૂપણ કરીને આની પ્રાપ્તિ અને અપ્રાપ્તિનું કારણ કહેતાં 'सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पदम् (૧-૩-૯) વિજ્ઞાન જેનો સારથિ છે, મન જેની લગામ છે તેવો પુરુષ માર્ગને પાર કરી જાય છે. એ વિષ્ણુનું પરમ પદ-ધામ છે.' (૫૫) એ કહીને પછી એનાથી ઉત્તમ પુરુષ વિશે કહેવામાં આવ્યું છે: (૧-૩-૧૧)

'महतः परमव्यक्तमव्यक्तात् पुरुषः परः ।
पुरुषान्न परं किंचित् सा काष्ठा सा परा गतिः ॥

-મહત્ તત્ત્વથી અવ્યક્ત પર છે, અવ્યક્તથી પુરુષ પર છે. પુરુષની પર કાંઈ નથી. એ છેલ્લી કોટિ છે, એ પરમ ગતિ છે'. આ પ્રમાણે ઉપનિષદોમાં ગાવામાં આવેલા દેવનું ગીતાજીમાં ખૂબ વર્ણન કરવામાં આવ્યું છે. (૫૬-૫૭) મુંડકોપનિષદમાં પણ 'અક્ષર' વિશે કહી એનાથી પુરુષોત્તમ પર છે એમ કહ્યું છે. (૫૮)

'पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।

-હે અર્જુન, એ પરમ પુરુષને અનન્ય ભક્તિથી મેળવી શકાય છે'. (ગીતાજી)

'दिव्यो ह्यमूर्तः पुरुषः स बाह्याभ्यन्तरो ह्यजः ।
अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात्परतः परः ।

-એ દિવ્ય મૂર્તિવિહીન પુરુષ, જેને બહાર છે-અંદર છે તેવો, અજન્મા, અપ્રાણ, મનરહિત, ઉજ્જવલ એવો એ અક્ષર બ્રહ્મથી પણ ક્યાંય પર છે'. (મુંડક. ૨-૨)

આ પ્રમાણે બહુ સ્પષ્ટતાથી ત્યાં પર બ્રહ્મ અને અક્ષર બ્રહ્મ વિશે સ્પષ્ટ કહેવામાં આવ્યું છે. ઈચ્છાથી થયેલા ભેદને લઈ એ એકનું જ શુદ્ધ અદ્વૈત ત્યાં બતાવવામાં આવ્યું છે. (૫૯-૬૦) કઠ-મુંડક-માંડૂક્ય-બૃહદારણ્યક-

છાંદોગ્ય-કૌષીતકિ-ઈશાવાસ્ય-તૈત્તિરીય વગેરે ઉપનિષદોમાં કાર્ય વગેરેના તરતમ ભાવને લઈ પર બ્રહ્મ અને અક્ષર બ્રહ્મનો વિવેક સ્પષ્ટ કરવામાં આવ્યો છે, જેના વિશે તૈત્તિરીય ઉપનિષદમાં ચોખ્ખું છે. નારાયણોપનિષદમાં- (૬૧-૬૨)

'स ब्रह्मा स शिवः स हरिः सेन्द्रः सोऽक्षरः परमः स्वराट् (૧૩-૨૭)-એ બ્રહ્મા, એ શિવ, એ હરિ, એ ઈંદ્ર, એ 'અક્ષર બ્રહ્મ' એ પરમ સ્વરાટ્ છે. (ગીતામાં વળી)

'परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।
पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥
आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा......
त्वमक्षरं परमं वेदितव्यं त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता सनातनस्त्वं पुरुषो मतो मे ॥

-પર બ્રહ્મ, પરમ ધામરૂપ, પરમ પવિત્ર આપ છો. આપ પુરુષને બધા ઋષિઓ, દેવર્ષિ નારદ......સૌ સનાતન દિવ્ય આદિદેવ અજન્મા અને વિભુ કહે છે. અક્ષરરૂપ એવા આપનું જ્ઞાન મેળવવાનું છે. આપ આ વિશ્વના પરમ સ્થાનરૂપ છો, આપ અવ્યય છો, સનાતન ધર્મના રક્ષક છો, આપને હું સનાતન પુરુષ માનું છું'. (૬૩-૬૪) તેમ-''त्वमक्षरं सदसत् तत्परं यत् (ગીતા)-સત્ અને અસત્ અક્ષર આપ છો, એનાથી પર તે આપ છો'. આ પ્રમાણે વેદવાક્યોએ જે અભેદ કહ્યો છે તે શુદ્ધ અભેદ હોવાનું ભગવાન કૃષ્ણે કહ્યું છે. એ પ્રભુ અક્ષર સંજ્ઞાને પામ્યા ત્યાં એક અંશરૂપે એ રહેલા એમ નિશ્ચિત કરવામાં આવ્યું છે. (૬૫) તેથી 'एकोऽहं-હું એક હતો' એ વગેરેને કશો બાધ નડતો નથી. તિરોભાવ દશાને કારણે પૂર્વે બહુપણું ઈષ્ટ હતું નહિ (૬૬)

ત્રણ રૂપોમાં આધિદૈવિક રૂપ તે સદાનંદ પરમ પુરુષ છે, અધ્યાત્મ રૂપ

તે 'અક્ષર બ્રહ્મ', અને આધિભૌતિક રૂપ તે જગત છે. (૬૭) આ ત્રણ રૂપોની સ્પષ્ટતા કરવા શ્રીમહાપ્રભુજીએ 'સિદ્ધાંતમુક્તાવલી' માં ગંગાજીનું દૃષ્ટાંત આપ્યું છે. (૬૮) પહેલું સામાન્ય પાણી, બીજું તીર્થરૂપ, અને ત્રીજું દેવીરૂપ-આ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એ રીતે અનુક્રમે છે. (૬૯) વરસાદ અને તડકામાં જેમાં અનુક્રમે વધારો અને ઘટાડો થાય છે અને બધા વ્યવહારોમાં ઉપયોગમાં લેવામાં આવે છે તેને ભૌતિક પાણી કહ્યું છે. જે સ્નાન સ્પર્શ વગેરે કાર્યોમાં રહેલું છે તે માહાત્મ્યવાળું દેવીના વિહારના સ્થાનરૂપે છે. યાત્રિક લોકો ફલની ઈચ્છાએ દેવીથી અભેદ બુદ્ધિએ મર્યાદામાર્ગની વિધિથી જેનું પૂજન કરે છે અને જે એમને ભોગ અને મોક્ષ દેનારું છે, તે તીર્થાત્મક રૂપ છે, એમાં જે દેવી સાક્ષાત્ રહેલી છે તે મૂર્તિમાન આધિદૈવિક છે. (૭૦-૭૩)

'सितमकरनिषण्णां शुभ्रवर्णां त्रिनेत्रां
कलशजलजहस्तां मौक्तिकैर्भूषिताङ्गीम् ।
अभयवरदपाणिं सेन्दुकोटीरजूटां
वसितसितदुकूलां जाह्नवीं तां नमामि ॥

-ધોળા મગર ઉપર બેઠેલાં, ઉજ્જવલ વર્ણવાળાં, ત્રણ નેત્રવાળાં, જેમના હસ્તમાં કળશ અને શંખ છે તેવાં, મોતીઓથી જેમનાં અંગ શણગારવામાં આવેલાં છે તેવાં, જેમનો હસ્ત અભય અને વરદાન આપી રહ્યો છે. મસ્તક ઉપર ચંદ્ર સહિતનો અંબોડો છે અને જેમણે સફેદ વસ્ત્ર ધારણ કર્યું છે તેવાં ગંગાજીને હું નમન કરું છું'. (૭૪)

'शरच्चन्द्रश्वेतां शशिशकलश्वेतालमुकुटां
करैः कुम्भाम्भोजे वरभयनिरासौ च दधतीम्।
सुधाधाराकाराभरणवसनां शुभ्रमकर-
स्थितां त्वां ये ध्यायन्त्युदयति न तेषां परिभवः ॥

-શરદ ઋતુના ચંદ્ર જેવાં ઊજળાં, ચંદ્રની રેખાના જેવા સફેદ મુકુટવાળાં, હસ્તોથી કુંભ અને કમળ તથા વરદાન અને અભયમુદ્રા ધારણ કરતાં, અમૃતની ધારાના જેવાં ઊજળાં અલંકાર અને વસ્ત્રવાળાં, ધોળા મગર ઉપર બેઠેલાં એવાં આપ ગંગાજીનું જે ધ્યાન કરે છે તેઓની ક્યાંય હાર થતી નથી.' (૭૫)

આ વગેરે શ્લોકોમાં કહ્યા પ્રમાણેના સ્વરૂપવાળી દેવીનાં ભક્તિને લઈ ક્યાંક દર્શન થાય છે, એ સર્વ કોઈને સુલભ નથી. જે કાંઈ ફળ તે તો તીર્થરૂપથી છે. (૭૬)

આવિર્ભાવ અને તિરોભાવ પામનારો, શોક મોહ વગેરેને વિશે છ ભાવવાળો જે પ્રપંચ=જગતરૂપમાં છે તે આધિભૌતિક રૂપ છે. (૭૭) મોક્ષની ઈચ્છાએ સકામ ભક્તોએ જેનું માહાત્મ્ય ખૂબ ગાયું છે, જેની સેવા કરવાથી ફળ આપનાર થાય છે તે ધામરૂપ અક્ષર બ્રહ્મ આધ્યાત્મિક રૂપ છે. (૭૮) આનંદાકાર પુરુષોત્તમ આધિદૈવિક છે અને એમને માત્ર ભક્તિથી જ મેળવી શકાય છે. ભોગ અને મોક્ષ અક્ષર બ્રહ્મ પાસેથી મળે છે. (૭૯) શ્રદ્ધાવાળો માણસ જળરૂપ તીર્થનાં દર્શન કરતો કલ્યાણ પામે છે, તે પ્રમાણે અક્ષરરૂપ વિશ્વનાં દર્શન કરતો જ્ઞાની મોક્ષ પામે છે. (૮૦)

'परं पदं वैष्णवमामनन्ति तद्यन्नेति नेतीत्यतदुत्सिसृक्षवः ।
विसृज्य दौरात्म्यमनन्यसौहृदा हृदोपगुह्यावसितं समाहितैः ॥

-બીજી વસ્તુને ફેંકી દેવાની ઈચ્છાવાળા અને અનન્ય પ્રેમવાળા મહર્ષિઓ દુરાત્મતાનો ત્યાગ કરી, સમાધિવાળા પુરુષોએ આત્મરૂપે સ્વીકારેલા પદને હૃદયથી ભેટી રહી 'न इति' 'न इति' એ પ્રમાણે જે પદના વિષયમાં કહે છે'. એ પ્રમાણે ભાગવતમાં, અને 'વિષ્ણુપુરાણ' ના પ્રથમ અંશમાં अक्षरात्मकमेतद्धि-આ અક્ષરાત્મક છે' એમ કહેલું છે અને બીજે પણ સ્પષ્ટ છે.

(૮૧-૮૨) આ પ્રમાણે અધિભૂત વગેરે ભાવ વિશે ગીતાજીમાં કહ્યું છે:

'अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ।
अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ॥

-'અક્ષર'ને પરમ બ્રહ્મ, સ્વભાવને અધ્યાત્મ, પંચ મહાભૂતોનો ઉદ્ભવ કરનાર વિસર્ગને કર્મ, ક્ષર ભાવને અધિભૂત અને પુરુષને અધિદૈવત કહે છે. (૮૩-૮૪)

જેણે પોતે નિર્ગુણ છતાં, નિર્ગુણનું ધામ છતાં આ સગુણ જગતનો આવિર્ભાવ કર્યો, અક્ષર બ્રહ્મની સાથે જીવની એકાત્મતા કરાવવાથી નિર્ગુણ કરતા તે વરણથી-પોતે બીજાને પસંદ કરે એ ક્રિયાથી મેળવવા સહેલા પ્રભુ વિજય પામે છે. (૮૫)

૧૪. પ્રકૃતિ-પુરુષ અને ભગવદ્ધામનું નિરૂપણ

જે પ્રકૃતિ અને પુરુષને સરજી સગુણ જગતનું નિર્માણ કરે છે તે, જ્ઞાનથી મેળવી શકાય તેવા અને ભક્તિથી સુલભ પ્રભુને નમસ્કાર. (૧)

સત્ત્વ રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોથી જગત વ્યાપેલું છે. અને જીવો પણ એ રીતે ત્રણ પ્રકારના અને એઓના નિયામક દેવો પણ ત્રણ પ્રકારના છે. (૨)

શંકા-વારુ, પરબ્રહ્મ પોતે નિર્ગુણ હોય અને ધામરૂપ અક્ષર બ્રહ્મ પણ નિર્ગુણ હોય, તો પછી બ્રહ્મથી અભિન્ન અને બ્રહ્મના કાર્યરૂપ પ્રપંચ (જગત) સગુણ કેવી રીતે ? (૩)

સમાધાન-ત્યાં કહેવાનું કે ગુણો માયાના કાર્યરૂપ છે. એ માયા વ્યામોહ કરનારી છે. એ માયા પોતાના કરેલા એ ગુણોથી જીવોની એવી વૃત્તિઓ કરે છે. (૪) એ ગુણો માયાના કાર્ય-રૂપ હોવાથી પ્રલયને સમયે માયામાં લય પામે છે. માયાનું કાર્ય શાંત અને અવિરત ચાલુ હોઈને એ બ્રહ્મને વિશે સૂતેલાની જેમ રહે છે. (૫) જ્યારે પ્રભુ સૃષ્ટિ કરવાની ઈચ્છા કરે છે ત્યારે અક્ષર બ્રહ્મમાંથી ચિદ્-રૂપ 'પુરુષ'નો અને અચિદ્-રૂપ જડ 'પ્રકૃતિ'નો આવિર્ભાવ કરે છે. (૬) (શ્રી ભાગવતમાં-)

'आसीज्ज्ञानमथो ह्यर्थ एकमेवाविकल्पितम् ।
यदा विवेकनिपुणा आदौ कृतयुगेऽयुगे ।
तन्मायाफलरूपेण केवलं निर्विकल्पितम् ।
वाङ्मनोगोचरातीतं द्विधा समभवद् बृहत् ।
तयोरेकतरो ह्यर्थः प्रकृतिः सोभयात्मिका ।
ज्ञानं त्वन्यतमो भावः पुरुषः सोऽभिधीयते ॥

-આરંભમાં યુગોની પણ પહેલાં અને જ્યારે વિવેકમાં નિપુણ એવા

જનો થયા ત્યારે પણ નામ રૂપ વગેરે વિકલ્પ વિનાનું એક જ માત્ર અક્ષરરૂપ જ્ઞાન હતું અને એવો જ અર્થ હતો. એ જ અક્ષર-જ્ઞાન વાણી અને મનથી અતીત અને વિકલ્પ-રહિત હતું છતાં પણ માયાના કાર્ય-રૂપ અને પુરુષ-રૂપે કેવળ બે પ્રકારનું થઈ રહ્યું. એમાંનો એક અર્થ તે પ્રકૃતિ કાર્ય-કારણમય કહેવાય છે; જ્ઞાન એ બીજો ભાવ-તે પુરુષ કહેવાય છે'. (૭-૯) શ્રી ભાગવતમાં એ જ વાત ભગવાને જાતે કહી છે. પ્રકૃતિમાં ચિત્ અને આનંદ તિરોહિત થયેલા છે ને સત્-અંશ માત્ર છે, તેથી એ જડ છે. (૧૦) 'सत्त्वं रजस्तम इति प्रकृतेर्नात्मनो गुणाः (ગીતા)-સત્ત્વં રજસ્ અને તમસ્ એ પ્રકૃતિના ગુણ છે, આત્માના નહિ'. 'प्रकृतिर्गुणसाम्यं स्यात्-પ્રકૃતિ એ ગુણોની સામ્યાવસ્થા છે'-આ પ્રમાણે શ્રી ભાગવતમાં પણ કહ્યું છે, તે પ્રમાણે સમગ્ર સમાન એ ત્રણે ગુણોની કોઈપણ જાતની અડચણ વિનાની એકતારૂપ અને પ્રભુની શક્તિ માયાના સ્વરૂપવાળી જડ પ્રકૃતિ કહી છે. (૧૧-૧૨)

'प्रकृतिर्ह्यस्योपादानमाधारः पुरुषः परः ।
सतोऽभिव्यञ्जकः कालो ब्रह्म तत्त्रितयं त्वहम् ॥

-પ્રકૃતિ આ જગતનું ઉપાદાન છે, પર પુરુષ આધાર છે; એ સત્‌ને સ્પષ્ટ કરનારો કાળ છે. આ ત્રણે રૂપ બ્રહ્મ તે હું છું'. (૧૩) પ્રકૃતિ દ્વારા આવિર્ભૂત કરેલાં પંચમહાભૂતો વગેરેવાળું જગત સગુણ છે. એમાંથી મહત્ તત્ત્વ, એમાંથી અહંકાર-એ પ્રમાણે સાંખ્ય સિદ્ધાંતમાં ક્રમ બતાવવામાં આવ્યો છે. (૧૪) પ્રકૃતિએ નિર્માણ કરેલું હોઈને એ પ્રાકૃત હોવાથી અને ગુણોનું અનુસરણ હોવાથી, વળી એમાં બીજાં ધર્મલક્ષણોનો તિરોભાવ હોવાથી જડ જગત બ્રહ્મ ન હોય એવું દેખાય છે. (૧૫) એ પ્રકૃતિ પણ અંશ હોવાને કારણે 'तत्तु समन्वयात् (બ્ર. સૂ. ૧-૧-૩)-એ જગત બ્રહ્મ છે, કેમકે બ્રહ્મ જગતમાં ઓતપ્રોત ઉપાદાન-રૂપે રહેલું છે' એ સૂત્રથી પ્રકૃતિમૂલક જડ જગતમાં સદ્-

અંશથી બ્રહ્મનો સમન્વય-ઉપાદાનપણું કહે છે. (૧૬) જીવો તો નિર્ગુણ અને પ્રભુના અંશરૂપ છે તે સૃષ્ટિના આરંભમાં પ્રકૃતિના ગુણોથી ઘેરાયેલા છે. નારદ-પંચરાત્રમાં આ વાત સ્પષ્ટ કરવામાં આવી છે: (૧૭)

'त्रिविधा जीवसंघास्तु देवमानुषदानवाः ।
तत्र देवा मुक्तियोग्या मानवेषूत्तमा अपि ॥
मध्यमा मानुषा ये तु सृतियोग्याः सदैव हि ।
अधमा निरयायैव दानवास्तु तमोलयाः ॥

-જીવના સમૂહ દેવ માનુષ અને દાનવ એ ત્રણ પ્રકારના છે. એમાં દેવો, અને માનવોમાં ઉત્તમ મનુષ્યો મુક્તિને યોગ્ય છે; મધ્યમ પ્રકારના માનવો હંમેશાં જન્મમરણના ફેરા કરે છે; અધમ માનવો નરક પામે છે; દાનવો છે તેઓ અંધતમમાં જઈ રહે છે'. (૧૮-૧૯) વેદમાં પણ 'त्रयः प्राजापत्याः-ત્રણ પ્રજાપત્ય' એ રીતે ત્રણ પ્રકાર કહેવામાં આવ્યા છે. એનાં અંતઃકરણો વગેરે એવા ત્રણ પ્રકારનાં હોય છે. (૨૦) સ્વભાવને અનુરૂપ એવાં કર્મ જીવો કરે છે, ફળ પણ એવાંજ ઈચ્છે છે, એ પામીને એને વિશે સુખ પામે છે. (૨૧) સત્ત્વ વગેરે ઉપાધિનો સ્વીકાર કરી સ્થિતિ પાલન અને સંહાર કરવા-તે તેનું નિયમન કરવા અનુક્રમે વિષ્ણુ બ્રહ્મા અને શિવ જુદા જુદા થયા. (૨૨)

'सत्त्वं रजस्तम इति प्रकृतेर्गुणास्तर्युक्त परः पुरुष एक इहास्य धत्ते ।
स्थित्यादये हरिविरञ्चिहरेति संज्ञाः श्रेयांसि तत्र खलु सत्त्वतनोर्नृणां स्युः ॥

-સત્વ રજસ્ અને તમસ્ એ પ્રકૃતિના ગુણ છે. એનાથી યુક્ત થઈ એક જ પર પુરુષ જગતની સ્થિતિ વગેરેને માટે હરિ બ્રહ્મા અને હર એવી સંજ્ઞા ધારણ કરે છે. એમાંથી કલ્યાણ તો સત્ત્વદેહવાળા હરિથી જ માણસોને થાય છે'. (૨૩) નારાયણ પુરુષ ચિત્-શક્તિ છે. એમનામાંથી બ્રહ્મા પ્રગટ થયા. પુરાણો વગેરેમાં બ્રહ્મા વગેરે દ્વારા સૃષ્ટિ થયાનું અત્યંત સ્પષ્ટ છે: (૨૪)

'जगृहे पौरुषं रूपं भगवान् महदादिभिः ।
संभूतं षोडशकलमादौ लोकसिसृक्षया ॥
यस्याम्भसि शयानस्य योगनिद्रां वितन्वतः ।
ताभिह्रदाम्बुजादासीद् ब्रह्मा विश्वसृजां पतिः ॥

(ભાગ. ૧-૩-૧, ૨)

-ભગવાને મહત્ વગેરેથી ઉત્પન્ન થયેલું સોળ કળાવાળું પુરુષરૂપ લોક સરજવાની ઈચ્છાથી ધારણ કર્યું, જલમાં પોઢેલા અને યોગનિદ્રાને વિસ્તારી રહેલા જે પ્રભુના નાભિરૂપી ધરાના કમળમાંથી વિશ્વ સરજનારાઓના સ્વામી બ્રહ્મા પ્રગટ થયા.' (૨૫-૨૬) પ્રલય સમયે ગુણો પ્રકૃતિમાં લય પામી શૂન્યની જેમ થઈ રહે છે, પ્રકૃતિ અને પુરુષ અક્ષરબ્રહ્મમાં લય પામે છે, એમ સ્મૃતિ કહે છે: (૨૭) 'प्रकृतिः पुरुषश्चोभौ लीयेते परमात्मनि-પ્રકૃતિ અને પુરુષ બેઉ પરમાત્મામાં લય પામે છે. 'कदाचित् पुरुषद्वारा -કોઈ વાર પુરુષ દ્વારા સૃષ્ટિ થાય છે'. એ વાક્યમાં જે સૃષ્ટિ કહી છે તે આ. (૨૮)

શંકા-વારુ, જેમાં ગુણો લય પામ્યા છે તે પ્રકૃતિ જો અક્ષર બ્રહ્મમાં લય પામે તો પછી એ ધામ પણ સગુણ બની જાય એનું શું ?

સમાધાન-એમ કહેતા હો તો એ બરોબર નથી. (૨૯) જગતની સગુણતારૂપે ગુણનો બંધ અનુભવવામાં આવે છે. માયા જેને વશ છે તેવા એ અક્ષરને પોતાની શક્તિમાંથી ઉત્પન્ન થયેલા ગુણોથી બંધનો ગંધ સુધ્ધાં નથી. (૩૦)

'बद्धो मुक्त इति व्याख्या गुणतो मे न वस्तुतः ।
गुणस्य मायामूलत्वान्न मे मोक्षो न बन्धनम् ॥

(ભાગ. ૧૧-)

-મને 'બદ્ધ અને મુક્ત' એવી કહેણી ગુણથી છે; વસ્તુસ્થિતિએ નથી.

ગુણનું મૂળ તો માયા છે, તેથી મને નથી મોક્ષ, નથી બંધ' (૩૧) સદંશમાં સદ્રૂપ જડનો લય થવાથી સૃષ્ટિ સમયે જ એ પ્રાકૃત ગુણો ઉત્પન્ન થાય છે. જો એ ઉદ્ભત થયેલા રૂપવાળી ન હોય તો સૃષ્ટિનાં કાર્ય પણ ક્યાંથી થાય ? (૩૨) વળી લિંગશરીરવાળા વિશેષ મૂઢ જીવોને વિશે ક્રીડાને માટે તે તે વૃત્તિરૂપે એ ગુણો અત્યારે જ ઉત્પન્ન થાય છે. (૩૩) જ્ઞાનસઘન પરબ્રહ્મને વિશે અનેક પ્રકારની વૃત્તિઓ બંધ બેસતી નથી. ગુણોને વૃત્તિઓ હોવાનું સાંખ્યો કહે છે. (૩૪)

प्रीत्यप्रीतिविषादात्मकाः प्रकाशप्रवृत्तिनियमार्थाः ।
अन्योन्याभिभवाश्रयजननमिथुनवृत्तयश्च गुणाः ॥
सत्त्वं लघु प्रकाशकमिष्टमुपष्टम्भकं चलं च रजः ।
गुरुवरणकमेव तमः प्रदीपवच्चार्थतो वृत्तिः ॥
(સાંખ્યકારિકા)

-ગુણો પ્રીતિ અપ્રીતિ અને વિષાદરૂપ, પ્રકાશની પ્રવૃત્તિને નિયમમાં લાવનારા, અને પરસ્પરના હુમલાનો આશ્રય કરી રહેલાં જન્મ અને જોડકાંની વૃત્તિવાળા છે સત્ત્વગુણ નાજુક પ્રકાશક અને ઈષ્ટ છે, રજોગુણ રોધક અને ચલ છે, જ્યારે તમોગુણ વિસ્તૃત આચ્છાદન કરનારો છે; વૃત્તિ અર્થથી દીવા જેવી છે'. (૩૫-૩૬) તેથી કરીને ભગવાન પુરુષોત્તમના મહિમાનો વિચાર પણ થઈ શકે એમ નથી. પરસ્પર વિરુદ્ધ પ્રકારનાં ધર્મ-લક્ષણોના આધારરૂપ એ અલૌકિક પ્રભુમાં સર્વ કાંઈ બરોબર જ છે. (૩૭)

'स एवेदं ससर्जाग्रे भगवानात्ममायया ।
सदसद्रूपया चासौ गुणमय्याऽगुणो विभुः ॥
तया विलसितेष्वेषु गुणेषु गुणवानिव ।
अन्तः प्रविष्ट आभाति विज्ञानेन विजृम्भितः ॥

यथा ह्यवहितो वह्निर्दारुष्वेकः स्वयोनिषु ।
नानेव भाति विश्वात्मा भूतेषु च तथा पुमान् ॥
असौ गुणमयैर्भावैर्भूतसूक्ष्मेन्द्रियात्मभिः ।
स्वनिर्मितेषु निर्विष्टो भुङ्क्ते भूतेषु तद्गुणान् ॥
भावयत्येष सत्त्वेन लोकान् वै लोकभावनः ।
लीलावतारानुरतो देवतिर्यङ्नरादिषु ॥

(ભાગ. ૧-૨-૩૦ થી ૩૪)

-આ પ્રમાણે પોતાની સદ્-અસદ્રૂપ ગુણમય માયાથી આ જગતનો આરંભમાં નિર્ગુણ ભગવાને આવિર્ભાવ કર્યો. એ પ્રમાણે એ ગુણો વિકસવા લાગ્યા ત્યારે વિજ્ઞાનથી વિકસેલા એ ભગવાન ગુણવાળા હોય તેની જેમ અંદર પ્રવેશ કરીને દેખાય છે. જે પ્રમાણે પોતાનાં માતાસ્થાને રહેલાં લાકડાંમાં રહેલો એક અગ્નિ અનેક હોય એ રીતનો દેખાય છે, તે પ્રમાણે વિશ્વાત્મા આ પુરુષ પંચમહાભૂતોમાં દેખાય છે. પ્રાણીઓની સૂક્ષ્મ ઈંદ્રિયોરૂપ ગુણમય ભાવોથી એ પુરુષ પોતાનાં બનાવેલાં પ્રાણીઓમાં પ્રવેશ કરી રહીને એ પ્રાણીઓના ગુણોનો ભોગ કરે છે. લોકને પ્રગટ કરનાર એ, દેવ પશુ-પંખી મનુષ્ય વગેરેમાં લીલા માટેના અવતારોમાં આનંદ લેતા ભગવાન સત્ત્વગુણથી લોકોને પ્રગટ કરે છે'. (૩૮-૪૨) આ પ્રમાણે નિરૂપાયેલું સર્વ કાંઈ શ્રીમદ્ ભાગવત્ વગેરેમાં કહેવાયું છે. શ્રુતિવાક્યોમાં પ્રસિદ્ધ થયેલું એ શુદ્ધ ઉજ્જવલ અદ્વૈત એમ સિદ્ધ થયેલું છે. (૪૩) પરસ્પર કોઈ પણ પ્રકારના વિરોધ વિના વિચારવામાં આવેલાં ચારે પ્રમાણો (વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને ભાગવત) માં શ્રીમહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતથી અક્ષર માત્ર પણ કાંઈ જુદું નથી. (૪૪) સર્વ પ્રમાણોના પણ જે વિષય નથી, સર્વશક્તિવાળા, પૂર્ણાનંદ રસાત્મા એ પ્રભુ અધ્યાત્મ ધામરૂપ અક્ષર બ્રહ્મને વિશે ક્રીડા કરી રહ્યા છે. (૪૫) ત્યાં જેવું ધામ

છે, જેવી ક્રીડા છે, જેવા પ્રભુ છે, લીલા માટે જેવાં અનેકરૂપ છે તે પ્રમાણે સર્વ કાંઈ છે. (૪૬) (અહીં શ્લો. ૪૭ થી ૭૭ સુધીમાં બૃહદ્વામનપુરાણ'ના ઉત્તર ખિલ્યમાંથી બ્રહ્મા અને ભૃગુના સંવાદરૂપે આપવામાં આવેલું-ભગવાન પાસે વેદોએ પ્રભુના આનંદમાત્ર સ્વરૂપના દર્શન કરવાનું માગ્યું ત્યારે પ્રભુએ પોતાના લોકનાં દર્શન કરાવ્યાં કે ત્યાં આદિ વૃંદાવન, ગોવર્ધનગિરિ, કાલિંદીજી નદી વગેરે છે, એનાં દર્શન કરી શ્રુતિઓને પ્રભુની લીલાઓમાં સ્ત્રીભાવે ભાગી થવાની ભાવના થઈ, જેને પ્રભુએ સારસ્વતકલ્પમાં પૂર્ણ કરવાનું વચન આપ્યું-ને એ કલ્પમાં ગોપાંગનાઓના રૂપમાં પ્રગટેલી શ્રુતિઓને તેમજ ગોપોને પ્રભુએ પોતાની લીલાનો સાક્ષાત્ અનુભવ કરાવ્યો-એ વર્ણન ઉતારવામાં આવ્યું છે.) આ પ્રમાણે બૃહદ્વામન પુરાણના ઉત્તર ખિલ્યમાં કહેલું વર્ણન શ્રી વિઠ્ઠલનાથજી ગુસાંઈજીએ 'વિદ્વન્મંડન'માં નિર્ણય સાથે સંગૃહીત કરેલું છે. (૭૮) ઋગ્વેદ વગેરેનાં ઉપનિષદોમાં જુદાં જુદાં નામોથી પ્રભુના એ ધામનું વર્ણન જોવા મળે છે-તે ભગવદ્રૂપ હોઈ અભેદપૂર્વક કહેવામાં આવ્યું છે. (૭૮) 'અણુભાષ્ય'માં શ્રીમહાપ્રભુજીએ તેમજ 'નિત્યલીલાવાદ'માં શ્રી ગુસાંઈજીએ અને વિદ્વાનોએ બીજા બીજા ગ્રંથોમાં બતાવ્યું છે તે જોઈ લેવું. (૭૯)

तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः
दिवीव चक्षुराततम् ॥ (ઋ. ૧-૨૨-૨૦)

-આકાશમાં વિસ્તૃત આંખની જેમ વિદ્વાનો ભગવાન વિષ્ણુના એ પરમ ધામનાં સદા દર્શન કરે છે.' એ રીતે ઋગ્વેદથી નિરૂપવામાં આવેલા-પોતાનાથી અભિન્ન ધામમાં સર્વરૂપ સર્વલીલાવાળા અખંડ અને પૂર્ણ જ પ્રભુ પોતાના આત્મારૂપ નિજ ભક્તોની સાથે સદા રમણ કરી રહ્યા છે. માત્ર ભક્તિથી જ પામી શકાય તેવા પરાત્પર ભગવાનનું બીજી કોઈ રીતે દર્શન થતું નથી. (૮૧-૮૨) માટે પરમ આનંદની સિદ્ધિ થવા, સેવાને માટે જેમનું નિર્માણ

થયું છે તેવા જીવોએ સ્વાભાવિક કૃપાશક્તિવાળા ભગવાનની સેવા કરવી. (૮૩) પ્રભુએ સેવા માટે જ દૈવી ચેતન જીવોને પ્રગટ કર્યા છે, 'दासभूतो हरेरेव-પ્રભુનો જ દાસરૂપ જીવ છે' એ રીતે પદ્મપુરાણમાં જીવનું લક્ષણ છે-તેથી પોતાના અંશરૂપ અને મોક્ષમાં પણ અક્ષરબ્રહ્મરૂપ જીવોને પ્રભુએ પ્રગટ કર્યા છે, માટે પણ પ્રભુનું ભજન જ યોગ્ય છે : 'यो यदंशः स तं भजेत् (બૃહદ્વામન)-જે જેનો અંશ હોય તે તેને ભજે.' (૮૪-૮૫)

તનુજા (તનની) અને વિત્તજા (ધનની) સેવાથી સિદ્ધ કરેલા આશ્રયથી પ્રાપ્ત થયેલી પરા માનસી ભક્તિથી, સર્વત્ર એક બ્રહ્મ જ છે એવી ભાવના સાધી, સંસારને ભેદી નાખી, શક્તિઓના સમૂહો સાથે ક્રીડા કરતા પ્રભુની ફરી ફરી સેવા કરો. (૮૬)

૧૫. સાધન-ફલ વગેરે સર્વનો વિવેક

(સારમાત્ર)

સર્વાત્માનું અર્પણ કરી આપણા આચાર્યશ્રીએ સેવામાં પૂરો રસ લઈને મુક્તિથી આગળ વધી જે પ્રભુને સુલભ કરી આપ્યા છે, તે श्रीकृष्णः शरणं मम-શ્રીકૃષ્ણ મારો આશ્રય છે. (૧)

શંકા-વારુ, એ ગોપીજનો નિત્ય હોય, પ્રભુની એમની સાથેની ક્રીડા નિત્ય હોય, તો પછી 'શુદ્ધદ્વૈત' થઈ પડ્યું; તો 'શુદ્ધ અદ્વૈત' ક્યાંથી થાય ? (૨)

સમાધાન-એવી શંકા કરવાની જરૂર નથી. શક્તિ અને શક્તિમાન વચ્ચેનો ભેદ બ્રહ્મસૂત્ર, શ્રુતિ તેમજ શ્રીભાગવત સુબોધિની ટીકામાં દૂર કરવામાં આવ્યો છે. (૩) (અહીં 'વાસુદેવોપનિષદ'માં ગોપાંગનાઓ પ્રભુની આધિદૈવિક શક્તિઓ છે એ ઋચાઓ ઉતારવામાં આવી છે અને શ્રીમદ્ ભાગવતના હવાલાથી એ વસ્તુ સ્પષ્ટ કરવામાં આવી છે. (૪-૧૨)

'रसो वै सः-એ પ્રભુ રસરૂપ છે' એ શ્રુતિવાક્યથી ભગવાનની રસાત્મકતા બતાવવામાં આવી છે. 'सर्वकामः सर्वरसः (છાંદોગ્ય. ૧-૧૮) સર્વકામનારૂપ સર્વ રસરૂપ' એ રીતે પ્રભુનું ધર્મલક્ષણ કહેવામાં આવ્યું છે. (૧૩) બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મ-લક્ષણોના આધારરૂપ છે, તેથી જ્ઞાનધન ભગવાનમાં કામના વગેરે ભૂષણરૂપ છે, દૂષણરૂપ નહિ. (૧૪) શક્તિ અને શક્તિમાન વચ્ચે કોઈ ભેદ નથી; એ બેઉનું 'શુદ્ધ અદ્વૈત' છે. પરમ ધામમાંની લીલામાં ઉપયોગી વસ્તુઓમાં પ્રભુનાં ધર્મ-લક્ષણોનો તિરોભાવ નથી. (૧૫) ઈશ્વરતાહીન, હલકી કોટિના, અને જેઓમાં ગુણો તિરોભાવ પામ્યા છે તેવા અનેકોના વિષયમાં 'હું પ્રજનન કરું એવી પ્રભુ ઈચ્છા કરે છે ત્યારે જગતને પ્રગટ કરે છે. (૧૬) ભગવદ્ધર્મોનું તિરોધાન થઈ જવાથી, અહંભાવ દૃઢ થઈ જતાં તરત મળેલા ક્ષણભંગુર દેહમાં સંસારની માયાથી બંધાઈ રહ્યા. (૧૭) સ્ત્રી દેહ ઘર વગેરેમાં

ચોંટેલા જીવોને મૃત્યુએ પરવશ બનાવી દીધા છે ને જન્મ અને મરણના ચક્કરમાં નાખ્યા છે. એ નરક અને સ્વર્ગ પામે છે. આમ જીવો કલેશ પામ્યા ને ફરી ઊભું જ ન થવાય, એમાં પ્રભુને પ્રસન્ન કરનારી એક માત્ર ભક્તિ જ છે. પ્રભુના પુણ્યશાલી ભક્તોને ક્રોધ મત્સરદોષ લોભ કે અશુભ મતિ નથી. પુરુષોત્તમને શરણે ગયેલાને ફરી દુઃખ આવતું નથી. શ્રીભાગવત ગીતા વગેરેમાં પ્રભુ ભક્તિથી જ મળવાનું બતાવવામાં આવ્યું છે. અનેક વાક્યોમાં ભક્તિને જ પરમ પુરુષાર્થ કહી છે. ભક્તિની દઢતા સિદ્ધ કરવા 'શાંડિલ્યભક્તિસૂત્ર' જ્ઞાનને સાધન કહે છે. ગીતા ભાગવત નારદપંચરાત્ર વગેરે અનેક ગ્રંથોમાં પણ ભક્તિને જ પ્રભુને પામવાનું પરમ કારણ કહ્યું છે. તનુજા-વિત્તજા સાધન ભક્તિ છે અને પ્રેમલક્ષણા પરા માનસી ભક્તિ ફલરૂપ છે. (૧૮-૫૭)

પ્રભુની સેવામાં સંપૂર્ણ આત્માથી મચ્યા રહેલાને દેહ વગેરેમાં ભગવદીયપણાની ભાવના થવાથી અહંતા નાશ પામે છે. (૫૮) મમતાનું મૂળ અહંતા છે. અહંતા નાશ પામતાં મમતા આપોઆપ નાશ પામી જાય છે. ભક્તો પ્રભુને શરણે જવાથી એમની અવિદ્યાનો સર્વથા નાશ થઈ જાય છે. એવા જીવને અવિદ્યા કાલ, કર્મ વગેરે કાંઈ બાધ કરી શકતાં નથી. એને ફરી જન્મવાનું નથી. માયાને કારણે અહંતામમતારૂપ સંસાર મિથ્યા છે. સંસારમાં જે ભ્રમ છે તે અંતરાય કરનારો છે ને બ્રહ્મજ્ઞાનની આડે પડદારૂપ છે. ભ્રમ નાશ પામતાં બ્રહ્મજ્ઞાની થવાય છે. આ સર્પ છે એવો ખ્યાલ ન રહ્યો હોય તો દોરડું છે એમ સ્પષ્ટ સમઝાય, અને તો સર્પનો ભય પણ નષ્ટ થાય. જન્મ-મરણ ટળી જતાં અક્ષરધામની પ્રાપ્તિ થાય. અક્ષરાત્મક સ્વરૂપ એનું નામ તે બ્રહ્મપણું (ભાગ. સ્કં. ૧૨-૫ મા અધ્યાયમાં આ સ્પષ્ટ છે.) (૫૯-૬૯) શ્રીમહાપ્રભુજીએ 'સિદ્ધાંતમુક્તાવલી'માં જીવન્મુક્તિનો એ પ્રકાર 'ઉપાધિનાશે' વગેરે દોઢ કારિકામાં સ્પષ્ટ કર્યો છે. આવા શ્રેષ્ઠ પ્રકારના જ્ઞાનથી સમગ્ર જગત

અક્ષરબ્રહ્માત્મક સ્પષ્ટ થઈ જાય, એમાંથી ભગવાન કૃષ્ણવિષયક ઉજ્જવલ સ્ફુરણ થાય. પછી બધુંજ બ્રહ્મરૂપ જોતો ભક્ત ભગવાનની અખંડ લીલાનું દર્શન કરતો બીજા કશાની આકાંક્ષા કરતો નથી. (૭૦-૭૬) આવા ભક્તને મોક્ષ સુધીનાં કોઈ સુખોની પણ પડી નથી. કોઈ એની નિંદા કે સ્તુતિ કરે કે 'એ ગાંડો છે, દંભી છે, મહાત્મા છે,' તો એની એને કોઈ પરવા નથી. (ભાગ. ૧૧-૩-૩૨ વગેરેમાં 'क्वचिद् रुदति' વગેરેમાં આવા ભક્તનું વિશદ વર્ણન મળે છે.) 'कृष्णग्रहगृहीतात्मा न वेद जगदीदृशम्-કૃષ્ણરૂપી ગ્રહે જેના આત્માનું ગ્રહણ કરી લીધું છે તેવા ભક્તને જગતના આ ભૌતિક સ્વરૂપનો કોઈ ખ્યાલ હોતો નથી.'- આનું નામ જ પરાભક્તિ અને એ જ માનસી ભક્તિ. (૭૭-૮૬) આ સિદ્ધ થયા પછી એવા ભક્તને કશું કરવાપણું બાકી રહેતું નથી. શ્રીમહાપ્રભુજીએ 'चेतस्तत्प्रवणं सेवा (સિ. મુ. -ચિત્તને પ્રભુમાં તદ્દન પરોવી દેવું એનું નામ માનસી' એવું સ્પષ્ટ લક્ષણ આપ્યું છે. (૮૭-૯૦) આ પ્રમાણે વિહાર કરતા ભક્તનો પ્રભુની ઈચ્છાથી દેહ પડી જાય તો પ્રભુની પરમ કૃપા હોવાને કારણે એનો દેહ પણ અલૌકિક થઈ જાય છે (૯૧) (અહીં ૯૨-૧૧૮ સુધીમાં ભક્તિની સર્વશ્રેષ્ઠતા અને પ્રભુના અનુગ્રહ માત્રથી જ એની પ્રાપ્તિ વગેરે વસ્તુઓ ગીતા ભાગવત ઉપનિષદો વગેરેમાંનાં વચનોથી સ્પષ્ટ કરવામાં આવી છે.)

પ્રભુને સંતોષ કરવા વગેરે ગુરુ વિના સિદ્ધ થતું નથી તેથી ગુરુમાં હરિના ભાવે હમેશાં એવા આચાર્યની પાસે જઈ રહેવું. (૧૧૯) (અહીં ગુરુની શા માટે મહત્તા છે એ અનેક પ્રમાણોથી સિદ્ધ કરી છે. (૧૨૦-૧૨૮) એવા ગુરુને શરણે જઈ શરણ અને આત્મનિવેદન મંત્રપૂર્વક કરવાં; બીજી રીતે શરણ અને આત્મનિવેદન સિદ્ધ થતાં નથી. (૧૨૯) (અહીં ગુરુ દ્વારા શરણની સાચી સિદ્ધિનો ખ્યાલ આપવામાં આવ્યો છે. (૧૩૦-૧૪૩) ગુરુએ આજ્ઞા કરેલા પ્રકારથી પ્રભુની સદા સેવા કરવી, ભક્તે ગાયેલા કીર્તનોથી કીર્તન કરવાં અને

સત્-શાસ્ત્રોનું શ્રવણ કરવું. (૧૪૪) અધિકાર પ્રમાણે પ્રભુની તે તે લીલાઓની ભાવના કરતો, નિ:સાધન થઈ, પ્રભુમાં આત્માનું સર્વ રીતે નિવેદન કરી પ્રભુને શરણે જઈ રહે. દેહ અને ઘરમાં પણ પ્રભુની જ સતત ભાવના કરી રહે. જે કાંઈ લૌકિક કર્મો કરવાનાં હોય તે પણ તટસ્થતાપૂર્વક નાટકની જેમ કરતો રહે. લાભ અને અલાભને સરખા માને. વિવેક ધૈર્ય અને આશ્રયને સતત સાંચવતો (ભક્તિવર્ધિની, સંન્યાસનિર્ણય, નિરોધલક્ષણ, નવરત્ન વગેરે ગ્રંથોમાં બતાવ્યા પ્રકારે) વૈષ્ણવી આચારથી જીવન ગાળે પ્રભુને બધું સમર્પણ કરી નિવેદી જનોની સાથે રહી આત્મનિવેદનનું સતત સ્મરણ કર્યા કરે. પ્રભુને ન ધરેલ ખોરાક, દુષ્ટની સંગતિ, અન્ય દેવોનો આશ્રય-આ ત્રણ વાતનો સર્વથા ત્યાગ કરવો. (૧૪૫-૧૫૮) મારા ગુરુદેવ ગો. શ્રી વ્રજવલ્લભજીએ આજ્ઞા કરી છે કે - ભગવદ્‌ભાવ અગ્નિના જેવો છે, દુ:સંગ પાણી જેવો છે-સત્સંગના વચલા સાધનથી એનો નાશ થઈ શકે, બીજી રીતે નહિ. શાસ્ત્રોમાં સર્વત્ર સત્સંગને પરમ સાધન કહેવામાં આવ્યો છે. પ્રભુએ આપેલા સામર્થ્યથી તે તે દેવો જીવોની ઈચ્છા પ્રમાણોની વસ્તુઓ આપે છે, પણ ભક્તિ આપવાનું સામર્થ્ય એઓમાં નથી. શિવજી પણ ભોગ આપવા સમર્થ છે, મુક્તિ નહિ. એ તો માત્ર મુકુંદ ભગવાન જ આપે છે. વૈષ્ણવોને ભગવાન કૃષ્ણ જ પોતાનું પરમ દૈવત છે; ભગવાનને વટાવી જાતાં દોષ થાય છે. તૈત્તિરીય સંહિતામાં એ વસ્તુ સ્પષ્ટ કરવામાં આવી છે. (૧૫૯-૧૭૪) અનન્યભાવે જે ભક્ત એ પ્રભુનો આશ્રય કરી રહ્યો છે તેની દીનતા જોઈને પ્રભુ એનો સંસાર છોડાવી નહિ આપે ? અભેદ ભાવે પ્રભુનો આશ્રય કરી રહેલા ભક્તને પ્રભુનું સ્વરૂપ સાક્ષાત્કાર આપી વાતચીત કરે છે, પ્રભુ તો ભક્તને પરાધીન છે; મુરારિદાસ વગેરે શ્રીમહાપ્રભુજીની કૃપાથી આ ફળ પામી શક્યા હતા. આ રહસ્યનો તો જેને અનુભવ હોય તેને જ સાચો ખ્યાલ આવે. આવા ભક્તો ચાર પ્રકારના મોક્ષની મનથી પણ ઈચ્છા કરતા નથી.

જગતમાં સર્વ કાંઈ બ્રહ્મરૂપ અને લીલાવાળા પુરુષોત્તમરૂપ જોનારો અતિ સ્નેહવાળો ભક્ત જોતો છતાં ન જોતો હોય તેવા આચરણવાળો થઈ જાય છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી તનની સેવાથી શરૂ કરી માનસી સેવા સુધીની કોટિ ઘરમાં રહીને પ્રાપ્ત કરે છે; એ વનમાં જઈ તપ કરે તોયે એવી કોટિ મળતી નથી. (૧૭૫-૧૮૩) શ્રીગુંસાઈજીએ 'ભક્તિહેતુનિર્ણય' નામના ગ્રંથમાં ભક્તિમાત્ર પ્રભુના અનુગ્રહથી જ પ્રાપ્ત થવાનું, જીવે કરેલાં બીજાં સાધનોથી નહિ, એમ કહ્યું છે. તનુજા વગેરે પણ પ્રભુના અનુગ્રહથી જ મળે. (૧૮૪) શાંડિલ્યભક્તિસૂત્ર (૨-૪૯) માં પણ પ્રભુના અનુગ્રહને જ મુખ્ય કહેવામાં આવ્યો છે. આનું નામ તે પુષ્ટિમાર્ગ. પોષણ-પુષ્ટિ એટલે પ્રભુનો અનુગ્રહ (ભાગ. ૨). આવા પ્રભુની જો કૃપા થઈ અને ઘરનાં પણ સૌ એવાં મળી ગયાં, તો પછી ઘરનો ત્યાગ કરવાની જરૂર રહેતી નથી. આવી અનુકૂળતા ન હોય તો જ ઘરનો ત્યાગ કરી પોતાના સ્વામીનું ભજન કરે. ઈચ્છા માફક નીકળી જાય. આવા ભક્તો વ્રજભૂમિમાં જઈ મોટે ભાગે રહે છે. અથવા પૃથ્વી વિશે ભ્રમણ કર્યા કરે અને ભગવદીયોનો જ સત્સંગ કરે. લોકની દૃષ્ટિએ પોતાનાં સૂખ દુઃખની વાત પ્રભુ સમક્ષ જાહેર કરે. આમ થવાથી ભગવાન ભક્તને અધીન બની રહે છે ને ભક્ત સ્વતંત્ર થઈ રહે છે. એવા ભક્તો વિશે ભગવાને દુર્વાસાઋષિને અંબરીષના પ્રસંગમાં કહ્યું છે. (ભા. ૯-૪-૬૩ થી ૬૮) મહાનુભાવો આને પરમ જીવન્મુક્તિ કહે છે પરામુક્તિ એ અમૃત છે એનો આકાર અલૌકિક છે. આનંદ અંશનો તિરોભાવ થતાં 'પ્રભુ નિરાકાર છે 'એમ કહેવામાં આવ્યું છે. આનંદનો આવિર્ભાવ થતાં અપ્રાકૃત આકાર થઈ જાય છે, તેથી જ પ્રભુને કોઈ આવરણ નથી કે હાથી ઘોડા જેવો જીવ-પ્રભુ વચ્ચે કોઈ ભેદ નથી. એવા આકારમાં કોઈ ઈયત્તા નથી, તો પછી ઘડપણ વગેરેની તો વાત જ ક્યાં રહી ?' 'અણુભાષ્ય' વગેરેમાં આ સ્પષ્ટ છે, તેથી અહીં આપવામાં આવતું નથી. (૧૮૫-૨૦૧) જીવ

પ્રભુનો અંશ છે; પોતાના અક્ષરધામમાં એ સૈંધવના ટુકડાની જેમ રહે છે. એમાંથી એવા જીવનો ઉદ્ધાર કરી કૃપાના મહાસાગર પ્રભુ એને આ મુજબનો અનુભવ કરાવે છે. (૨૦૨-૨૦૮) જ્યારે આવા જીવને પ્રભુના વિરહના તાપ અને ક્લેશ અસહ્ય થઈ પડે ત્યારે ક્રમે જીવાત્મા અન્નમય વગેરે પાંચ દેહોમાં પ્રવેશ કરે. ત્યારપછી પ્રભુની ઈચ્છાથી આવિર્ભાવ થતાં પ્રભુની ક્રીડાનો લાભ પામે એમ શ્રુતિવાક્ય (તૈ. ઉપ.) કહે છે. એ પ્રભુની સાથે કામનાઓનો ભોગ કરે છે. આનાથી વિશેષ કાંઈ નથી; ત્યાંથી પાછું ફરવાનું નથી કે ગુણોનો ત્યાં ઉદ્ભવ નથી. આ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીની કૃપાથી મળે છે, બીજી રીતે નહિ. શ્રીમહાપ્રભુજી દૈવી જીવોનો ઉદ્ધાર કરનાર, ભગવાનના મુખના આધિદૈવિક અગ્નિના અવતાર છે. 'પ્રભુચરિત્રચિંતામણિ' વગેરે ગ્રંથોમાં આ સ્પષ્ટ છે. વસ્તુસ્થિતિએ આપશ્રી સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે. ગોસ્વામી શ્રીગિરિધરજીના 'શ્રુતિરહસ્ય' અને એના 'પ્રકાશ'માં આ વસ્તુ સ્પષ્ટ કરવામાં આવી છે. (૨૦૯-૨૧૭)

વૈષ્ણવી આચાર-ગુરુ પાસેથી મંત્રનું ગ્રહણ કર્યું કે તરત જ ત્યાંથી તુલસીની માલા ધારણ કરવી. મરણ સમયે પણ એનો ત્યાગ કરવાનો નથી. શંખ ચક્ર વગેરે મુદ્રાઓ શરીરનાં અંગ ઉપર કરવી. ત્રણે વર્ણે જનોઈની જેમ આ ચિહ્નો ધારણ કરવાં. વળી પ્રભુની પ્રસાદીરૂપ કંકુનું ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું (૨૧૮- ૨૬૪) તત્ત્વ. નિબંધને અનુસરીને શ્રીપુરુષોત્તમજી (ભાષ્ય-પ્રકાશકાર) તરફથી ત્રણ જુદા જુદા વાદગ્રંથોમાં આ ત્રણે યથાર્થ રીતે ધારણ કરવાનું સિદ્ધ કરી આપ્યું છે. (અહીં પણ પુરાણોમાંથી સંખ્યાબંધ અવતરણો આપી આ વાત સ્પષ્ટ કરવામાં આવી છે. 'શ્રુતિરહસ્ય' તેમજ 'સત્સિદ્ધાંત માર્તંડ' વગેરેમાં પણ આ આપવામાં આવ્યું છે.) આ પ્રમાણે શ્રૌત સ્માર્ત અને પૌરાણિક શુદ્ધ આચારોથી સદાચાર પાળતા રહી પ્રભુની લીલાઓનો શુદ્ધ આસ્વાદ પ્રભુની

કૃપાએ માણવાનો લાભ મળે કે જે પ્રાર્થના કર્યે પણ બ્રહ્માદિ દેવોને મળવો અત્યંત દુર્લભ રહ્યો છે. (૨૬૫-૨૬૮) આ આસ્વાદ અક્ષરબ્રહ્મનો લાભ ઉઠાવતા કેવળજ્ઞાનીઓને સ્વપ્નમાં પણ નથી. એ જ્ઞાનીઓ તો 'હું બ્રહ્મ છું' એવા ખ્યાલવાળી સ્થિતિને પરમ મોક્ષ માને છે. (૨૬૯) 'अहं ब्रह्म-હું બ્રહ્મ છું' એવું સિદ્ધ થતાં અક્ષરબ્રહ્મતા થશે. આવા જ્ઞાનીઓને અક્ષરબ્રહ્મથી પર રહેલા પુરુષોત્તમનો ખ્યાલ સુધ્ધાં નથી હોતો. (૨૭૦) આ પ્રમાણે આત્મલાભમાં સંતોષ માની રહેલા, ભક્તિ વિનાના સાત્ત્વિક ચિદ્-અંશ જ્ઞાનીઓ જ્ઞાનઘન અક્ષરબ્રહ્મમાં લય પામી જાય છે; સુખમાં મગ્ન થયેલા એ લોકો સૂતેલાઓની જેમ પાછો જન્મ લેતા નથી. ભગવાન મોટે ભાગે મોક્ષ આપે છે; ભક્તિ તો દુર્લભ છે (૨૭૨) ભગવાનનું સાયુજ્ય થતાં કાઠે રહેલાની જેમ ભક્તને રસપાન થાય છે. પ્રભુવિષયક જ્ઞાન ધરાવનારને આવું રસપાન નથી. બેશક, આ બેઉ પ્રકારમાં તાપની શાંતિ એ માત્ર સરખી સ્થિતિ છે. (૨૭૩)

આ પ્રમાણે શ્રીવલ્લભાચાર્ય-મહાપ્રભુજીરૂપ સુંદર સૂર્યે વિકસાવેલા સિદ્ધાંતરૂપી કમળનો તમે રસાર્થી દૈવીજીવોરૂપ ભ્રમરો આશ્રય કરી રહો. (૨૭૪)

સામાન્ય બુદ્ધિવાળાઓની સમઝ માટે આ મેં દિશા માત્ર બતાવી છે; વિસ્તાર તો આ પૂર્વેના જૂના ગ્રંથોમાંથી જોઈ લેવો. (૨૭૫) એ ગ્રંથોની પ્રસાદીમાંથી શુદ્ધ બુદ્ધિએ મેં પણ કાંઈ લીધું છે અને '**શુદ્ધાદ્વૈતચંદ્રોદય**' વગેરે ગ્રંથોની રચના કરી છે, તેના ઉપર દષ્ટિ આપવાની કૃપા કરજો. (૨૭૬) પહેલા પ્રકરણમાં ટૂંકમાં જે કાંઈ કહેવામાં આવ્યું હતું તે બાકીનાં ચૌદ પ્રકરણોમાં વિસ્તારથી ઉજ્જવળ રીતે વિચારવામાં આવ્યું છે. (૨૭૭-૨૭૯)

ભક્તિરૂપ અમૃતના મહાસાગરને વૃદ્ધિ કરવાના કાર્યમાં જેઓ સંપૂર્ણ ચંદ્ર-રૂપ બની રહ્યા, દુષ્ટવાદોથી ઉત્કટ થયેલા હાથીરૂપ વાદીઓના દંભને દળી નાખવામાં જેઓ સિંહરૂપ બની રહ્યા, ચરણકમળનો આશ્રય કરી રહેલા બધા જ

વિદ્વાનોના મસ્તક ઉપર જેઓ માલા-રૂપ થઈ રહ્યા, તે પરમકૃપાળુ શ્રી વિટ્ઠલનાથ-ગુસાંઈજી પ્રભુચરણની સુંદર પ્રસરેલી વાણી વિજયી બની રહે છે. (૨૮૦)

જેને ગુરુદેવ **ગો. શ્રી. વ્રજવલ્લભજી મહારાજની** કૃપાદષ્ટિએ બચપણમાં સ્પર્શ કર્યો, અને પિતા **શ્રી. ઘનશ્યામ ભટ્ટ** દ્વારા નિપુણતાથી બધાં શાસ્ત્રોના વિદ્યાભ્યાસનો લાભ મળ્યો, વળી જે શ્રોતાઓની ઘણી વસ્તુઓ તુરતાતુરત વર્ણી બતાવે છે તે, અનેક કાવ્યો અને નિબંધોનો રચનાર **કવિ ગોવર્ધન** થયો. (૨૮૧) **પંચનદ-કુળમાં** જન્મેલા, અંધ છતાં પણ સત્પુરુષોની કૃપારૂપ એક માત્ર નેત્રવાળા એણે આ **પંચદશીની** સં. ૧૯૨૧ ના વિક્રમ-વર્ષમાં રચના કરી. (૨૮૨)

ગોવર્ધન (ગટ્ટુલાલ) ના વાણીરૂપ અમૃતના સાગરમાંથી પ્રગટેલ, સદિચ્છાને આપનાર, હૃદયના અંધકારને નિવારનાર, વળી ગુરુ **ઘનશ્યામ** નાં વચનોરૂપી સરાણથી ઉજ્જવલતા પ્રાપ્ત કરનાર, અને કરુણાપરાયણ વિદ્વાનોએ જેને હૃદયમાં ધારણ કરેલ છે, તે આ **વેદાન્તચિન્તામણિ** યાવચ્ચંદ્રદિવાકર વિજયી બની રહો. (૨૮૩)